# શ્રુતસાગર




જય શત્રુંજય



પૂજ્યશ્રીના પ્રાણપ્રિય શ્રી આદીશ્વર ભગવાન

॥६०॥ नमो अरिहंताणं । श्री अरिहंत प्रति माहरु नमस्का
र हउ । नमो सिद्धाणं । श्री सिद्ध प्रति माहरु नमस्कार हउ । नमो
आयरियाणं । श्री आचार्य प्रति माहरु नमस्कार हउ । न
मो उवज्झायाणं । श्री उपाध्याय प्रति माहरु नमस्कार हउ ।
नमो लोए सव्व साहूणं । ए इह लोक मनुष्य क्षेत्र माहि
। पनरह कर्मभूमि माहि सर्व साधु प्रति । माहरु नम
स्कार हउ । एसो पंच नमोक्कारो । एह पंच परमेष्ठि
प्रति । नमस्कार । हिवकीधउ हउ । किसिउ करइ
। सव्व पावप्पणासणो । सर्व पाप नउ फेडणहार । मंगला
णं च सव्वेसिं । सर्व मंगलीक माहि मंगलीक । पढमं हवइ
मंगलं । प्रथम मंगलीक हुइ कारणउ ॥ १ ॥ इच्छामि खमा
समणो । इच्छामि कहीइ वांछउं । हे क्षमाश्रमण । श्रमण क
हीइ ऋषीश्वर । वंदीउं कहीइ वांदउं । जावणिज्जाए ।



कहीइ शरीर नी सक्ति करी नइ । निसहीआए कहतां पाप व्यापार निषेध करी नइ । मत्थएण वंदामि
। कहीइ मस्तकि करी नइ वांदउं ॥ २ ॥ इच्छकारि सुहराई कहीइ । हे भगवन सुहराई कहीइ सु
खइ राति । सुहदेवसि कहीइ सुखइ दिवस । सुखतप । कहीइ । हे भगवन तुम्हनइ सुख तप वरतइ । शरीर निराबाध ।
कहीइ तुम्हारा शरीर नइ वर्तइ निराबाधपणुं छइ । सुखसंयमयात्रा निर्वहउ छउ । हे भगवन
तम्हे सुखि संयमयात्रा निर्वहउ छउ ॥ ३ ॥ पंचिंदियसंवरणो । पांचइंद्री ना संवरनार । पांच
इंद्री ते कहइ । श्रोत्रइंद्री १ घ्राणइंद्री २ चक्षुइंद्री ३ जिह्वाइंद्री ४ शरीरइंद्री ५ । ए पांचि
इंद्री ना संवरनार वश करइ । तह नवविह बंभचेर गुत्तिधरो । नवविध ब्रह्मचर्य नी गुप्तिक
हीइ वाडि तेहना धरणहार वडइ । नव वाड ब्रह्मचर्य तणी कहीइ । निसही कहीइ तेह । नसंदे
ह । कहीइ संदेह नहीं । एकइं आसणइ स्त्री सु रूप । शीलवतीइं । बिसवउं नहीं । कुमंतर कही
इ । कांइ नइ आंतरइ । सीत नइ आंतरइ । रहिवउं नहीं । पुव्वकीलिय हि कहीइ पूरवली की
डा संभारवी नहीं । कूणइ बिसणइ । पकवान वइसि तेणइ वइसणइ स्त्री वइसि नहीं । ए ६ वमि आ
हार लिइसमाणइ कहीइ सरस सुगंध सदा लाआ हार लेवा नहीं । आहार वस्त्र घणां लेवां नहीं
य सु कहीइ । घोडउं वृषभ नइ नेडु नलि रहिवउं नहीं । जिम सूर्य देखी नइ । दृष्टि मंडरीइ । ति

# શ્રુતસાગર

પૂજ્ય જંબૂવિજય મહારાજની જિંદગીની સુવર્ણ ક્ષણો

B.514
BHUSHAN SHAH
(M.E.(I.T.)M.Phil)
MISSION JAINATVA JAGARAN
C/504, Jambu Vraksh, Shree Hari Arjun Society,
Chanakyapuri Over Bridge,
Ghatlodia, AHMEDABAD. (Guj.) Pin 380061.
(M) 9601529519, 9429810625
E-mail : shahbhushan99@gmail.com

સંપાદક-સંકલક :
વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. આચાર્ય
શ્રીવિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્ય
પૂ. પંન્યાસ શ્રી અક્ષયબોધિવિજયજી ગણિવરના શિષ્ય
પંન્યાસ મહાબોધિવિજય



પ્રકાશક :
શ્રીજિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ

આવૃત્તિ : પ્રથમ

નકલ : ૩૫૦૦

કિંમત : ૧૦૦/-

## પ્રાપ્તિસ્થાન


- હસમુખભાઇ પારેખ
  ૫૧, બોધિવિહાર, ગોખલે રોડ (નોર્થ), દાદર (વેસ્ટ),
  મુંબઈ-૪૦૦ ૦૨૮. મો. ૯૩૨૨૨૪૨૭૮૭

- બાબુભાઇ જે. શાહ
  ૩૦૪, સ્વાગત કોમ્પલેક્ષ, સ્નેહ મિલન ગાર્ડન સામે,
  મહેતાપાર્ક સામે, કદમપલ્લી, સુરત-૨ મો. ૯૪૨૭૧૪૮૩૮૦

- વિજયભાઇ પી. શાહ
  ૧૮, ભાવેશનગર સોસાયટી, સૌજન્ય પાર્કની બાજુમાં,
  અરૂણાચલ રોડ, સુભાનપુરા, વડોદરા-૨૩. મો. ૮૧૨૮૭૪૨૦૭૩

- અશોકભાઇ બી. મહેતા
  ૫૦૨, આદીશ્વર ટાવર, તેરાપંથ ભવનની સામે,
  શાહીબાગ, અમદાવાદ-૩૮૦૦૦૪. મો. ૯૯૨૫૧૨૭૦૪૪

મુદ્રક : કિરીટ ગ્રાફીક્સ - અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૫૩૩૦૦૯૫, મો. ૯૮૯૮૪૯૦૦૯૧

# સંપાદકીય





## શો-રુમ મેં ઇતના તો ગોડાઉન મેં કિતના ?

-પંન્યાસ મહાબોધિવિજયજી

મને એવું લાગે છે કે પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાથે મારે ગતજન્મનું કોઇ ઋણાનુબંધ હોવું જોઇએ. કારણકે એમને જોયા ન હતા ત્યારે પણ એમનાથી હું પ્રભાવિત હતો, અને એમનો પરિચય થયા પછી હું એમના ગુણવૈભવથી લિટરલી અંજાઇ ગયેલો. મારા 'મા-બાપને ભૂલશો નહિ'ના પ્રવચનમાં હું અચૂક એમની માતૃભક્તિ-પિતૃભક્તિને આજે પણ યાદ કરું છું.

કોઇ લેખ લખવાનું આમંત્રણ આવે ત્યારે જલ્દીથી મારી કલમ ચાલતી નથી. લેખ મોકલવાની ડેડ લાઇન નજદીક આવે ત્યારે માંડ લખવાનું શરૂ થાય પણ ખબર નહિ, પૂજ્યશ્રીની બાબતમાં કાંઇક જુદું જ થયું. પૂજ્યશ્રીના સ્વર્ગવાસના સમાચાર મળતા જ મેં કલમ ઉઠાવી. મારા સ્મૃતિબોક્ષમાં જેટલા સંભારણના ડાયમન્ડસ્ છૂટા છવાયેલા વેરાયેલા હતા, તે સહુને પત્રાત્મક લેખના હારમાં ગોઠવીને જડી દીધા.

સહુ પ્રથમ આ લેખ સંઘરત્ન કુમારપાળભાઇ વી. શાહને વાંચવા મોકલ્યો. તેઓનો સામેથી મેસેજ આવ્યો : આ લેખ ક્યાંય છાપવા મોકલ્યો છે ? મેં ના કહેતા તેમણે કહ્યું : હવે ક્યાંય મોકલશો પણ નહિ. આ લેખ આપણે જિનાજ્ઞા માસિકમાં લઇ લેશું. લેખ છપાયો. મહાત્માઓ અને શ્રાવકો તરફથી સારો રિસ્પોંસ પણ મળ્યો.

એ પછી ગત વર્ષે (વિ.સં. ૨૦૬૮) સૂરતના ચાતુર્માસમાં પૂજ્ય આ.શ્રી મુનિચન્દ્રસૂરિજી સંપાદિત ઔપપાતિક સૂત્ર સટીક મારા હાથમાં આવ્યું. એમાં મુનિશ્રી પુંડરિકરત્નવિજયજી લિખિત પૂજ્યશ્રીનું જીવનચરિત્ર વાંચ્યું. અનેક નવા પ્રસંગો વાંચવા મળ્યા. મને થયું, આવું સરસ ચરિત્ર શાસ્ત્રગ્રંથમાં છપાય તો તે શાસ્ત્રનો સ્વાધ્યાય કરનારા જ વાંચશે. જ્યારે આ ચરિત્ર તો જૈન સંઘના બચ્ચે બચ્ચાએ વાંચવા જેવું છે. સમસ્ત વિશ્વમાં જે મહાપુરુષના વ્યક્તિત્વને પ્રસિદ્ધ કરવાનું હોય... એમનું જીવન કમસે કમ જૈન સંઘ તો જાણતો થાય. એ માટે એને કોઇ શાસ્ત્રગ્રંથમાં કેદ ન રાખતા સ્વતંત્ર પુસ્તક રૂપે પ્રકાશિત કરવું જોઇએ.

આ કાર્ય કદાચ મારા માટે જ બાકી લાગે છે. મેં મારા મંદક્ષયોપશમાનુસાર પૂજ્યશ્રીના લેખોનું કલેકશન શરૂ કર્યું. પૂજ્યશ્રીની વિવિધ પ્રતિકૃતિઓ (ફોટો) મેળવી આપવામાં સહાય બન્યા સુશ્રાવક રાજુભાઇ (આદરિયાણાવાળા), જ્યારે એની સરસ સાજ-સજ્જા કરી પુસ્તકરૂપે પ્રકાશિત કરવામાં કમર કસી શ્રેણિકભાઇએ.

આ પ્રકાશન ખૂબ જ ઝડપી તૈયાર થયું છે. એટલે સહજ છે... પૂજ્યશ્રીના જીવનના અનેક પ્રસંગો આમાં નથી સમાવાયા. બાકી આવા એક નહિ, દશ ભાગો પણ ઓછા પડે એવા વિરાટ વ્યક્તિત્વના તેઓ સ્વામી હતા.

જૈન સંઘમાં પૂજ્યશ્રીની પ્રસિદ્ધિ વિદ્વાન, સંશોધક, દાર્શનિક તરીકેની વધુ છે આ પુસ્તક વાંચનથી ખ્યાલ આવશે...પૂજ્યશ્રીમાં સરળતા, નમ્રતા, નિખાલસતા, પ્રભુભક્તિ, ગુરુસેવા, શિષ્યવાત્સલ્ય, સાધર્મિકભક્તિ, જીવદયા, ઔચિત્યપાલન જેવા અનેક ગુણો પણ ટોચકક્ષાના હતા. એ અપેક્ષાએ આ પુસ્તકનું નામ તો 'ગુણ સાગર' જ રાખવું પડે... તેમ છતાં શ્રુતજ્ઞાન પ્રત્યેની તીવ્રભક્તિથી એમના જીવનમાં ઉપર બતાવેલા અનેક ગુણોનો વૈભવ વિસ્તર્યો, માટે આ પુસ્તકનું નામ શ્રુતસાગર રાખેલ છે.

એક વાત ફરીથી રિપિટ કરું છું... આ પુસ્તકથી પૂજ્યશ્રીના જીવનને સંપૂર્ણ ન્યાય આપી શકાય જ નહિ, તે હું જાણું છું. તેમ છતાં સાડાત્રણ વર્ષનો ગાળો થવા છતાં પૂજ્યશ્રીના જીવનવૈભવને બહાર પાડતું કોઇ પ્રકાશન નહિ દેખાતા મારી ધીરજ ન રહી. હવે વધુ વિલંબ થાય તે પાલવે તેમ ન હતું. એથી અનેક વિદ્વદ્વર્ય ગુરુભગવંતો પૂજ્યશ્રી ઉપર પ્રકાશ પાથરી શકે તેમ હોવા છતાં 'જે મળ્યું તે સોનાનું' એ ન્યાયે જેટલા લેખો મળ્યા તેનું સંકલન કરીને આ પુસ્તક જૈન સંઘની સમક્ષ રજુ કર્યું છે. ભવિષ્યમાં પૂજ્યશ્રીના જીવનવૈભવને પ્રકાશિત કરતું સર્વતોમુખી પ્રકાશન બહાર પડે એવી શાસનદેવને પ્રાર્થના.

અત્યારે એટલું જ કહીશ...

**યહ તો સિર્ફ ઝાંખી હૈ, બડા પ્રકાશન અભી બાકી હૈ ।**

અને વાચકો પણ આ પુસ્તક વાંચ્યા પછી એટલું જરૂર બોલી ઉઠશે :

**શો-રુમ મેં ઇતના તો ગોડાઉન મેં કિતના ?**

# પ્રકાશકીય...

## પૂજ્યશ્રી જંબૂવિજયજી મહારાજને એક અનોખી શ્રદ્ધાંજલી

પૂજ્યશ્રી જંબૂવિજયજી મહારાજના કાળધર્મ પછી પૂ. ગચ્છાધિપતિશ્રી જયઘોષસૂરિ મહારાજની પાવનનિશ્રામાં ભિવંડી મુકામે ગુણાનુવાદ સભાનું આયોજન થયું. એમાં અનેક ગુરુભગવંતોના પ્રવચનો થયા.

પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસશ્રી મહાબોધિવિજયજી મહારાજે પોતાના પ્રવચન દરમિયાન વિહારમાં થતા ગુરુભગવંતોના અકસ્માતોમાં આપણો સંઘ પણ કેટલાક અંશે જવાબદાર છે એ અંગે ઘણી વાતો કરી. જેમાં એક વાત બહુ માર્મિક હતી.

પૂજ્યશ્રીએ કહ્યું : અમે ૨૫ સાધુ એક મોટા આચાર્ય ભગવંતની સાથે મુંબઇના એસ. વી. રોડ પર વિહાર કરતાં હોઇએ... એ જ વખતે સામેથી સ્થાનકવાસી સંપ્રદાયના બે સાધુ કે મહાસતી જો આવશે... તો ત્યારે અમારું મસ્તક શરમથી નીચે નમી જશે. કારણ કે એ બે નાના સાધુ કે સાધ્વી હશે તોય એમની સાથે વિહારમાં એકાદો શ્રાવક કે શ્રાવિકા હશે... જ્યારે અમારી સાથે મોટા આચાર્ય હોવા છતાં સમ ખાવા પૂરતો એક શ્રાવક પણ નથી હોતો.

પ્રવચન પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રી પાસે એક યુવાન આવ્યો. એણે કહ્યું : અમારું નવ જેટલા યુવાનોનું ગ્રુપ છે. આજનું પ્રવચન સાંભળીને અમે નક્કી કર્યું છે કે.... ભિવંડીથી જે પણ ગુરુભગવંતો વિહાર કરે તેમને એક સ્ટેશન સુધી વળાવવા જશું.

પૂજ્યશ્રીએ એને કહ્યું : નિર્ણય કરતા પહેલા વિચારી લેજો. જેથી ભવિષ્યમાં પાછા પડવાનું ન થાય. એ યુવાન એના સંકલ્પમાં મજબૂત હતો. બીજા જ દિવસથી એણે આ સેવા ચાલુ કરી દીધી. નવ યુવાનોના ગૃપથી શરૂ થયેલી આ સેવામાં પછી તો "લોગ ચલતે રહે, કારવાં બનતા ગયા"ના ન્યાયે અનેક યુવાનો જોડાઇ ગયા. છેલ્લા સાડા ત્રણ વર્ષથી સતત ચાલતી આ સેવા આજે પણ અખડંપણે ચાલે છે. એટલું જ નહિ, આ યુવાનોની નિઃસ્વાર્થ વિહાર સેવાના આલંબને મુંબઇમાં મુલુન્ડ, બોરીવલી, મહારાષ્ટ્રમાં નંદુરબાર, ગુજરાતમાં વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ નડીયાદ જેવા મોટા શહેરો અને અનેક નાના ગામોમાં પૂજ્યશ્રીની પ્રેરણાથી વિહાર સેવા ગૃપના સેંટરો ખુલી ગયા છે. ૨૫ જેટલા સેંટરોમાં ૨૦૦૦થી વધુ યુવાનો વિહાર કરતા પૂજ્યશ્રીની સેવામાં જોડાઇ ગયા છે. જે અતિ આનંદની અને અનુમોદનાની વાત છે.

અંતમાં પૂજ્યશ્રીનો શ્રદ્ધાંજલી ગ્રંથ ભલે આજ સુધી બહાર નથી પડ્યો, પણ પૂજ્યશ્રીને શ્રદ્ધાંજલી આપવાના બહાને ગોઠવાયેલ ગુણાનુવાદ સભાના નિમિત્તે ઠેરઠેર વિહાર સેવા ગૃપો ખુલી ગયા એ કદાચ પૂજ્યશ્રીને અપાયેલ સહુથી મોટી શ્રદ્ધાંજલી છે, વળી પ્રેક્ટીકલ શ્રદ્ધાંજલી છે. એમાં કોઇ બેમત નથી.

લી.
જિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ

## સુકૃત સહયોગી

# ચંપકલાલ હીરાચંદ શાહ પરિવાર - અમદાવાદ



પૂજ્ય માતુશ્રી
ગજરાબેન ચંપકલાલ શાહ



તપસ્વીરત્ના
કિંજલબેન ધનેશકુમાર શાહ

પૂજ્ય માતુશ્રી **ગજરાબેન**ના ઋણસ્વીકાર સ્વરૂપે તથા
ભિષ્મ તપસ્વિની **કિંજલબેન**ના
૭૦ ઉપવાસ ( ગિરિરાજની ૧૦૮ યાત્રા ), ૧૦૮ ઉપવાસ તથા
૧૮૦ ઉપવાસની સ્મૃતિ નિમિત્તે

**ધનેશકુમાર ચંપકલાલ શાહ**
**વર્ષાબેન ધનેશકુમાર શાહ**
**સાકેત ધનેશકુમાર શાહ**
**જૈના સાકેતકુમાર શાહ**

**નયનકુમાર ચંપકલાલ શાહ**
**પ્રિતીબેન નયનકુમાર શાહ**
**હર્ષ - મિત**

સુકૃત સહયોગી



શ્રી વ્રજલાલ શેઠ



શ્રીમતી કંચનબેન શેઠ

પૂજ્ય ગુરુદેવની સ્મૃતિ નિમિત્તે તથા
પૂજ્ય માતા-પિતાની યાદમાં
શ્રીમતી કંચનબેન વ્રજલાલ
તલકશીભાઇ શેઠ પરિવાર
આદરિયાણાવાળા
હાલ-સુરત

રાજેશભાઇ વ્રજલાલ શેઠ
પારૂલબેન રાજેશભાઇ શેઠ
ઝલક, રીમા

યોગેશભાઇ વ્રજલાલ શેઠ
જાગૃતિબેન યોગેશભાઇ શેઠ
ભક્તિ, તીર્થ



INDEX

# અનુક્રમ.......


| | | |
|---|---|---|
| ૧ | પરમસ્પર્શની ક્ષણો<br>પૂ.આ.શ્રી યશોવિજયસૂરિ મ. | |
| ૨ | શ્રી જમ્બૂવિજયજી મહારાજને સ્મરણાંજલિ<br>પૂ.આ.શ્રી વિજયશીલચન્દ્રસૂરિ મ. | ૮ |
| ૩ | શ્રુતધર પરમ્પરાના ઉજ્જવલ નક્ષત્ર.....<br>પૂ. ઉપાધ્યાયશ્રી ભુવનચન્દ્રજી મ. | ૧૦ |
| ૪ | પ્રસંગ પંચામૃત<br>પૂ. આ.શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ | ૧૧ |
| ૫ | એક પત્ર : પૂ. જંબૂવિજયજી મહારાજના નામ પર<br>પૂ. પં.શ્રી મહાબોધિવિજયજી ગણિવર્ય | ૧૪ |
| ૬ | દેવભક્ત,ગુરુભક્ત,વચનસિદ્ધ પૂજ્યશ્રી !!<br>રાજુભાઈ વી. શેઠ | ૨૭ |
| ૭ | આવા હતા મારા દાદા મહારાજ<br>પારૂલ રાજેશકુમાર શેઠ | ૩૦ |
| ૮ | પ.પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ ! ફરી મળીશું, આવજો !<br>ડો. શરદ ઠાકર | ૩૨ |
| ૯ | અકસ્માતનો અહેવાલ.....<br>હિરોકો માત્સુઓકા | ૪૨ |
| ૧૦ | પ.પૂ.મુનિશ્રી જંબૂવિજયજી મ.સા.નું જીવનચરિત્ર<br>પૂ. મુનિશ્રી પુંડરિકરત્નવિ. મ. | ૫૩ |
| ૧૧ | પૂ. જંબૂવિજયજી મહારાજે કરેલું વિલ | ૭૮ |



# શ્રુતસાગર



# પરમ સ્પર્શની ક્ષણો

-પૂ.આ.શ્રી યશોવિજયસૂરિ મ.

પૂજ્યપાદશ્રીજી સંસારી સંબંધે મારા કાકા થાય. હું જાઉં ત્યારે પ્રેમથી ભેટી પડતાં કહેતા : મારો ભત્રીજો આવ્યો. ક્યારેક રમૂજમાં કહેતા : ભત્રીજો... ભય ત્રીજો ! એમના એ સંબોધનમાં એવું તો વાત્સલ્ય વીંટળાયેલું રહેતું કે દૃષ્ટિ શબ્દાર્થ પર નહિ, વાત્સલ્યાર્થ પર જ રહેતી !

પૂજ્યશ્રીજી સાથેનાં ઘણાં બધાં સંસ્મરણો યાદ આવે છે : વાત્સલ્યથી લથબથ એ સંસ્મરણો થોડાંક વર્ષોનો છેદ ઉડાડી પૂજ્યશ્રીજીના સાનિધ્યમાં મને મૂકી દે છે.

એક વાર થોડાંક એવાં સામયિકો વાંચેલા, જેમાં પ્રભુની વીતરાગ દશાની ચર્ચા કરી લેખકોએ જૈનો વીતરાગ પ્રભુને સોના, હીરાના મુકુટો ધરાવે છે એ વાતનો ઉલ્લેખ કરેલો.

તે વખતના મારા અપરિપક્વ મન પર એ લેખોની છાપ પડી. એ અરસામાં જ શંખેશ્વર મહાતીર્થે આવવાનું થયું. સાંજના પ્રભુનાં દર્શને જવાનું થયું. આંગી અને મુકુટ જોયા. ખરેખર, પ્રભુની એ પ્રભુતા હતી, પણ એને જોવાની દૃષ્ટિ મારી પાસે ક્યાં હતી ?

દર્શન કર્યા પછી પૂજ્યશ્રીજીને વન્દનાર્થે સિદ્ધિભુવનમાં ગયો. વન્દના કરીને મેં કહ્યું : પ્રભુને આ મુકુટ શા માટે ? એમની વીતરાગ દશા જોડે આ કઈ રીતે બંધ બેસતું થઈ શકે ?

તેમણે હસતાં હસતાં કહ્યું : ગાંડા ભાઈ ! એ તો ઠાકુર છે, ઠાકુર ! એના માથે મુકુટ ન હોય તો તારા માથે હોય ?

વાત્સલ્યપૂર્ણ એ શબ્દો ખૂબ ગમેલા.

અત્યારના લયમાં કહી શકું કે એ હતો શબ્દશક્તિપાત. જેણે પ્રભુના ઐશ્વર્યને જોવાની દૃષ્ટિ મને આપેલી. પૂ. આનંદઘનજી મહારાજ યાદ આવે : 'પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરે, પેખે પરમ નિધાન, હૃદય નયન નીહાળે જગ ધણી, મહિમા મેરુ સમાન...'

એ પછી તો, પૂ. દેવચન્દ્રજી મહારાજે ખોલી આપેલ દિવ્ય નયન વડે પ્રભુના આન્તરિક ઐશ્વર્યનું પણ દર્શન થયું. પ્રભુના સમાધિ રસને જોતાં સ્તબ્ધ, અવાક્ બનાયેલું. સ્તબ્ધતા તૂટેલી આ શબ્દોમાં : 'દીઠો સુવિધિ જિણંદ સમાધિ રસે ભર્યો...'

શંખેશ્વર તીર્થના સિદ્ધિભુવનમાં પૂજ્યશ્રીજી બિરાજમાન. હું વન્દનાર્થે ગયેલ. તેમનાં શૈશવની, યુવાવસ્થાની અને ખાસ તો તેમને મળેલ પરમસ્પર્શની ક્ષણોને જાણવાની ઈન્તેજારી મારા મુખ પર ડોકાતી હતી, તેઓશ્રીએ તે જોયું. અને, તેમણે પોતાની મહારાષ્ટ્રયાત્રાની એક ઘટનાની વાત કરી.

એક મરાઠી પ્રોફેસર એક શહેરમાં તેમને મળવા આવેલ. તેઓ પૂજ્યશ્રીજીની દાર્શનિક કૃતિઓના સંપાદન વડે પ્રભાવિત હતા.

વાતમાં ને વાતમાં પૂજ્યશ્રીજીએ ઈશ્વર-કર્તૃત્વનું ખંડન કર્યું. પ્રોફેસર ઈશ્વર પર પૂર્ણ શ્રદ્ધાવાળા વિદ્વાન. એમણે કહ્યું : મહારાજશ્રી, ઈશ્વર ન તો ખંડનનો વિષય છે, ન મંડનનો. ઈશ્વર તો માત્ર અનુભૂતિનો વિષય છે.

પ્રોફેસરે પોતાની વાતને સમર્થિત કરતાં આગળ કહ્યું : આપણા જેવા નાના માણસો ઈશ્વરનું ખંડન કરે તો તેનું શું ઓછું થવાનું ને આપણે ઈશ્વરના અસ્તિત્વનું સમર્થન કરીએ તો ઈશ્વરને શું મળી જવાનું ? મહારાજશ્રી, ઈશ્વર માત્ર ને માત્ર અનુભૂતિનો વિષય છે.

પરમાત્મતત્ત્વ પરની પૂજ્યશ્રીજીની અતૂટ શ્રદ્ધાનાં બીજને - જન્મોથી પડેલ બીજને આ ઘટનાએ જાણે કે અંકુરિત કર્યું.

આ ઘટનાને વર્ણવ્યા પછી પૂજ્યશ્રીજીએ કહેલું : યશોવિજય ! મેં ઈશ્વરને અનુભવેલ છે !

'આવા અદ્દ્ભુત વિધાનને આટલી સહજતાથી ઉચ્ચારનાર એ ભક્તપુરુષને હું જોઈ જ રહ્યો.

જગતના કર્તા તરીકે પ્રભુ નથી, પણ પ્રભુ સાધના જગતના કર્તા છે જ' આવો રણકો મેં તેમના વિધાનમાં અનુભવ્યો.

પૂજ્ય આનન્દઘનજી મહારાજે પ્રથમ સ્તવનમાં લીલાનું ખંડન કર્યું. ચોથા સ્તવનમાં કૃપાનું મંડન કર્યું. લીલા વિરુદ્ધ કૃપાની આ મઝાની વાત પૂજ્યશ્રીજીના ચહેરા પર ઊગેલી મેં જોઈ'તી.

આવી વિરલ ઘટનાઓના સાક્ષી બનવાનું કેવું તો સુખદ રહેતું હોય છે !

•••

એક મઝેદાર પ્રસંદ યાદ આવે છે. જેમાં મેં પૂજ્યશ્રીજીના પુણ્યપ્રકોપને જોયેલો.

સિદ્ધિભુવનમાં પૂજ્યશ્રીજી બિરાજમાન. હું બાજુમાં બેઠેલો. એક સાધક ત્યાં આવ્યા. એમણે પોતાની સાધનાની પ્રશંસા પોતાના મુખે જ ચાલુ કરી દીધી. તપશ્ચર્યાની વાતમાં પોતાને ચાલતા

આયંબિલની વિગતો આપતાં તેમણે કહ્યું કે તેઓ આટલા ગ્રામ લોટની રોટલી-મીઠા વગરની લે છે. સાથે દાળ આદિ કાંઈ જ નહિ.

પોતાની સાધનાનું, અહંકારના લયમાં, પોતાના દ્વારા થતું વર્ણન પૂજ્યશ્રીજીને ગમ્યું નહિ. પણ તેઓ મહાપુરુષ હતા. સૌજન્યપૂર્ણ રીતે પેલા ભાઈની વાત તેઓ સાંભળતા રહ્યા.

તેમના ગયા પછી મને કહે : આ કેવી પોતાની શેખી વધારતો'તો ! અલ્યા ભાઈ, તું તો લોટની રોટલી કરીને ખાય છે, કબૂતર ને ચકલાં તો સીધું અનાજ ચણી લે છે. તો તારા કરતાં એમની સાધના ઊંચી થઈને !

હું તેઓશ્રીના આ પુણ્યપ્રકોપને જોઈ રહ્યો. આ પણ વિરલ ઘટના જ હતી ને !

મને પ્રેમથી સમજાવતાં તેઓશ્રીએ એ સમયે કહેલું : યશોવિજય ! સાધનામાં મોટું ભયસ્થાન આ છે : પોતાની સાધનાનું પોતે કરેલ ઓવર એસ્ટિમેસન. સાધકે પોતાની સાધનાને અન્ડર એસ્ટિમેટ કરવી જોઈએ.

તેઓશ્રીએ એક ઉદાહરણ આપ્યું : માસક્ષમણમાં ત્રીસમાં દિવસે પહોંચેલ સાધક મુનિની એ ભાવના હોવી જોઈએ કે સ્વાધ્યાયી મહાત્માની ગોચરી પોતે વહોરી લાવે. તેમને પોતાની માસક્ષમણની સાધના, બાહ્ય તપ રૂપે, નાની લાગે





અને સ્વાધ્યાયી મહાત્માનું એકાસણું મોટું લાગે. સ્વાધ્યાય રૂપી અભ્યન્તર તપના એ સાધક છે ને !

બીજી એક વાત તેઓશ્રીએ કહેલી : પ્રભુની કૃપાથી જ જ્યારે સાધના થાય છે ત્યારે આપણી સાધનાનું કર્તૃત્વ આપણી પાસે હોતું જ નથી. અને તેથી આપણી સાધનાનો અહંકાર આપણને ક્યાંથી આવે ? સાધના કરતા જઈએ અને પ્રભુની કૃપાના સ્પર્શથી ભીના થતા જઈએ.

સાધનાના પ્રભુકર્તૃત્વની સમજના ઊંડા મૂળ પૂજ્યશ્રીજીએ મારા મનમાં આરોપ્યા.

•••

તેમની અગાધ વિદ્વત્તા સાથે તેઓશ્રીની આ પ્રભુપરાયણતા ભળતી અને એક મધુર આયામ પ્રગટતી. તેઓશ્રીની દેખીતી વ્યસ્તતાને સામે છેડે તેઓશ્રીની સહજ સ્થિતિ : ત્યાં પણ કેટલું માધુર્ય પ્રગટતું ! 'મધુરાધિપતેરખિલં મધુરમ્'

અજોડ દાર્શનિક વિદ્વાન તરીકે તેમને જોયા પછી શ્રેષ્ઠ ભક્ત પુરુષ તરીકે તેમને જોવા એ આપણું પરમ સૌભાગ્ય હતું.

મને ઘણીવાર, તેઓશ્રીને જોયા પછી, શંકરાચાર્ય યાદ આવતા, એમના એક પ્રસિદ્ધ સૂત્રને કારણે : तर्क अप्रतिष्ठितः । ભક્તિના માર્ગમાં, સાધનાના માર્ગમાં તર્ક નકામી ચીજ છે.

મઝાનું તારણ આપણી પરંપરાનો અભ્યાસ કરતા મળે કે શ્રેષ્ઠ તાર્કિકો શ્રેષ્ઠ ભક્ત બન્યા છે.

તાર્કિકતાનું પર્યવસાન ભક્તિમાં થવાનું જ. જ્યારે તર્ક વામણો લાગે, ત્યારે એ બાજુમાં મૂકાઈ જાય, ભક્તિ સ્વીકારાઈ જાય

પૂજ્ય સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજ, પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજ, મહોપાધ્યાય યશોવિજય મહારાજ. નામોની શૃંખલા મોટી છે. અને એ જ માળાના એક મણકા રૂપે પૂજ્યશ્રીજી.

•••

એક વાર અમે સિરોહી (રાજસ્થાન) ચાતુર્માસ હતા. પૂજ્યશ્રીજી માંડલમાં ચાતુર્માસાર્થે બિરાજમાન હતા. શ્રાવણ મહિને એક પત્ર પૂજ્યશ્રીજીને લખેલ, કોક શાસ્ત્રીય માર્ગદર્શન માટે. તેઓશ્રીનો વળતો જવાબ પણ તરત આવ્યો. તેમાં શાસ્ત્રીય માર્ગદર્શનની વાત હતી. એ સિવાય કંઈ ન હતું.

એ વખતે તેઓશ્રીની નિશ્રામાં એ સ્થળે ૧૦૦ જેટલા આરાધકો માસક્ષમણ કરી રહ્યા હતા. પણ તેનો અછડતો ઉલ્લેખ પણ નહોતો. (અમને પાછળથી ખબર પડેલી). એ સમૂહ માસક્ષમણ પછી જે પત્રિકા છપાઈ તેમાં પણ 'પરમકારક પ્રભુ શ્રી પાર્શ્વનાથ ભગવાન આદિની પાવન નિશ્રામાં થયેલ માસક્ષમણ નિમિત્તે જિન ભક્તિ મહોત્સવ...' એવું છપાયેલું.

બહુ જ અનુમોદના એ વખતે થયેલી પૂજ્યશ્રીજીના નિરીહતા ગુણની.

એ નિરીહ મહર્ષિનાં ચરણોમાં વન્દના.

### પૂજ્યશ્રીના જીવંત ગુણો

- **કરૂણા :** એકદા કુતરું મરી ગયું તો પ્રાયશ્ચિત રૂપે બધા જ મુનિવરોને ઉપવાસ કરાવ્યો.
- **નમ્રતા :** નાનામાં નાનાં સાધ્વીજીને પણ તાવ આવ્યો હોય તો તેમની ખબર પૂછવા સામે ચાલીને જતા, જેથી અઠીક હોવાથી તેમને વંદન કરવા બીજા ઉપાશ્રય સુધી જવું ન પડે.
- **સરળતા :** કોઈપણ નાની વ્યક્તિને પણ સામેથી બોલાવી, આરાધના વિગેરે પૃચ્છા આદિ કરી, મુંઝવણમાં હોય તો અનુકૂળતા મુજબ શ્રેષ્ઠીઓ પાસેથી સહાય અપાવે.
- **ઉદારતા :** હજારો સાધર્મિકોને સંકડામણમાંથી ઉગારવા અને ધર્મમાર્ગે પ્રેરવા સદૈવ તત્પર રહેતા. કોઈનું દાન કરવાનું મન હોય, તેઓને આવા સાધર્મિકોના સરનામાં હાથમાં પકડાવી દેતા.



## શ્રી જમ્બૂવિજયજી મહારાજને સ્મરણાંજલિ

-પૂ.આ.શ્રી શીલચન્દ્રસૂરિ મ.

શ્રીજમ્બૂવિજયજી મહારાજ સંશોધન ક્ષેત્રનું એક મોટું નામ. શાસ્ત્રો, વિદ્યાઓ અને ભાષાઓના જગતનું એક મહાન નામ.

૨૦મી-૨૧મી સદીમાં, જૈન સંઘમાં, જે થોડીક વિરલ અને વિલક્ષણ પ્રતિભાઓ પેદા થઈ છે, તેમાં શ્રીજમ્બૂવિજયજીનું નામ પ્રથમ પંક્તિમાં મૂકી શકાય, તેવી અદ્ભુત તેઓની મેધા, પ્રજ્ઞા અને પ્રતિભા હતી.

જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમની વિચિત્ર ઉચ્ચ કક્ષા, આપણા યુગમાં, જે ગણીગાંઠી વ્યક્તિઓને સિદ્ધ હતી, તેમાં પણ જમ્બૂવિજયજી મહારાજનું નામ નિઃશંકપણે મૂકી શકાય.

સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી આટલી ભાષાઓ તો તેમને સહજસાધ્ય હતી જ. પણ તે ઉપરાંત બીજી દશેક ભાષાઓ તેઓ શીખેલા, જેમાં ટિબેટન (ભોટ) ભાષા અને ફ્રેન્ચ ભાષાનો ખાસ સમાવેશ થાય છે. ફ્રેન્ચ ભાષા તો તેઓ ૭૫-૭૬ વર્ષની ઉંમરે શીખવા બેઠેલા !

પ્રભુભક્તિ એ તેમનો અનન્ય અને અસાધારણ ગુણ હતો. તેમની ભક્તિ જોઈને ભલભલાનાં અરમાન ઊતરી જતાં. ઘણીવાર તો લાગતું કે આવડા મોટા જ્ઞાની ને પ્રભુ તથા ગુરુ સમક્ષ આમ તદ્દન નાના બાળક સમા ?

તો તપશ્ચર્યા પણ તેમની અજોડ હતી. સમ્પાદનનાં, જ્ઞાનનાં કાર્યોમાં દિવસભર એવા તો ડૂબ્યા રહેતા કે ઘણા ઘણા દિવસો આહાર-પાણી વિના જ ચોવિહાર ઉપવાસ કરીને વીતી જતા ! ને તોય તેમને ખ્યાલ ન આવતો કે આજે આહારાદિ નથી કર્યા ! એક જ લગની : પોથી ઉકેલો, પાઠ શોધો, અને નવાનવા પદાર્થો મેળવો.


આવી પ્રતિભા જવલ્લે જોવા મળે, એમ કહી શકાય. ખરેખર તો એમ કહેવું વધુ વાજબી લાગે છે કે અમારા જેવા ૫ કે ૧૦ સંશોધકો ભેગા થાય તો પણ એક જમ્બૂવિજયજીની તોલે ન આવે ! બીજી રીતે એમ પણ કહી શકાય કે જગદ્‌ગુરુ શંકરાચાર્યની ગાદી પર આરૂઢ થનાર માણસ પાસે જેવી સજ્જતા હોય છે, તેવી વિદ્યાકીય સજ્જતા તેમનામાં જોવા મળી છે.

આવી પ્રતિભા અચાનક આકસ્મિક રીતે આથમી ગઈ, તે જૈન સંઘને કે જૈન મુનિસંઘને માટે જ નહિ, પણ સમગ્ર ભારતવર્ષને, ભારતના વિદ્યાજગતને માટે મોટી ખોટ ગણાય તેમ છે. સંશોધનનું ક્ષેત્ર લગભગ શૂન્ય બન્યું છે - તેમની વિદાયથી. વિદેશોના વિદ્વાનોને તથા વિદ્યાર્થીઓને ઇન્ડોલોજી તેમજ જૈનોલોજીનું યથાર્થ જ્ઞાન આપી શકે તેવી આ એકમાત્ર વ્યક્તિ હતી; તેમના જતાં તે દિશા હવે બંધ થશે તેવી દહેશત જાગે છે.

## બે મહપુરુષોનું મિલન

પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ વાપી સુધીના જિનલાયોની ચૈત્યપરિપાટી કરી પાછા ફર્યા....ત્યારે વડોદરા પાસે આંકલાવ ગામમાં પધાર્યા. પૂજ્યશ્રીના પ્રથમશિષ્ય પૂ.મુનિશ્રી દેવભદ્રવિજય મહારાજ આ ગામના હતા. પૂજ્યશ્રીની પધરામણીના સમાચાર મળતા પૂ.પં.શ્રી ચંદ્રશેખરવિજયજી મહારાજ આણંદથી પૂજ્યશ્રીને વંદનાર્થે આંકલાવ પધાર્યા. નાના ગામમાં બે મોટા ગુરુભગવંતોની બે દિવસની સ્થિરતા થઈ. કલાકો સુધી બંને વચ્ચે ગોષ્ઠી થઈ. એક દિવસ પ્રવચનમાં પૂજ્ય પંન્યાસજી ભગવંતે કહ્યું : તમારા ગામમાં કેવી મહાન હસ્તી પધારી છે એની તમને ખબર નથી.

આજે પણ આંકલાવવાસીઓ આ ઘટનાને ભૂલ્યા નથી.



## શ્રુતધર પરમ્પરાના ઉજ્જવલ નક્ષત્ર : પૂજ્ય શ્રીજમ્બૂવિજયજી મહારાજ

-પૂ. ઉપાધ્યાયશ્રી ભુવનચંદ્ર મ.સા.

પૂજ્યશ્રીજમ્બૂવિજયજી મહારાજ શ્રુતધર પરમ્પરાના એક ઉજ્જવલ નક્ષત્ર હતા. ૮૭ વર્ષની પરિપક્વવયે પણ તેઓશ્રી કલાકો સુધી હસ્તપ્રતોનું વાંચન કરતા. મહિને મહિને અઠ્ઠમનો તપ કરતા. જૈન વિદ્યાના અભ્યાસી દેશી-વિદેશી વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા. વિહાર, જીવદયાની પ્રવૃત્તિ, શિષ્યોનું અધ્યાપન, કલાકો સુધી જાપ, વિવિધ ભાષાઓનો નિરન્તર નૂતન અભ્યાસ, જ્ઞાન-ભંડારોનો ઉદ્ધાર, કમ્પ્યૂટરીકરણ - આવી વિવિધ કામગીરી અપ્રમત્તભાવે અન્તિમ ક્ષણ સુધી કરનારા પૂજ્ય શ્રુતસ્થવિર મુનિપ્રવર એક અનાડી માણસની ભૂલનો ભોગ બની અદશ્ય થયા. એક કર્મઠ, તપસ્વી, શ્રુતસ્થવિર પ્રતિભા સંઘ પાસેથી ક્ષણવારમાં છીનવાઈ ગઈ. વિધિની વક્રતાનું જાણે પ્રત્યક્ષ નિદર્શન !

પૂજ્યશ્રીના મુખે સાંભળ્યું હતું : હવે તો બોનસનાં વર્ષો છે. થાય એટલું કરી લેવું છે. અને અક્ષરશઃ એ જ રીતે છેલ્લાં થોડાં વર્ષો તેઓશ્રીએ ગાળ્યાં. પૂજ્ય મહારાજ સાહેબ પુરુષાર્થસભર, જ્ઞાનસાધનસભર, પરોપકારસભર જીવન જીવી સ્વનામધન્ય બની ગયા છે. દુર્ઘટના અસહ્ય છે, કિન્તુ તેઓશ્રીને આથી કોઈ હાનિ નથી થઈ, સંઘને થઇ છે. એમનાં અધૂરાં રહેલાં અને વાટ જોઈ રહેલાં અનેક કાર્યો હવે કોણ કરશે એ પ્રશ્ન છે.

પૂજ્ય શ્રુતસ્થવિર શ્રમણશ્રેષ્ઠના જીવન અને કાર્યમાંથી પ્રેરણા લઈ શ્રમણસંઘનો એક ટકો શ્રમણવર્ગ પણ સંશોધનનિષ્ઠા કેળવે અને આ દીર્ઘ પરિશ્રમસાધ્ય ક્ષેત્રને પોતાના સમય-શક્તિ અર્પણ કરવાનું પસંદ કરે તો જ શ્રુતધરોની પરમ્પરા પ્રવર્તમાન રહી શકે. ઈચ્છીએ કે આવું કંઈક બને.



# પ્રસંગ પંચામૃત

-પૂ. આ.શ્રી મુનિચન્દ્રસૂરિ મહારાજ

(૧)

પૂજ્યશ્રી જંબૂવિજયજી મહારાજ વર્ષો સુધી શંખેશ્વર અને શંખેશ્વરની આજુ-બાજુના ગામોમાં વિચર્યા. ચાતુર્માસો કર્યા. પૂજ્યશ્રીના હૃદયમાં શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન પ્રત્યે અપાર શ્રદ્ધા - અપાર ભક્તિ હતી. ઘણીવાર વિચાર આવે, આનું કારણ શું ? પૂજ્યશ્રીના જીવનમાં ડોકિયું કરતું આનો જવાબ જડી આવે છે.

પૂજ્યશ્રી પરમ ગુરુભક્ત હતા. તેમના પિતાશ્રી પૂ. મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ એ જ એમના ગુરુદેવ હતા. વર્ષો સુધી તેઓ એમની છાયામાં - એમની આજ્ઞામાં રહ્યા. ગુરુઆજ્ઞા એ જ એમનો જીવનમંત્ર હતો.

શંખેશ્વરતીર્થમાં પૂ. ભુવનવિજયજી મહારાજની અંતિમ ક્ષણો નજીક આવી. ગુરુદેવના વિયોગે પૂ. જંબૂવિજયજી મહારાજ અત્યંત વિહ્વળ બની ગયા. એમણે એમના ગુરુદેવને પૂછ્યું : ગુરુદેવ ! મારું હવે કોણ ? આ પ્રશ્ન પાછળ એમનો આશય એ હતો... હવે મારું યોગ-ક્ષેમ કોણ કરશે ? એ વખતે પૂજ્યશ્રી ભુવનવિજયજી મહારાજે શંખેશ્વર પાર્શ્વનાથદાદાની ધજા તરફ ઈશારો કર્યો. એ દિવસથી પૂ. જંબૂવિજયજી મહારાજે શંખેશ્વરદાદાને પોતાનું જીવનસર્વસ્વ માની લીધું. પૂ. પિતાજી મહારાજના કાળધર્મ બાદ જ્યારે પણ તેઓશ્રી શંખેશ્વર પધારતા ત્યારે એ જ રૂમમાં તેઓ ઉતરતા જ્યાં એમના ગુરુદેવે અંતિમશ્વાસ લીધા હતા.

(૨)

પૂજ્યશ્રી મહાન વિદ્વાન હતા તેમજ ઉંચા ગજાના શંસોધક હતા એ તો જગપ્રસિદ્ધ છે. પણ નાનામાં નાના કે નવા નવા સંશોધનમાં જોડાયેલા કોઈપણ સમુદાયના સાધુઓને તમામ પ્રકારની સહાય કરવા સદા તત્પર રહેતા.

પંન્યાસશ્રી જિનેશચન્દ્રવિજયજીને પૂજ્યશ્રીએ હસ્તપ્રસ્તના કેટલાક પત્રો પ્રતિલિપિ કરવા આપેલા. એ વખતે પૂજ્યશ્રી પાલીતાણા હતા. પ્રતિલિપિ થયા પછી આગળનું માર્ગદર્શન મેળવવા તેઓ પૂજ્યશ્રીના ઉતારે પહોંચ્યા. પૂજ્યશ્રી ગિરિરાજની યાત્રા કરી જસ્ટ આવ્યા હતા. હજી પાણી પણ વાપરવાનું બાકી હતું. પંન્યાસજીએ કહ્યું સાહેબજી ! હું પછી આવીશ. ત્યારે પૂજ્યશ્રીએ કહ્યું : ના, ના... તમે ફરી ધક્કો ખાવ તે બરાબર નથી.

પચ્ચક્ખાણ પારી, પાણી વાપરી પૂજ્યશ્રીએ પોતાના શિષ્યોને કહ્યું આજે મારી ગોચરી ન લાવશો. અને પ્રતિલિપિ કરેલા પત્રો તપાસવાનું ચાલુ કરી દીધું. થોડીક ક્ષણોમાં જ એમની સૂક્ષ્મદૃષ્ટિમાં કેટલીક ભૂલો ચડી. એમણે તરત જ એ ભૂલો સુધારી અને વ્યાકરણના કયા સૂત્રથી આ પાઠમાં સંશોધન કર્યું છે તે પણ જણાવ્યું. એ વખતે પૂ.આ.શ્રી સોમચન્દ્રસૂરિ મહારાજ પણ ત્યાં ઉપસ્થિત હતા. પૂજ્યશ્રીની સૂક્ષ્મબુદ્ધિથી બંને જણા આશ્ચર્ય અને અહોભાવની લાગણીથી પૂજ્યશ્રીને વંદી રહ્યા.

(૩)

એકવાર પંડિત જીતુભાઈ પૂજ્યશ્રી પાસે આવ્યા. એમણે કહ્યું : અમે વિદ્વાનોના નામે અભિનંદન ગ્રંથ બહાર પાડીએ છીએ. આ વખતે આપશ્રીના નામનો અભિનંદન ગ્રંથ અમારે બહાર પાડવો છે. ગ્રંથની રૂપરેખા આપતા પંડિતજીએ કહ્યું કે- આમાં આપનું જીવનચરિત્ર, આપના વિષેના વિદ્વાનોના લેખ, અન્ય વિષયક લેખો, આપના લેખો તેમજ અન્ય ફોટોગ્રાફ્સ વગેરે આવશે.

આ સાંભળતા જ પૂજ્યશ્રીએ કહ્યું : મારો ફોટો કે મારું જીવનચરિત્ર બિલકુલ છાપવાનું નથી કે મારા વિષેના લેખો પણ છાપવાના નથી. માત્ર તત્ત્વજ્ઞાના લેખો છાપવા હોય તો જ મારી સમ્મતિ છે. અન્યથા મારી બિલકુલ સમ્મતિ નથી.

પંડિતજી આ મહાપુરુષને - નિસ્પૃહી મહાત્માને અપલક નયને નીરખી રહ્યા. પૂજ્યશ્રીની ઈચ્છાનુસાર પૂજ્યશ્રીના ફોટા કે જીવનચરિત્ર વિનાજ જંબૂજ્યોતિ નામનો અભિવાદન ગ્રંથ બહાર પાડ્યો. આ પ્રસંગમાં આપશ્રીને પૂજ્યશ્રીના સાચા અંતર્મુખ સાધકના દર્શન થાય છે.

(૪)

વિ.સં. ૨૦૬૧માં પૂજ્યશ્રી ખંભાત ચાતુર્માસ કરી દક્ષિણ ગુજરાત પધાર્યા. ગુજરાતના પ્રાચીન-અર્વાચીન અનેક જિનાલયોના દર્શન કરતા પૂજ્યશ્રી ઝઘડીયાજી તીર્થમાં પધાર્યા. પંદર કિલોમિટરનો ઉગ્રવિહાર કરી ઝઘડીયા આવેલ પૂજ્યશ્રીને વંદનાર્થે ડોક્ટર સી.કે. વોરા આવેલા.

ડોક્ટરે પૂજ્યશ્રીના આહાર વિષે પૂછપરછ કરી ત્યારે તેઓ પૂજ્યશ્રીના આહારની માત્રા જાણી ચકિત થઈ ગયા. કારણ કે ડોક્ટરી વિજ્ઞાન પ્રમાણે આટલો પરિશ્રમ (વિહાર-સ્વાધ્યાયાદિ) કરનારને ૩૦૦૦ કેલરીની જરૂર પડે, જ્યારે પૂજ્યશ્રીનો આહાર માત્ર ૫૦૦ થી ૬૦૦ કેલરીનો હતો.

ડોક્ટર સી.કે. વોરાએ કહ્યું : આટલા ઓછા આહારમાં આવી ઉત્કૃષ્ટ સાધના માટે માનવું જ પડે કે બાકીની કેલરી એમને એમના દ્વારા પ્રાપ્ત થતી હશે !


(૫)


પૂજ્યશ્રીની જ્ઞાનપીપાસા જગબની હતી. ૮૭ વર્ષની વયે પણ નવું નવું જાણવાની તીવ્ર જિજ્ઞાસા રહેતી.

પાટણના જ્ઞાનભંડારનું સ્કેનિંગ કાર્ય જ્યારે (વિ.સં. ૨૦૬૫) ચાલી રહ્યું હતું... ત્યારે ભારે વ્યસ્તતા વચ્ચે પણ પૂજ્યશ્રી જર્મનભાષાનું અધ્યયન કરતા. અમદાવાદથી દર અઠવાડિયે યાસિકભાઈ (?) ખાસ જર્મનભાષા ભણાવવા પાટણ આવતા. દુભાષીયા તરીકે એક કલાકના ૨૫૦૦૦ રૂપિયા જેવો ચાર્જ લેનાર આ અધ્યાપક પૂજ્યશ્રીની આ વયે પણ ભણવાની લગનીથી એટલા પ્રભાવિત હતા કે એમણે પૂજ્યશ્રીને કહ્યું : મારે કશો ચાર્જ ન જોઈએ. મારે તો આપના આશીર્વાદ બસ છે.

આ અધ્યાપકે પોતાના ઘરમાં ૧૮ જાતના પશુઓ પાળેલા. પૂજ્યશ્રી એ પશુ-પંખીઓની તબીયત, ખોરાક વગેરે બાબતો અંગે પણ ઝીણવટભરી પૂછપરછ કરતા.







નાકોડા આસો સુદ ૧૨

પં. મહાબોધિવિજયજી મ.

યોગશાસ્ત્ર ભા ૧, ૨, ૩ મોકલાવી છે

પહોંચ જરૂર જરૂર લખશો અત્યારે થોડા ન

[illegible]

કેટલા મોકલું? વિનાસંકોચ જણાવશો

લિ. જંબૂવિજયની વંદના

C/o. નાકોડા જૈન તીર્થ

પો. મેવાનગર (વાયા- બાલોતરા)

(જિ. બાડમેર) રાજસ્થાન.

પિન- ૩૪૪૦૨૫

# એક પત્ર :
# પૂજ્ય જંબૂવિજયજી મહારાજના નામ પર

-પૂ. પંન્યાસશ્રી મહાબોધિવિજયજી ગણિવર્ય

**દર્શન પ્રભાવક, શ્રુત સ્થવિર, પરમ પૂજ્ય શ્રી જંબૂવિજયજી મહારાજના ચરણોમાં સવિનય વંદન.**

થોડા દિવસ પૂર્વે નાકોડાથી આપે લખેલ એક પત્ર અને આપશ્રીએ પુનઃ સંપાદિત કરેલ યોગશાસ્ત્ર-સ્વોપજ્ઞ ટીકાના ત્રણ ભાગો પ્રાપ્ત થયેલ.

અત્યંત વ્યસ્તતાની વચ્ચે પણ સામે ચડીને આપશ્રીએ યાદ કરીને પત્ર લખ્યો-ગ્રન્થો મોકલાવ્યા...અમારા માટે તો સાચ્ચે જ ગ્રીષ્મઋતુમાં મેઘવર્ષા જેવો એ અવસર હતો.

આપે એ પત્રમાં લખેલું...'પહોંચ જરૂર જરૂર લખશો.' અમે એ પત્રનો જવાબ આપ્યો. સામે આપનો બીજો પત્ર આવ્યો...'હું ટૂંક સમયમાં યોગશાસ્ત્રના પાંચ સેટ મોકલાવું છું.' 'કા.સુ. ૧૧ની આસપાસ આ પત્ર અમારા હાથમાં આવ્યો. અમે એ પાંચ સેટની રાહ જોતા હતા... પણ અફસોસ ! એ પાંચ સેટ અમને મળે એ પહેલા તો આપે જ આ ધરતી તલ પરથી વિદાય લઈ લીધી.

હવે કોની રાહ જોઈએ ? યોગશાસ્ત્રની કે આપની ? યોગશાસ્ત્રની તો જોઈએ તેટલી Copy જ્ઞાનભંડારમાંથી જોઈએ ત્યારે મળી રહેશે. પણ આપ ? હવે અમને ક્યાં મળશો ? આપના દર્શન ક્યાં થશે? આપની ગેરહાજરીમાં શું બીજા જંબૂવિજયજી મહારાજ જિનશાસનને પ્રાપ્ત થશે ખરા ?

પૂજ્યશ્રી ! આપનો પ્રથમ પરિચય આજથી લગભગ ૨૭-૨૮ વર્ષ પૂર્વે થયો ત્યારે અમારા ચારિત્રજીવનનું પાંચમું કે છઠ્ઠું વર્ષ ચાલતું હતું. અમે ખંભાતમાં હતા. અમારો અધ્યયનકાળ ચાલતો હતો. બસ એ વખતે આપનો આંશિક પરિચય થયો. એ પણ પ્રત્યક્ષ નહિ, પરોક્ષ. પ્રાચીન હસ્તપ્રત અને તાડપત્રના આધારે શાસ્ત્રોના સંશોધન-સંપાદન ક્ષેત્રે આપ અધિકૃત મહાપુરુષ છો, એ રીતે આપનો પ્રાથમિક પરિચય કરાવનાર હતા; પંડિત ચંદ્રકાંતભાઈ સંઘવી. (રાધનપુરવાળા)

જ્યારે જ્યારે એમને મળવાનું થાય ત્યારે આપશ્રીએ સંશોધન દરમિયાન કોઈ નવો પાઠ શોધ્યો હોય તો તેની જાણકારી આપે. ક્યારેક યોગશાસ્ત્રનો હોય તો ક્યારેક પંચસૂત્રનો.[૧] ક્યારેક વીતરાગ સ્તોત્રનો હોય તો ક્યારેક જીવવિચારનો.[૨] ક્યારેક પ્રચલિત સ્તવનની કડીની અશુદ્ધિનો શુદ્ધ પાઠ હોય તો ક્યારેક સ્તુતિનો. આ બધા ગ્રંથો મૂળથી કંઠસ્થ હતા એટલે અમને પણ આવી જાણકારી ગમતી. અમારા સ્વાધ્યાયમાં એને સુધારી લેતા.

પછી તો જ્યારે જ્યારે પંડિતજી મળે ત્યારે આપનો વિહાર, આપના દ્વારા સંશોધિત અને સંપાદિત થતા આગમ ગ્રંથો તેમજ પૂ.આ.શ્રી હરિભદ્ર સૂ.મ. રચિત ગ્રંથોની નામાવલી, આપે શોધેલ નવા શુદ્ધપાઠો વગેરે જાણવાની ઇંતેજારી રહેતી. તેઓ પણ કંટાળ્યા વગર આપની વાતો કરતા. આપશ્રી એક શુદ્ધપાઠને મેળવવા કેટકેટલી જહેમત ઉઠાવો છો, શાસ્ત્રોના સંશોધન માટે કેટકેટલી હસ્તપ્રતો અને પ્રાચીન તાડપત્રોનું બારીકાઈથી નિરીક્ષણ કરો છો, એ સિવાય આપશ્રી આપના સ્વર્ગસ્થ પિતાજી મહારાજની યાદમાં દરમહિને અટ્ઠમતપની આરાધના કરો છો, આપના પ્રથમશિષ્યની યાદમાં દરમહિને ઉપવાસની તપસ્યા કરો છો, મહાનગરની માયા છોડી સાવ નાના નાના ગામડાઓમાં ચાતુર્માસ કરો છો, ત્યાં પણ માસક્ષમણ જેવી ભીષ્મતપસ્યા મોટી સંખ્યામાં કરાવો છો....આવું બધું તેઓ કહેતા જાય અને આપના પ્રત્યેનો અમારો આદર વધતો જાય.

પરોક્ષ પરિચય પ્રત્યક્ષ પરિચયમાં નિમિત્ત બને છે. એ ન્યાયે આપની સાથે પરિચય વધારવા એ સમયે આપને એક પત્ર લખવાનું વિચાર્યું. કારણ કે રૂબરૂ મિલન તો તે વખતે શક્ય ન'તું લાગતું. એ

(૧) एगंत सरणा ને બદલે एगंतसरण्णा (પ્રથમસૂત્ર), (૨) रुंदाओने બદલે रुद्दाओ (ગાથા-૫૧)

વખતે અમારા ગુરુદેવશ્રી દ્વારા આપણા શાસ્ત્રોને હેન્ડમેઈડ પેપર પર વર્ષો સુધી ટકે એવી શાહીથી લખાવવાનું કાર્ય ચાલતું હતું. આ મુદ્દાને લઈને અમે તો એક લાં...બો લેટર આપને લખી દીધો. જેમાં ટકાઉ કાગળ કે તાડપત્રો ક્યાંથી મળે, શાહી કેવી રીતે બનાવવી, કયા ગ્રંથો પહેલા લખાવવા જોઈએ... વગેરે વગેરે પ્રશ્નો પૂછાવેલા. પણ એ વખતે એવો ખ્યાલ નહિ કે આપનો મુખ્યવિષય હસ્તપ્રત લેખનનો નહિ, હસ્તપ્રતના આધારે શાસ્ત્ર સંશોધનનો છે. અમે તો અમારી બાળક બુદ્ધિથી જેવું આવડ્યું એવું ઘસડી નાખ્યું. સાથે ઊંડે ઊંડે સંદેહ તો હતો જ કે આપણા પત્રનો જવાબ આપણને નહિ મળે. પણ મળે ય ક્યાંથી ? આટલા મોટા ગજાના વિદ્વાન મહાત્મા આપણા જેવા નાનાઓને જવાબ ક્યાંથી આપે ? આમ બધાયને જવાબ આપતા રહે તો પછી પોતાનું કાર્ય ક્યારે કરે ? અને બન્યું ય એવું જ. અમારા પત્રનો જવાબ આપે ન આપ્યો.

તે છતાંય મજાની વાત તો એ છે કે આપના પ્રત્યેના આદરભાવમાં લેશમાત્ર ઓટ ન આવી. ઉલટું, પછી તો આપના લેખોનું વાંચન, આપશ્રીએ સંશોધિત - સંપાદિત કરેલા ગ્રંથો તેમજ તેની પ્રસ્તાવનાના વાંચન દ્વારા જાણે આપને જ મળતા હોઈએ, આપની સાથે વાત કરતા હોઈએ એવો આનંદ આવતો ગયો.

આમ ને આમ વર્ષો વીતી ગયા. આપના દર્શન ન થયા તે ન જ થયા. અમારું વિચરણ મોટે ભાગે મુંબઈ બાજુ અને આપનું વિચરણ ગુજરાત - શંખેશ્વર અને શંખેશ્વરની આસપાસના ગામડાઓ બાજુ. શે મિલન થાય ?

પણ એક ધન્ય દિવસ - ધન્ય પળ આવી ગઈ. વિ.સં. ૨૦૪૯નું અમારું ચાતુર્માસ અમદાવાદ વાસણામાં થયું. ચાતુર્માસ બાદ વાસણાથી શંખેશ્વરતીર્થનો છ'રી પાળતો સંઘ નીકળ્યો. સંઘમાં સમાચાર મળ્યા, આપશ્રીની સ્થિરતા પણ શંખેશ્વરમાં છે. અમારા આનંદનો પાર ન રહ્યો. એક સાથે બબ્બે તીર્થના દર્શન થવાની કલ્પનાથી જ રોમરાજી વિકસિત થઈ ગઈ. સંઘ શંખેશ્વર પહોંચ્યો. બંને તીર્થોના દર્શન કર્યા. શંખેશ્વર દાદાના નજીકથી અને આપના દૂરથી. છ ફૂટની કાયા, મધ્યમ બાંધાનું શરીર, ઘઉં વર્ણો દેહ, ૬૭ વર્ષનું વય, લીસ્સા ગાલ, બાળક જેવું નિર્દોષ હાસ્ય, વજ્રાસનમાં બેઠક, અપ્રમત્તપણે ચાલતું સંશોધન, વચ્ચે વચ્ચે આશ્રિતો કે શ્રાવકો સાથે મંદ મંદ સ્વરે ચાલતો વાર્તાલાપ... આપની ઓળખ માટેની આટલી નિશાનીઓ પૂરતી હતી. હું મનોમન દૂરથી આપને વંદી રહ્યો.


મારે આપની નજીક તો આવવું હતું, પણ એ માટે તગડું નિમિત્ત જોઈતું હતું. અને એ મારી પાસે

હતું પણ ખરું. એ વખતે પૂ.આ.શ્રી અજિતદેવસૂરિ રચિત મોહોન્મૂલન વાદસ્થાનક ગ્રંથનું સંશોધન કરતો હતો. એની સામગ્રી પૂ.આ.શ્રી જયસુંદરસૂરિ મહારાજે મને આપેલી. ગ્રંથ નાનો હતો. અદ્યાવધિ અપ્રકાશિત હતો, અનેક પ્રાપ્ય, અપ્રાપ્ય તેમજ પ્રગટ-અપ્રગટ ગ્રંથોના સંદર્ભોથી ભરપૂર ગ્રંથ હતો. હું દરેક રેફરન્સોના મૂળસ્થાન શોધવાનો પ્રયત્ન કરતો હતો. કેટલાકના મળ્યા, કેટલાકના મળ્યા. એ સિવાય એકાદ શ્લોકનો અર્થ પણ બેસતો ન હતો. હું આવી બધી શંકાઓ લઈને આપના ચરણોમાં ઉપસ્થિત થયો.

મનમાં ડાઉટ હતો, આપ અમને કોઠું આપશો કે નહિ ? આપ બહુ માન તો નહિ માગોને ? 'હમણાં મારી પાસે સમય નથી. હું ઘણા કામો લઈને બેઠો છું, પછી બોલાવીશ.' આમ કહીને અમને તગેડી તો નહિ દો ને ?

પણ ધાર્યા કરતા સાવ જ ઉલટું થયું. આપને મેં જેવો ગ્રન્થ બતાવ્યો તો આપ પોતે જ એ ગ્રંથ વાંચવા બેસી ગયા. આપ ગ્રન્થ જોતા હતા, અમે આપને જોતા હતા. આપને એમાં રસ પડ્યો છે એ જોઈ અમે તક ઝડપી લીધી. એક પછી એક શંકાઓ પૂછતા ગયા, કેટલાક રેફરન્સોના મૂળસ્થાન શોધવા છતાં મળતા ન હતા, એટલે અમે નિરાશ થઈ ગયેલા. એક વખત તો આ ગ્રંથને પડતો મૂકવાનો ય વિચાર કરેલો. આટલો નાનો ગ્રંથ પણ કેટલા મહિનાઓનો સમય લઈ





ગયો... એ ગણતરીથીસ્તો. અમે જ્યારે અમારી નિરાશા આપની પાસે રજૂ કરી. ત્યારે આપે કેવું સરસ માર્ગદર્શન આપેલું ? અરે આપે આપના અનુભવોનો ખજાનો જ અમારી સામે રમતો મૂકી દીધો હતો.

આપે કહેલું, કોઈ ગ્રન્થનો રેફરન્સ ન મળે તો શોધ ચલાવવાની. નિરાશ નહિ થવાનું.... એમ કહીને આપે આગળ ચલાવ્યું.... 'અમે જ્યારે દ્વાદશાર નયચક્રનું સંશોધન કરતા હતા ત્યારે એમાં એક રેફરન્સ શ્લોક આવ્યો. એનું મૂળ સ્થાન કોઈ બૌદ્ધ ગ્રંથમાં હતું. એ ગ્રન્થ સંસ્કૃત/પાલી ભાષાને બદલે તિબેટીયન-ભોટભાષામાં અનુવાદિત થઈ ગયેલ. એનું મૂળસ્થાન અમારે શોધવું જ હતું. એટલે અમે ભોટભાષા શીખ્યા. એ શીખ્યા પછી એ ગ્રંથ મંગાવ્યો. એક પછી એક શ્લોક વાંચતા ગયા. ૨૦૦૦ થી ૨૨૦૦ શ્લોક વાંચવા છતાં અમને જે શ્લોક જોઈતો હતો તે ન મળ્યો. તે છતાં હિંમત હાર્યા વગર અમે આગળ વધતા ગયા. અંતે ૨૫૦૦ શ્લોક લગભગ વંચાયા... ત્યારે અમને જે શ્લોક જોઇતો હતો તે મળી ગયો. એ વખતે અમારા આનંદનો કોઈ પાર ન રહ્યો.'

આપની આ અનુભવવાણીથી અમે તો સ્તબ્ધ જ બની ગયા. ગુમાવી દીધેલો સ્પિરીટ પાછો આવી ગયો. જે તિલકમંજરી ગ્રંથનો રેફરન્સ શોધવા બબ્બે વખત આખો ગ્રંથ ઉથલાવી ગયેલા એ ગ્રંથને લઈને પાછા બેસી ગયા. અને આશ્ચર્ય ! દશ જ મિનિટમાં જે રેફરન્સ

જોઈતો હતો તે મળી ગયો. આપની જેમ અમારી ખુશીનો પણ પાર ન રહ્યો.

આપનું સ્થાન કાયમ માટે હૃદયમાં સ્થિર થઈ જાય એવી એક બીજી ઘટના શંખેશ્વરમાં જ બની. એ જ મોહોન્મૂલન ગ્રંથમાં એક શ્લોક હતો. જે બેસતો ન હતો. આપે અડધો કલાક મહેનત કરી બેસાડ્યો તો ખરો, પણ આપને એમાં અસ્વરસ હતો. એ દિવસે આખી રાત આપને ઊંઘ નહિ આવી હોય, રાતે પણ આ જ શ્લોકનો વિચાર ચાલતો હશે. બીજા દિવસે સવારે આપશ્રી દાદાના દર્શન કરી સીધા જ અમે જે ધર્મશાળામાં ઉતરેલા ત્યાં (શિહોરવાળી ધર્મશાળા) પધારી ગયા.

મારી જગ્યાએ આવી આપ ઊભા રહી ગયા.... અને બોલ્યા : જુઓ, મહાબોધિવિજયજી ! પે'લા શ્લોકને આપણે ગઈકાલે જે રીતે બેસાડ્યો એને બદલે જો આ રીતે બેસાડીએ તો અર્થ બરાબર બેસી જાય.

આપનું આગમન થતાં હું આસનેથી ઊભો તો થઈ ગયેલ, પણ લીટરલી હેબતાઈ ગયેલ. આટલા મહાન પુરુષ પોતાનું સ્થાન છોડીને એક શ્લોકનો અર્થ જણાવવા શું સામેથી આપણી જગ્યાએ આવી શકે ? એમને પોતાનું સ્ટેટસ ન નડે ? એમને કંઈ માન-બાન જેવું હોય કે નહિ ? મને યાદ છે.... હું જ્યારે આપને કહેવા ગયો... કે સાહેબજી ! આપ શા માટે... હજી આગળ બોલવા જાઉં ત્યાં તો આપે 'આપ ને બાપ... મૂકોને બાજુ પર' કહીને મને ચૂપ કરી દીધેલ. હું આગળ તો કાંઈ બોલ્યો નહિ, પણ આપ શું બોલતા હતા એના પર પણ મારું ધ્યાન ન હતું. મારું મન તો એમ જ વિચારતું હતું.... શું આટલા ઉચ્ચ જ્ઞાની આટલા નમ્ર હોઈ શકે ? બસ એ જ દિવસથી અમે આપના ફેન બની ગયા.

પછી તો અવારનવાર આપના દર્શન થતા રહ્યા. અનેકવાર આપના પૂજનીય ચરણોમાં બેસવાનું સૌભાગ્ય મળ્યું ક્યારેક અમદાવાદ તો ક્યારેક પાલીતાણા. (વીશાનીમા ધર્મશાળામાં) ક્યારેક શંખેશ્વર (પાણીની ટાંકી સામેની રૂમમાં) તો ક્યારેક વડોદરા.

અને એ મિલન દરમિયાન આપના ભીતરમાં રહેતી પ્રભુભક્તિ, ગુરુભક્તિ, માતૃભક્તિ, શ્રુતભક્તિ, જાપભક્તિ, જ્ઞાનદાતા પ્રત્યે બહુમાન, જીવમૈત્રી જેવી અનેકાનેક ગુણસરિતાઓને નજરે નિહાળી છે.

શંખેશ્વર તીર્થમાં દાદાની ભક્તિ કર્યા પછી બહાર નીકળતાં ૨૦-૨૦ મિનિટ આપને લાગી છે, એ અમે જોયું છે; તો એ ૨૦ મિનિટ દરમિયાન ચાર ચાર વાર ઊભા ઊભા ૨૦-૨૦ ખમાસમણા દેતા પણ આપને જોયા છે.

ગિરિરાજ પર ચડતી વખતે દૂરથી મંદિરોની શ્રેણી દેખાતા મસ્તક ઊંચુ કરી ભાવથી જુહારતા આપને જોયા છે, તો દાદાના દરબારમાં પ્રવેશતા જ 'દાદા ! હું આવી ગયો છું....' એમ બોલી નાના બાળકની જેમ દાદા સાથે વાત કરતા પણ આપને જોયા છે.

એક નાનકડી ચિઠ્ઠિ આવે તોય સ્વ. ગુરુદેવશ્રીની પ્રતિકૃતિને બતાવ્યા વગર આપે વાંચી નથી એ ઘટનાના તો અમે સાક્ષી છીએ, સાથે આપના જન્મદિને સંસારીમાતા સાધ્વીજીના મુખેથી ૨૦-૨૦ મિનિટ સુધી બાળકની જેમ નમ્ર બની આશીર્વાદ લેતા હો...એ પાવન પળોના પણ અમે સાક્ષી છીએ.

કલાકોના કલાકો સુધી શ્રુતના સંશોધનમાં મગ્ન બની જાવ... ત્યારે દૂરથી આવેલા ભક્ત શ્રાવકોને પણ આપની સાથે વાત કરવા વેઈટ કરવું પડે એ અમે સગી નજરે નિહાળ્યું છે, તો શંખેશ્વરના નેપાળી ગુરખા પાસે આપે નેપાળી ભાષા શિખ્યા બાદ એને જ્યારે જ્યારે આપની રૂમમાંથી જતા આવતા જુઓ તો 'ગુરુજી...' કહીને આપ ઊભા થઈ જતા એવું સગા કાને સાંભળ્યું છે.

દુષ્કાળના સમયે આપની પ્રેરણાથી આપના ભક્તો દ્વારા લાખો-કરોડો રૂપિયા આપે જીવદયામાં ખર્ચાવેલા એની તો અમને જાણ છે, સાથે લંડનમાં મેડકાઉ ડિસિઝને લીધે ૧ કરોડ ગાયની કતલ થવાની વાત હતી ત્યારે એને કેમ બચાવી લેવી એની ચિંતા કરતા અમે આપને નજીકથી જોયા છે.


આચાર્યપદની તમામ યોગ્યતાઓ ધરાવતા હોવા છતાં આપે એનો સતત ઈન્કાર જ કર્યો.... એ તો અમે જાણતા હતા - પણ મોટા મોટા આચાર્યો પણ આપની આગમ વાચનામાં આપની સામે શિષ્યની જેમ બેસી શ્રવણ કરતા એ તો અમે જોયું પણ છે.

૮૭ વર્ષની જૈફવયે પણ આપ જાતે જ (સ્વહસ્તે) પત્રો લખતા અને આપના અક્ષરો પણ કેટલા સુવાચ્ય-સ્વચ્છ હતા.... એ તો અમારી પાસે રહેલો આપનો અંતિમ પત્ર જ સાક્ષી છે. તો પાછલી ઉંમરે કચ્છ, હિમાલય, સમેતશિખર, જેસલમેર જેવા તીર્થક્ષેત્રોની પગે ચાલીને યાત્રાદિ કર્યા પછી પણ હજી આપ યુ.પી. અને એમ.પી.ના તીર્થક્ષેત્રોની યાત્રા કરવાના મનોરથ સેવી રહ્યા હતા એવું અમને સાંભળવા મળેલું.

વિદ્વાનોએ જેની પંક્તિઓ ઉકેલવી મુશ્કેલ પડે એવા દ્વાદશાર નયચક્ર જેવા સર્વશ્રેષ્ઠ દાર્શનિક ગ્રંથનું ત્રણ ભાગમાં વર્ષોની ભારે મહેનત દ્વારા આપે સંશોધન-સંપાદન કરેલ એ તો આપની પ્રસ્તાવનાથી જાણેલું, સાથે અજ્ઞથી લઈને પ્રાજ્ઞનેય વાંચવું ગમે એવા 'હિમાલયની પદયાત્રા' જેવા પુસ્તકો પણ પાછલી વયે આપ લખતા ગયા... જે અમે વાંચ્યાં છે.







આગમો આદિના માધ્યમે પરંપરાથી કંઈક જુદી વાત મળે - એ આપના લેખો દ્વારા જાણવા મળે ત્યારે તો અમને આનંદ થતો જ - પણ આપ ખુદ વાપીથી વડોદરાના વિહારમાં નવો જ વ્યાકરણનો ગ્રંથ મળી જતા, મોટા અક્ષરે એક કાગળ પર તેના ૧૦-૧૦ સૂત્રો લખીને વિહાર દરમિયાન કંઠસ્થ કરતા એવું આપના શિષ્યો દ્વારા જ્યારે સાંભળ્યું ત્યારે તો અમારું મસ્તક જ શરમથી ઝૂકી ગયેલું.

ભક્તોના બરડા પર જોરથી ધબ્બો મારીને વહાલ વરસાવતા આપને જોયા છે; તો સ્તોત્રપાઠ, જાપ, ચૈત્યવંદન કે માંગલિક કરતી વખતે બે હાથની મુઠ્ઠીઓ વાળીને પગ પર થપથપાવતા પણ જોયા છે.

ચાતુર્માસ દરમિયાન વિદેશી જિજ્ઞાસુઓ (ગોરીયા/ભુરીયા) આપની પાસે આવીને બબ્બે મહિના અભ્યાસ કરતા એવું સાંભળેલું, એની સામે એ વિદેશીઓથી જરાય અંજાયા વગર આપ તો એ જ સાદા ચશ્મા અને સાદા વસ્ત્રોનું પરિધાન કરીને સાદાઈથી જીવન જીવતા... એ તો અમે નજરે જોયેલું..

આપના સ્વર્ગગમન બાદ તો સ્વ-પર સમુદાયના અનેક ગુરુભગવંતોએ ગુણાનુવાદની સભાઓ કરી, પણ આપ જ્યારે હયાત હતા ત્યારેય મોટા દિગ્ગજ વક્તાઓ પોતાના જાહેર પ્રવચનોમાં આપના કાર્યોના ગુણાનુવાદ કરતા.

યાદી તો બહુ લાંબી થાય તેમ છે. જેટલું લખીએ એટલું ઓછું છે. વધારે ન લખતા વડોદરામાં આપના

અંતિમ દર્શન થયા એ ઘટનાનો ઉલ્લેખ કરી પત્ર સમાપ્ત કરીશ. કારણ કે આપને કદાચ મહાવિદેહમાં પ્રભુની દેશના શ્રવણ કરવાનો સમય થઈ ગયો હશે?

વિ.સં. ૨૦૬૨નું ચાતુર્માસ આપે ખંભાત કર્યું. આપ ખંભાતથી વાપી થઈ પાછા ફરી રહ્યા હતા. અમે વડોદરામાં હતા. અમને સમાચાર મળ્યા... આપ વડોદરા પધારો છો. અમારી ખુશીનો પાર ન રહ્યો. આપ જાની શેરીમાં ઉતરેલા. અમે સુભાનપુરાથી ખાસ આપના વંદનાર્થે આપની સેવામાં ઉપસ્થિત થયા. એ દિવસે આપને અઠ્ઠમનો ત્રીજો ઉપવાસ હતો. બપોરે દાદા ભગવાનવાળા કનુભાઈ સાથે આપની બેઠક હતી. આપે અમને આમંત્રણ આપ્યું. અમે આપની સાથે આવ્યા. ભોજનશાળાના બીજા માળે આ બેઠક હતી. હું આપના શિષ્ય સાથે ઉપર પહોંચ્યો. કનુભાઈ ત્યાં આવી ગયેલા, ખુરશી ઉપર બિરાજી ગયેલા. મેં પણ આપનું આસન એમની બાજુની ખુરશી ઉપર ગોઠવી દીધું.

થોડીવારમાં જ આપ પધાર્યા. આપે ખુરશી પરથી આસન લઈને નીચે જમીન પર ગોઠવી દીધું. ત્યારે હું તો સ્તબ્ધ જ બની ગયો. જ્ઞાનના ક્ષેત્રે હિમાલય જેવી ઊંચાઈને ધરાવતા આ મહાપુરુષની આ હદની નમ્રતા ! શું એટલે જ કદાચ તેઓ આટલા ઊંચા ગજાના જ્ઞાની બન્યા હશે ?


અલબત્ત, મારાથી આ દૃશ્ય સહન ન થયું. એક ગૃહસ્થની સામે વિશ્વવંદ્યવિભૂતિ નીચે બેસે તે કેમ ચાલે ? મેં આપને સમજાવ્યા. પૂજ્યશ્રી ! આપ તો સાધુ છો, એ સંસારી છે. અને આપ જેવા જ્ઞાનીપુરુષ અહીં એમની થીયરી જાણવા આવ્યા છો... નહિ કે ભણવા... અમે સમજાવીને આપને ખુરશી પર બેસાડ્યા. કનુદાદાનું વક્તવ્ય શરૂ થયું. હજી એકાદ બે મિનિટ પસાર થઈ... ત્યાં તો આપ ખુરશી પરથી સ્પ્રિંગની જેમ ઉછળીને ઊભા થઈ ગયા. ફરી પાછું શું થયું ? એ જાણવા અમેય આપની પાછળ ઊભા થઈ ગયા. આપે કહ્યું : મહાબોધિવિજયજી! હું ખુરશી પર નહિ બેસી શકું. આપણે સમજવા આવ્યા છીએ, ત્યારે આપણાથી ખુરશી પર ન બેસાય. જ્ઞાન તો નીચે બેસીને - સામે બેસીને જ લેવાય. શ્રેણિક મહારાજાનું દૃષ્ટાંત યાદ છે ને ! અને અમે આપને સમજાવવા આગળ દલીલ કરીએ એ પહેલા આપ જાતે જ આસન પાથરીને નીચે બેસી ગયા. ખલ્લાસ ! હવે અમારાથી કાંઈ થઈ શકે એમ ન હતું. આપની પાછળ અમેય આસન પાથરી નીચે બેસી ગયા. લગભગ સવા કલાક કનુદાદાનું વક્તવ્ય ચાલ્યું. અમે તો કનુદાદાને સાંભળવાને બદલે આપને જોતા હતા. નાના બાળકની જેમ આપ એમને સાંભળે જ જતા હતા... સાંભળે જ જતા હતા... ન કોઈ આર્ગ્યુમેન્ટ - ન એમને ઉતારી પાડવાની ચેષ્ટા. ખરેખર આપે જ્ઞાનનો સાગર પી જાણ્યો અને પચાવી પણ જાણ્યો. આજેય આ ઘટના સિરિયલની જેમ નજર સમક્ષ આવે છે, અને આપના ચરણોમાં નતમસ્તક થઈ જવાય છે.

બીજા દિવસે સવારે મારે વિહાર કરવાનો હતો. હું આપના વંદનાર્થે આવ્યો. મેં વંદન કરી વિહારની અનુમતિ માગી. આપે મને રોકાઈ જવાનો આગ્રહ કર્યો. હું રોકાઈ ગયો આપને ના ન પાડી શક્યો, સવારને બદલે સાંજનો વિહાર ગોઠવ્યો, દિવસમાં ઘણો સમય આપની સાથે બેસવાનું થયું. સાંજે ફરી હું આપની વિદાય લેવા આવ્યો. આપના આશીર્વાદ-વાસક્ષેપ લઈ હું નીચે ઊતર્યો, ત્યાં પાછળથી આપના શિષ્યએ રાડ પાડી... ઉભા રહો, સાહેબજી નીચે આવે છે. અમે હજી કાંઈ બોલીએ... એ પહેલાં તો આપ સડસડાટ દાદરા ઉતરીને નીચે આવી ગયા. મેં ખૂબ ના પાડી આપને. આમ અમને શરમાવી રહ્યા છો, આપના માટે આ સારું ગણાતું હશે પણ અમારા માટે આ શોભાસ્પદ નથી. આપે મારી વાતને ન ગણકારી. આપ એકના બે ન થયા, તે ન જ થયા. અમુક બાબતમાં આપ જીદ્દી હશો એવું મને લાગે છે. છેક કંપાઉન્ડ સુધી આપ વળાવવા આવ્યા. વાલકેશ્વરનો શ્રીમંત ધારાવીના દરિદ્રીને વળાવવા આવે એવો એ ઘાટ હતો. મને આજેય નથી સમજાતું કે આ આપનું ઔચિત્ય હતું, આપની અનરાધાર લાગણી હતી કે પછી ગયા ભવના કો'ક ઋણાનુબંધ હતા ?

હું તો કંપાઉન્ડ પાસે આવીને ઊભો જ રહી ગયો. (નહિ તો ભલું પૂછો, આપ તો છેક સુધી વળાવી જાત.) આટલો ઉપકારનો ભાર કાંઈ ઓછો હતો કે હજી હું આપને આગળ લઈ જાઉં ? પણ, આપે તો કમાલ કરી નાંખી. આપે મને પૂછ્યું : આવતીકાલે ક્યાં છો ? મેં કહ્યું : રેસકોર્સ. આપે કહ્યું : બનશે તો હું ત્યાં થઈને સુભાનપુરા જઈશ. આપણે પ્રાયઃ કાલે મળીશું. આખા રસ્તામાં હું આપના જ વિચાર કરતો રહ્યો.

બીજા દિવસે સવારે ૯.૦૦ વાગે એક પ્રોગ્રામ હતો. હું વ્યાખ્યાન હોલમાં જવાની તૈયારી કરતો હતો, ત્યાં એક શ્રાવક દોડતો આવ્યો. સાહેબજી ! જંબૂવિજયજી મહારાજ આપને યાદ કરે છે. હું દોડતો આપની પાસે આવી ગયો. ત્યારે ક્યાં ખબર હતી કે આજે આપની સાથે અમારું અંતિમ મિલન છે. હવે આ ભવમાં આપણે ફરી નથી મળવાના. આપણને ભલે ખબર ન હતી, પણ ફોટોગ્રાફરને કદાચ ખબર હતી, એણે આપણને કચકડે મઢી લીધા. આજે એ પ્રતિકૃતિઓ (ફોટો) અમારા માટે સંભારણું - યાદગાર સંભારણું - અમૂલ્ય ઘરેણું બની ગઈ છે.

આપની આદત હતી... જ્યાં મળીએ ત્યાં જ ઊભા-ઊભા વાતોએ ચડી જવું. એ દિવસે ય આપણે ઊભા-ઊભા ઘણી વાતો કરી. આપને સુભાનપુરા જવું હતું. મેં આપને વિનંતિ કરી પ્રવચનમાં પધારવા. આપની સરળતાનો લાભ (ના, ગેરલાભ નહિ) અમે ઊઠાવી લીધો.



આપ પ્રવચનની પાટે બિરાજમાન થયા. આપના શ્રીમુખે જીવનનું અંતિમ માંગલિક સાંભળ્યું... કદાચ, પ્રવચન તો પહેલું અને છેલ્લું. (આપ ક્યાં વધારે પ્રવચન આપતા હતા) આજે પણ આપની એ આગવી મુદ્રાઓ મારી પાસે સચવાયેલી છે.

આપના પ્રવચન પૂર્વે મેં જ્યારે શ્રોતાઓ સમક્ષ આપની ભૂમિકા બાંધી... આપનો પરિચય કરાવ્યો... આપ ત્યારે તો કાંઈ ન બોલ્યા. પણ પછી મને હસતા હસતા ધીરેથી કહેલું : તમે વક્તાઓ ક્યારે કોને ચડાવી દો... ખબર ન પડે.

પ્રવચન પછી હું થોડે સુધી આપને વળાવવા આવ્યો. આપને હજી નવકારસી બાકી હતી. દશ તો અહીં જ વાગી ગયેલા. આપે સુભાનપુરા જવા વિહાર આદર્યો. થોડે સુધી હું સાથે ચાલ્યો. આપના આશિષ લઈને મેં વિદાય લીધી, ત્યારે ક્યાં ખબર હતી...આ આખરી મિલન છે. જે દીર્ઘવિરહમાં પરિણમવાનું છે. અલબત્ત છૂટા પડ્યા પછીયે આપની સાથે સંપર્ક જારી રહ્યો. આપનું કોઈ નવું પ્રકાશન બહાર પડે એટલે આપ અચૂક યાદ કરીને પત્ર સાથે લખીને મોકલતા. એ બહાને આપને પત્ર લખવાનો અવસર મળતો.



અફસોસ ! હવે ન તો આપના દર્શન થશે કે ન તો આપના પત્રો આવશે. હવે તો આપની પ્રતિકૃતિ, આપના હસ્તાક્ષરો અને આપે સંશોધિત-સંપાદિત કરેલા પ્રકાશનો દ્વારા જ આપને મળવાનું રહેશે.

છતાં આપને આજે આ દીર્ઘ પત્ર લખવાની ધૃષ્ટતા કરી છે. આ પત્ર લખતાં અમારા પર શું વીતી છે... એ તો અમારું મન જાણે છે. થોડું આપ પણ જાણો...

નામ તમારું લખ્યું હજુ ત્યાં આંસુ આવ્યા આગળ,
ઝળહળિયાની ઝાંખપ વચ્ચે લખીએ ક્યાંથી કાગળ.
સુખની ઘટના લખું તમોને ત્યાં દુઃખ કલમને રોકે,
દુઃખની ઘટના લખવા જાઉં ત્યાં હૈયું હાથને રોકે.
છેકા છેકી કરતાં કરતાં પૂરો થઈ ગયો કાગળ,
નામ તમારું લખ્યું હજુ ત્યાં આંસુ આવ્યા આગળ...

અમને ખબર છે... આ પત્ર આપને નથી પહોંચવાનો, છતાંય અમે અમારા મનની શાંતિ માટે આ પત્ર લખ્યો છે. આપના દિવ્યજ્ઞાનથી આ પત્ર જો આપ વાંચો... તો અમને ઈશારો કરજો. પત્ર લખતા અમારી કોઈ ક્ષતિ થઈ ગઈ હોય તો અમને માફ કરજો. ફરી એકવાર આપના ચરણોમાં કોટિશઃ વંદના.

●●●



# દેવભક્ત, ગુરુભક્ત, વચનસિદ્ધ પૂજ્યશ્રી !!

– રાજુભાઈ વી. શેઠ

પૂજ્યશ્રી સાથે મારે એક અપેક્ષાએ પિતા-પુત્ર જેનો સંબંધ હતો. તેઓશ્રી મારા પિતાશ્રીના ધર્મદાતા હતા. એટલું જ નહિ, અમારા આખા પરિવારમાં ધર્મના બીજ એ મહાપુરુષે રોપેલાં હતાં. અમારા પરિવાર પર એમના અનંત ઉપકાર હતા. હું જ્યારે નાનો હતો ત્યારે આદરિયાણાની સ્કૂલમાં ભણતો. પૂજ્યશ્રી પણ જો આદરિયાણા હોય તો એમના પર અમેરિકાથી આવેલી ચિત્રભાનુની ટપાલો મને વંચાવતા. તેમજ એના વાક્યોમાંથી મને ગ્રામર (વ્યાકરણ) શીખવતા. આજે ૫૦ વર્ષ પછી પણ આ સ્મૃતિ નજર સામે તરવરે છે.

તેઓશ્રીને અવારનવાર હું સુરત ચાતુર્માસ માટે વિનંતિ કરતો. પણ પૂજ્યશ્રી ઘસીને ના પાડી દેતા. તેઓ કહેતા કે શહેરોમાં અમારું કામ નહિ. અમને કોઈ કામ ન કરવા દે. તેઓ હસતા હસતા ક્યારેક એવું પણ કહેતા : સ્રીને જેટલી પ્રસૂતિની પીડા નડે છે, તેના કરતાં વધુ મને પ્રસિદ્ધિની પીડા નડે છે. માટે મને સૂરત લઈ જવાની વાત ન કરો. છતાં અમારા પુણ્યોદયે ખંભાતના ચાતુર્માસ બાદ અમારા અતિઆગ્રહથી સૂરત પધાર્યા. જો કે એમની પધરામણીનો મુખ્ય ઉદ્દેશ તો હતો... સૂરતના જિનાલયોના દર્શનનો.

વિ.સં. ૨૦૬૨માં પૂજ્યશ્રી સૂરત પધાર્યા. તે પહેલા બાવન વર્ષ પૂર્વે પૂજ્યશ્રી સૂરત પધારેલા. બાવન વર્ષ પછી સૂરત પધારતા હોઈ સહજ છે... અનેક નવા જિનાલયો બની ગયા હોય. પ્રાયઃ ૮૪ વર્ષની ત્યારે પૂજ્યશ્રીની ઉંમર હતી. આવી વૃદ્ધ ઉંમરે પણ પૂજ્યશ્રીએ સૂરતના પ્રાયઃ તમામ જિનાલયોના દર્શન ચાલીને કર્યા. એક પણ દેરાસર - અરે ! ઘર દહેરાસર પણ બાકી ન રહી જાય તેની કાળજી રાખી. આમાં હું જરાય અતિશયોક્તિ નથી કરતો. કારણ કે આ ચૈત્યપરિપાટીમાં સાથે રહેવાનો મને પણ લાભ મળ્યો. જેથી પૂજ્યશ્રીની સાથે સાથે મને પણ સૂરતના તમામ જિનાલયો જુહાવરવાનો લાભ મળેલ. બાકી આટલા વર્ષોથી સુરતમાં રહેતા હોવા છતાં તમામ જિનાલયોના દર્શન મેં પણ નહોતા કર્યા.



પૂજ્યશ્રી જેવા શંખેશ્વરના ભક્ત હતા એવા જ ગિરિરાજના પણ ભક્ત હતા. તેઓ કહેતા કે... હું એમ માનું છું કે પાલિતાણામાં દાદાની યાત્રા ન કરીએ તો આશાતના લાગે. પાલિતાણામાં હોય તો તેઓ રોજ દાદાની જાત્રા અચૂક કરતા. હું ક્યારેક તેઓશ્રીને પૂછું : સાહેબજી ! રોજ યાત્રા ફાવે છે ? ત્યારે તેઓ કહેતા : હું ક્યાં યાત્રા કરું છું. પ્રભુ જ યાત્રા કરાવે છે. એની કૃપા વગર કશું જ શક્ય નથી. દાર્શનિક શાસ્ત્રોના મહાન જ્ઞાતા હોવા છતાં પરમાત્મા પ્રત્યેની અવિહડ શ્રદ્ધા અને ભક્તિ જે એમના જીવનમાં જોવા મળતા... તે કદાચ આજેય અન્યત્ર દુર્લભ છે.

એકવાર પૂ. આ.શ્રી ચન્દ્રશેખર સૂ.મ. (એ વખતે મુનિ) શંખેશ્વર પધારેલા. તે વખતે તેમને સમાચાર મળ્યા... પૂ. જંબૂવિજયજી મહારાજ આદરિયાણા છે. બંને પૂજ્યો વચ્ચે અદ્‌ભુત મૈત્રી હતી. પૂ. ચંદ્રશેખર મ. એમને વંદનાર્થે શંખેશ્વરથી આદરિયાણા પધાર્યા. ત્યાં આવતા ખબર પડી કે પૂ. જંબૂવિજયજી મહારાજ તો ધામા પધાર્યા છે. પૂ. ચંદ્રશેખર વિ. મહારાજ તરતજ ૫ કિલોમિટર ચાલી ધામા આવ્યા. એ વખતે પૂજ્યશ્રી દેરાસરમાં ભક્તિ કરી રહ્યા હતા. શિષ્યોને પૂછ્યું : ક્યારે આવશે ? શિષ્યોએ કહ્યું : દેરાસરમાં જવાનો સમય નિશ્ચિત છે, બહાર આવવાનો સમય અનિશ્ચિત છે. પૂ. ચંદ્રશેખર મહારાજ પણ દેરાસરમાં ગયા. અર્ધા કલાક સુધી ભગવાનને બદલે તેઓ પૂ. જંબૂવિજય મહારાજની ભક્તિનો જોતા રહ્યા.

જેવા તેઓ પ્રભુભક્ત હતા એવા જ તેઓ ગુરુભક્ત હતા. એમના પિતા મુનિ ભુવનવિજયજી મહારાજની યાદમાં તેઓ દર મહિને અટ્ઠમ કરતા હતા એ વાત તો સુપ્રસિદ્ધ છે, પરંતુ પૂજ્યશ્રીની ગુરુભક્તિનું આ બીજું દૃષ્ટાંત પણ જાણવા જેવું છે.

એકવાર પૂ. આ. શ્રી હેમરત્ન સૂ. મહારાજ (એ વખતે પંન્યાસજી) શંખેશ્વરમાં પૂજ્યશ્રી સાથે બેઠા હતા. પૂજ્યશ્રી સ્થાપનાચાર્યજીનાં પડિલેહણ કરતા હતા. સ્થાપનાજીની મુહપત્તીઓ થોડી મેલી થઈ ગઈ હતી. પૂ. પંન્યાસજીએ કહ્યું : આપ આ મુહપત્તી આપો... તો મારા શિષ્ય એનો કાપ કાઢી નાંખે. પૂજ્યશ્રીએ હસીને ના પાડી. પછી કહ્યું : આ સ્થાપનાજી મારા ગુરુદેવના છે. વર્ષો સુધી એમણે આનું પડિલેહણ કર્યું છે. એટલે એમના પાવન કરકમલનો આ મુહપત્તીને સ્પર્શ થયો છે. એ સ્પર્શનો અનુભવ તો જ મને થાય... જો હું આને કંઈ ન કરું તો. અને હકીકતમાં જિંદગીના છેલ્લા દિવસ સુધી એ મુહપત્તીઓને એમને એમ રાખી એના સ્પર્શ દ્વારા ગુરુના સ્પર્શનો તેઓશ્રીએ અનુભવ કર્યો.

એ મહાપુરુષની વચનસિદ્ધિ પણ અજોડ હતી. કટોસણ-ધનપુરા ગામના એક મુમુક્ષુની પૂજ્યશ્રી પાસે દીક્ષા નક્કી થઈ. સાધ્વીજી ભગવંતો સાહેબજીને કહે : આ મુમુક્ષુને શિખરજીની યાત્રા કરાવી દો. પૂજ્યશ્રી કહે : દીક્ષાને ફક્ત ૨૦-૨૫ દિવસ બાકી છે. એમાં શું ઉડીને જાત્રા કરાવશું ? સાધ્વીજી ભગવંતનો આગ્રહ હોવાથી પૂજ્યશ્રીએ મને સમાચાર મોકલ્યા. આ મુમુક્ષુને શિખરજીની યાત્રા કરાવવાની છે. તને ફાવે તો તું કરાવજે. એ વખતે મારે ૫૭-૫૮-૫૯મી આયંબિલની ઓળી સળંગ ચાલતી હતી. શરીરમાં અશક્તિ વર્તાતી હતી. છતાં પૂજ્યશ્રીના કહેવાથી મેં મુમુક્ષુને શિખરજીની યાત્રા કરાવવા માટે હા પાડી. એકબાજુ સમયની શોર્ટેજ હતી અને બીજીબાજુ થોડી સ્ફૂર્તિનો પણ અભાવ હતો. એટલે ટ્રેન/બસની મુસાફરી વસમી પડી જવાના ડરે મેં પ્લેનની ટિકિટ કઢાવી.

આ સમાચાર ગુરુભગવંતોને મળ્યા. એટલે સાધ્વીજી ભગવંતોએ તરત પૂજ્યશ્રીને કહ્યું : જુઓ, આપે કહેલું ને... શું ઉડીને જાત્રા કરશે ? તો આ મુમુક્ષુને રાજુભાઈએ પ્લેનમાં ઉડાવીને જાત્રા કરાવી દીધી ને !

આવા તો અનેક પ્રસંગો છે... પૂજ્યશ્રીના...

પણ આ બધામાં સૌથી મહત્ત્વની વાત તો એ છે કે પૂજ્યશ્રીના કાળધર્મ પછી શંખેશ્વરતીર્થમાં એમના અગ્નિસંસ્કારનો લાભ અમારા પરિવારને મળ્યો... જે અમારા માટે એક અનન્ય સંભારણું બની ગયું છે.

અંતમાં, પૂજ્યશ્રીના ચરણોમાં નમ્રભાવે એક જ વિનંતિ... કે આપ જ્યાં હો ત્યાંથી અમારા કુટુંબ પર સદૈવ આશિર્વાદ વરસાવતા રહેજો, અમીવૃષ્ટિ વરસાવતા રહેજો, અમને ધર્મમાર્ગમાં જોડી રાખજો.

# આવા હતા મારા દાદા મહારાજ

-પારૂલ રાજેશકુમાર શેઠ

પ્રાઈમ મિનિસ્ટરની સાથે કોઈને સારા સંબંધો હોય તો પાંચ માણસની વચ્ચે કોલર ટાઈટ કરીને કહે કે, મારે પ્રાઈમ મિનિસ્ટરની સાથે ખૂબ જ નજીકના સંબંધો છે.... એ જ ન્યાયે હું પણ ગર્વ સાથે કહી શકું કે જિનશાસના રત્ન એવા પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ મારા પિતાજીના મામા - એટલે કે મારા દાદા થાય.

આજથી ૩૦ વર્ષ પૂર્વે મારા ગામ માંડલમાં તેમનું ચાતુર્માસ હતું. અનેક પુણ્યાત્માઓએ માસક્ષમણના તપ કર્યા. મારાથી તપ થતો જ ન હતો. આજે પણ ૨ કે ૩ ઉપવાસથી વધુ તપ હું કરી શકતી નથી. પરંતુ એ વર્ષે એમની- માત્ર એમની જ કૃપાદૃષ્ટિથી મારે અઠ્ઠાઈનો તપ સરળતાથી થયો. એ ચાતુર્માસમાં એમનો પ્રભુ સાથે થતો વાર્તાલાપ જોવાની-માણવાની હું સદ્ભાગી બની હતી. દેરાસરમાં ગયા પછી પ્રભુને બદલે એમને જ નીરખવાનું મન થતું. જ્યારે એમનો માંડલથી વિહાર થયો ત્યારે જૈન-અજૈન દરેકની આંખમાંથી અશ્રુની ધાર ચાલતી હતી. તે દૃશ્ય આજે પણ નજર સમક્ષ આવે છે.

અમારા પરિવારે થોડા વર્ષો પૂર્વે પાલીતાણામાં ૯૯ યાત્રા કરાવવાનો લાભ લીધો. પૂજ્યશ્રી પાલીતાણામાં જ બિરાજમાન હતા. અમે નિશ્રા આપવા વિનંતી કરી. પૂજ્યશ્રીએ કહ્યું : આ કાર્ય મારું નથી. મારે તો પાટણ પહોંચવું છે. છતાં જ્યાં સુધી રોકાઈશ ત્યાં સુધી નિશ્રા આપીશ. અમારા સદ્ભાગ્યે અમને એ મહાપુરુષની સંપૂર્ણ નિશ્રા સાંપડી. એમની નિશ્રાનો પ્રભાવ પણ એવો પડ્યો....કે સંપૂર્ણ નવ્વાણું દરમિયાન ન તો કોઈ દુર્ઘટના ઘટી કે ન કોઈ મુશ્કેલી પડી. ન કોઈ વસ્તુ ખૂટી કે ન કોઈને માંદગી નડી. સહુથી વધુ આનંદ તો મને આવ્યો... એ દિવસો દરમિયાન દાદા ગુરુ મહારાજની ગોચરી વહોરાવવાનો લાભ મને મળ્યો. પૂજ્યશ્રીની અમારા પર - અમારા પરિવાર પર અપૂર્વ કૃપાદૃષ્ટિ હતી. મારી દીકરી પિંકી યાત્રા કરીને સીધી દાદા મહારાજના આશીર્વાદ લેવા એમની પાસે જતી... ત્યારે દાદા મહારાજ પણ ખૂબ ભાવથી એને આશીર્વાદ આપતા.


મારી ભાણી કિંજલે (૧૮૦ ઉપવાસની તપસ્વિની) જ્યારે ગિરિરાજમાં ૭૦ ઉપવાસની તપસ્યા સાથે ૧૦૮ યાત્રા પૂર્ણ કરી, ત્યારે એના પારણા વખતે પૂજ્યશ્રી ત્યાં જ બિરાજમાન હતા. પારણા પ્રસંગે

પૂજ્યશ્રીને નિશ્રા આપવાનું કહેતા પૂજ્યશ્રીએ કહ્યું : હું દાદાની જાત્રા કર્યા વગર ક્યારેય વાપરતો નથી. માટે તમે કિંજલને પારણું કરાવી દેજો. હું યાત્રા કરીને સીધો ત્યાં રૂમ પર આવીશ. અને ખરેખર એ રીતે જ યાત્રા કરી સીધા ધર્મશાળામાં પધારી કિંજલને આશીર્વાદ આપેલ.

આવા અમારા કુટુંબના પરમોપકારી પૂ. જંબૂવિજયજી મહારાજને વંદન કરવા છેલ્લે અમે નાકોડા ગયેલ. એ સમયે મારી ભાણી કિંજલને ૧૦૫ ઉપવાસની ભાવનાથી તપસ્યા ચાલુ હતી. પૂજ્યશ્રીએ મને કહ્યું : જો કિંજલને સ્ફૂર્તિ હોય અને સ્ફુરણા થતી હોય તો ૧૦૫ ને બદલે અખંડ અંક ૧૦૮ ઉપવાસ કરે. આ માત્ર પ્રેરણા છે, પ્રેસર નથી. મેં કિંજલને વાત કરી. કિંજલે પ્રેમથી સ્વીકારી લીધી. પણ મને આજે ય એ વાત સમજાતી નથી કે આમ કરવાવવા પાછળ પૂજ્યશ્રીનો શું સંકેત હતો ? કારણ કે એક બાજુ કિંજલને ૧૦૫ ઉપવાસ પૂરા થયા. છેલ્લો અઠ્ઠમ પૂજ્યશ્રીની સૂચના મુજબનો બાકી હતો. એ અઠ્ઠમના દિવસે જ એટલે કે કારતક વદ-૧૧ના પૂજ્ય દાદાગુરુદેવની હાજરી આ ધરતી પર ન હતી. આજે પણ આ સંકેત પાછળ શું રહસ્ય હતું એ ઉકેલી શકાયું નથી. અને કદાચ ઉકેલાશે પણ નહિ.

હવે તો એટલું જ આ દિલ પૂછે છે :<br>
ક્યાં જઈને વસવાટ કર્યો ગુરુ !<br>
ક્યાં જઈ દર્શન પામું......<br>
ક્યાં ગોતું સરનામું !





# પ.પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ ! ફરી મળીશું, આવજો !

-ડો. શરદ ઠાકર

સવારે ઊઠીને પહેલું કામ અખબાર ઉઘાડવાનું કર્યું. પ્રથમ પાના પરની હેડલાઈન વાંચીને સ્તબ્ધ થઈ ગયો. જિન મહાપ્રભુના પ્રખર આરાધક, પરમ ચિંતક, શ્રેષ્ઠ સાધક, જૈન તેમજ જૈનેતર શાસ્ત્રોના અભ્યાસુ અને રાષ્ટ્રના હિત વિશે

પળે-પળ ચિંતા સેવનાર પ.પૂ. મહારાજ સાહેબ શ્રી જંબૂવિજયજી માર્ગ અકસ્માતમાં કાળધર્મ પામ્યા. આ વાક્ય મારા મસ્તિષ્ક ઉપર વજ્રપાત બનીને વાગ્યું - મહારાજ સાહેબ જૈન સાધર્મિકોમાં એક સમાન રીતે પ્રિય, પૂજ્ય અને આદરણીય હતા એ હકીકતનો હું સાક્ષી છું. અંગતપણે મને એમના સાન્નિધ્યના મોકાઓ બે વાર પ્રાપ્ત થયા હતા. ત્રીજી વાર મળવાનો અમારો સંકલ્પ હતો જે આ જન્મે તો અપૂર્ણ જ રહેશે. પણ કાળની અવધિ અનંત છે અને આત્માનું સ્વરૂપ અવિનાશી છે; એટલે મને શ્રદ્ધા છે કે લખચોરાશીના આ નિરંતર ફેરામાં કો'ક જન્મારે પૂ. મહારાજ સાહેબ ક્યારેક તો અવશ્ય મળશે જ.

એ ધન્ય ક્ષણ જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી તો આ પવિત્ર ધૂપસળીની સ્મૃતિસુગંધને ફરી-ફરી માણવાનું જ મારા નસીબમાં બાકી રહેશે.


●●●

૨૦૦૮નું વર્ષ હતું. ચોક્કસ તારીખ યાદ નથી, પણ મહિનો ઓક્ટોમ્બરનો હતો. મારી ખૂબ વખણાયેલી અને વંચાયેલી નવલકથા 'સિંહપુરુષ'ની પ્રથમ આવૃત્તિના લોકાર્પણની ગૂંજ હજુ તો ગુજરાતની જનતાના કર્ણપટલોમાં પડઘાવાની શરૂ થતી હતી, ત્યાં એક દિવસ મહુવાના ઉકાભાઈનો મારી ઉપર ફોન આવ્યો.

'નમસ્તે, સાહેબ ! મારું નામ ઉકાભાઈ છે. હું ભાજપ સાથે સંકળાયેલો છું. આપની નવલકથા 'સિંહપુરુષ' વાંચી. ખૂબ જ ગમી. એક નકલ પાલીતાણા સ્થિત મહારાજસાહેબ શ્રી જંબૂવિજયજીને પણ પહોંચાડી હતી. તેઓશ્રી આ પુસ્તક એકી બેઠકે વાંચી ગયા છે. મ.સા. શ્રી આપની સાથે વાત કરવા ઈચ્છે છે. મેં આપનો ફોન નંબર એમને આપ્યો છે. આજકાલમાં સાહેબશ્રી આપને ફોન કરાવશે...'

બીજે જ દિવસે મહારાજ શ્રી જંબૂવિજયજીનો ફોન આવ્યો. કોઈ શ્રાવકના મોબાઈલ ફોન પર એનું સ્પીકર ચાલુ રાખીને મહારાજસાહેબ બોલી રહ્યા હતા. દૂરથી જાણે અંતરીક્ષને ભેદીને આવતો હોય એવો મંદ સ્વર હતો. થોડાક શબ્દો કાન પર ઝિલાયા, થોડા ન ઝિલાયા. પણ જેટલું સમજાયું તેનો સાર કંઈક આવો હતો : 'અદ્દભુત પુસ્તક છે. તમે વીર સાવરકરને ન્યાય આપાવ્યો છે. હું અત્યારે છ્યાંશી વર્ષનો છું. આ બધા ઈતિહાસનો હું સાક્ષી રહ્યો છું. આપણે જેને રાષ્ટ્રપિતા ગણ્યા છે તે મહાત્મા ગાંધીજી વિશે તમે જે યથાર્થ ચિત્રણ કર્યું છે તેની સાથે હું સંપૂર્ણપણે સહમત છું. મારા માટે એક કામ કરશો ?'

'પ્રશ્ન નહીં, આજ્ઞા કરો !'




'મને એ પુસ્તકમાં આવતી નથુરામ ગોડસેની જુબાનીમાં રસ પડ્યો છે. તમે 'સિંહપુરુષ'માં ગોડસેનું અદાલતી નિવેદન નોંધ્યું છે એની મૂળ કૃતિનો પણ ઉલ્લેખ કરેલો છે.'

'હા, આપ 'ગાંધીહત્યા શા માટે ?' એની વાત કરી રહ્યો છો ને ?'

'હા, મારે એ પુસ્તિકા વાંચવી છે. તમે વ્યવસ્થા કરી શકશો ?' આટલા મોટા મહારાજ સાહેબ એક સામાન્ય વાચકની જેમ સહજ જિજ્ઞાસાસહ પૂછી રહ્યા હતા.

મેં બે-ચાર દિવસમાં જ એ પુસ્તકની ઝેરોક્ષ નકલ કઢાવીને મહારાજ સાહેબને મોકલી અપાવી. હું જાતે તો એટલો બધો વ્યસ્ત રહેતો હોઉં છું કે આ બધો વહીવટ હું પોતે સંભાળી શક્તો નથી; પણ મહારાજ સાહેબના ભક્તોમાંના એક એવા જૈન શ્રાવક ભાઈશ્રી જિતેન્દ્ર શાહ મારે ત્યાં આવીને બધી વ્યવસ્થા સંભાળી ગયા.

મહારાજ સાહેબની કેટલી શાલીનતા ! પુસ્તક જેવું મળ્યું એવો જ તેમનો પ્રતિભાવ પણ આવી ગયો. સાથે બીજી ઈચ્છા પણઃ 'શરદભાઈ, પુસ્તક વાંચ્યું. તમે આ પુસ્તકની શુષ્ક વિગતોમાંથી ગાળી-ચાળીને જેટલો મસાલો જરૂરી હતો એનો રસપૂર્વક વિનિયોગ તમારી નવલકથામાં કરી લીધો, એ સમગ્ર પ્રક્રિયા આ બંને પુસ્તકો વાંચવાથી જ મને સમજાઈ શકી છે. તમારો આભાર.'

'આભાર માનીને મને શરમિંદો ન બનાવો, મહારાજ સાહેબ ! અન્ય કોઈ ઇચ્છા હોય તો આદેશ અવશ્ય ફરમાવશો !'

'બીજી એક ઇચ્છા પણ છે અને આદેશ પણ !' એ હસી રહ્યા હોય એવું મને લાગ્યું; પણ એમણે વાત મૂકી, 'એક વાર તમારાં દર્શન કરવાં છે. તમે જો પાલીતાણા આવી શકો તો મને આનંદ થશે.'

(આ છેલ્લો સંવાદ ખૂબ જ સંકોચ સાથે મેં લખેલો છે. જેમનાં દર્શન કાજે લાખો નહીં પણ કરોડો જૈન બંધુઓ સહસ્ર ગાઉનો પંથ કાપવા તત્પર હોય તેવા પ.પૂ. જંબૂવિજય મહારાજ મારા જેવા ક્રોધી, કામી ને સ્વાર્થી સંસારીજનને આવું કહી રહ્યા હતા ! 'એક વાર તમારાં દર્શન કરવાં છે.' ભગવદ્ગીતા ઉપર હાથ મૂકીને કહું છું કે આ વાક્ય અહીં ટાંકવામાં મને ભારોભાર ક્ષોભ અને સંકોચ થઈ રહ્યો છે. પણ જો ન લખું તો એ મહાન આત્માને અન્યાય કર્યો એવું લાગે. હું મૂર્ખ નથી કે મારીજાતને આવા દર્શનીય મહાપુરુષને દર્શન આપવા યોગ્ય માની બેસું. હકીકતમાં મહારાજ સાહેબ આવી વિનમ્રતા દ્વારા એમની પોતાની મહાનતાનું જ પ્રમાણ પુરું પાડી રહ્યા હતા. કદાચ સાચા વિતરાગી જૈન મહાત્માઓનું આ સાર્વત્રિક લક્ષણ હોઈ શકે, કેમ કે પન્યાસ મહારાજ પૂ. શ્રી શીલરત્ન મહારાજ સાહેબના મુખેથી પણ મને આવાં જ વચનો સાંભળવા મળ્યાં હતાં.)

મેં પ. પૂ. જંબૂવિજય મહારાજને આગળ બોલતાં અટકાવ્યાં, 'સાહેબ, દર્શન તો મારે આપનાં કરવાનાં હોય ! પણ હમણાં તો મારાથી પાલીતાણા તરફ આવી શકાય તેવા કોઈ જ સંજોગો નથી. આપ જ્યારે ચાતુર્માસ સમાપ્ત કરીને અમદાવાદ તરફ વિહાર કરો તો મને આપનાં દર્શનનો લાભ મળે.'

તેઓ ફરી પાછા હસ્યા, 'જોઈએ ! કદાચ તમારે પાલીતાણા આવવાનું થશે.' એમના આ વાક્યનો પૂરો અર્થ મને એ ક્ષણે સમજાયો નહીં. જ્યારે હું મેડિકલ કોલેજમાં ભણતો હતો ત્યારે એક જૈન મિત્રે મને કહ્યું હતું 'અમારા જૈનાચાર્યો ત્રણ કાળને વાંચી શકે છે અને ભવિષ્યને ભાખી શકે છે.'

પૂ. મહારાજ સાહેબ ત્રિકાળજ્ઞાની હશે ? કે પછી વચનસિદ્ધ મહાત્મા ? આસમાનમાં જ્યાં એક પણ વાદળી દેખાતી ન હતી, ત્યાંથી એકાએક વરસાદ પડવો શરૂ થઈ ગયો. ભાવનગરથી મિત્ર જયસુખ પટેલનો મારી ઉપર ફોન આવ્યો, 'ભાવનગરમાં એક કાર્યક્રમનું આયોજન કરવાનો વિચાર છે. તમારે આવવાનું છે. બોલો, આ રવિવારે આવવાનું ફાવશે ?'

મહારાજ સાહેબની આગાહીને ચોવીક કલાક પણ પૂરા થયા ન હતા, ત્યાં એ દિશામાં પ્રવાસે જવાના

સંયોગો ગોઠવાઈ ગયા. મેં પૂછ્યું, 'તમારે કોઈની સાથે શ્રી જંબૂવિજય મહારાજ વિશે વાત થઈ છે ખરી?'

'ના રે, ભાઈ ! મેં તો આમ જ તમને આમંત્રણ આપવા માટે ફોન કર્યો,' જયસુખ પટેલે જવાબ આપ્યો. (જયસુખ પટેલ હવે 'સાધના' માં 'જાગો ગ્રાહક જાગો !' નામક કટાર લખે છે.)

જયસુખ પટેલનો ફોન આવતાં પહેલાં મહારાજ સાહેબ હસ્યા હતા; ફોન આવ્યા પછી હું પણ હસી પડ્યો.

•••

પાંચમી ઓક્ટોમ્બર, ૨૦૦૮. રવિવાર સવારે હું અમદાવાદથી ભાવનગર પહોંચ્યો. સવારનું ફંક્શન હતું. સારી રીતે સંપન્ન થયું. બાર વાગ્યે જમીને ઊભા થયા, ત્યાં મહુવાથી ઉકાભાઈ ગાડી સાથે હાજર હતા. મને બેસાડીને સીધા પાલીતાણા તરફ કૂચ કરી ગયા.

ગાડી એક વિશાળ અપાસરાના ખુલ્લા પટાંગણમાં જઈને ઊભી રહી ગઈ. અમે ગાડીમાંથી ઊતર્યા. ઉકાભાઈએ દિશાસૂચન કર્યું, 'ચાલો, આપણે ત્યાં પેલા દાદરાનાં પગથિયાં દેખાય છે ને, ત્યાં જવાનું છે. મહારાજ સાહેબ ઉપલા માળે બિરાજ્યાં છે.'

એક કદમ ઉપાડવા ગયા ત્યાં જ બે-ચાર શ્રાવક ગૃહસ્થો દોડી આવ્યા, 'હમણા નહીં ! હમણા નહીં ! જ્યાં છો ત્યાં જ ઉભા રહેશો !'

મને આશ્ચર્ય થયું. જ્યારે ખુદ જંબૂવિજય મહારાજ સાહેબે મને મુલાકાત અર્થે બોલાવેલો છે ત્યારે આ રીતે મને અટકાવવાનો અને પ્રતીક્ષા કરાવવાનો શો અર્થ હશે ?!

અર્થ તરત જ સ્પષ્ટ થઈ ગયો. એ સમયે મહારાજ સાહેબની વય છ્યાંશી વર્ષની હતી, સ્વાસ્થ્ય પણ સારું ન હતું. છ્યાંશી વર્ષના વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ એવા પ. પૂ. શ્રી જંબૂવિજય મહારાજ એક પણ શિષ્યનો ટેકો લીધા વગર જાતે દાદરનાં પગથિયાં ઊતરીને ખાસ્સું એવું અંતર પગે ચાલીને મને આવકાર આપવા માટે સ્વયં પધારી રહ્યા હતા. હું નતમસ્તક બનીને બે હાથ જોડીને એમને વંદી રહ્યો. એમણે મને ખાસ વિધિપૂર્વક સત્કાર્યો, આશીર્વાદ આપ્યા અને ખીલુંખીલું થતા ચહેરે મારો હાથ પકડીને ઉપલા માળે દોરી ગયા.

શિષ્યો સ્તબ્ધ. શ્રાવકો દંગ. ઉંમરના સાત દાયકા વટાવી ચૂકેલા એક અન્ય મહારાજશ્રી મારા કાનમાં ગણગણ્યા, 'છ-સાડા છ દાયકાના વીતરાગી જીવનમાં મેં પોતે મહારાજ સાહેબને આવું કરતા એક પણ વાર જોયા નથી. બે દિવસ પહેલાં આપણા ગુજરાતના જ નહીં, પણ પૂરા દેશના મશહૂર રામાયણી એવા

કથાકાર બાપુશ્રી સ્વયં અહીં પધાર્યા હતા, ત્યારે પણ પૂ. જંબૂવિજયજી મહારાજ એમના સ્વાગત માટે નીચે સુધી ગયા ન હતા.

પ. પૂ. જંબૂવિજય મહારાજ અમારી ગુસપુસ સાંભળી ગયા. બોલ્યા, 'શરદભાઈ, દેશભરમાં હું વિહાર કરી ચૂક્યો છું. તમામ રાજ્યોના મુખ્યમંત્રીઓથી માંડીને ધનકુબેરો મારી મુલાકાતે આવતા રહ્યા છે. ક્યારેય એમને આવકારવા માટે હું મારી ગાદી ઉપરથી ઊભો થતો નથી. આજે જિંદગીમાં પ્રથમ વાર મેં કોઈને આટલું સન્માન આપ્યું છે. જાણો છો શા માટે ?'

'હા, જાણું છું ને સમજુ પણ છું.' મેં માથું ઝુકાવીને જવાબ આપ્યો, 'આ મારું સન્માન નથી, પણ સ્વાતંત્ર્યવીર સાવરકરજીનું સન્માન છે. આપશ્રીએ મેં લખેલી જીવનકથા 'સિંહપુરુષ' વાંચી, એ આપને ગમી, માટે એના કર્તા તરીકે મને આપના તરફથી આ આદર-માન મળી રહ્યાં છે.'

પ. પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજ હસ્યા. જ્યારે હસતા ત્યારે તેઓ બાળક જેવા નિર્દોષ લાગતા હતા. એકવડિયો બાંધો, કૃશ દેહ, તીરની જેમ કમાનાકારી ઝુકી ગયેલી કરોડરજ્જુ અને આંખોમાંથી ઝલકતી અખૂટ પ્રસન્નતા.

તેઓ સ્વયં ગાદી ઉપર બિરાજ્યા. મને એમની સામે, સાવ નજીક, એક જ ઊંચાઈએ બીજી ગાદી ઉપર બેસાડયો. પછી અમારો સત્સંગ શરૂ થયો.





પૂરા દોઢ કલાક સુધી અમારી મંત્રણા ચાલી. મહારાજ સાહેબે મને અસંખ્ય પ્રશ્નો પૂછ્યા. એમની પૂછપરછમાં જિજ્ઞાસાવૃત્તિ હતી, સત્ય જાણવાની તાલાવેલી હતી, વીર સાવરકરજીના વિચારો પામવાની તત્પરતા હતી અને દેશની સાંપ્રત સમસ્યાઓ વિશેની નિસ્બત હતી.

તેઓ ધીમા સ્વરે, કંપાયમાન મસ્તકે, સ્મિતઝરતા હોઠે બોલતા રહ્યા અને સરવા કાને સાંભળતા રહ્યા. ભક્ત સમુદાયની ભારે મોટી ભીડ અમને વર્તુળાકારે ઘેરીને સાંભળી રહી હતી. બધાની આંખોમાં એક જ સવાલ હતો : 'એક નાચીજ ગુજરાતી લેખકની કોઈ ચોક્કસ નવલકથામાં આપણા પ. પૂ. મહારાજ સાહેબને વળી આટલો બધો રસ કેવી રીતે પડી શકે ?'

મહારાજ સાહેબે પાછલી એક સદીના તમામ રાજકીય નેતાઓને યાદ કરી લીધા, 'મારા પૂ. પિતાશ્રી ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યા હતા. એમણે મને મહાત્માજી વિશે ઘણી બધી અંતરંગ વાતો જણાવી હતી.' આટલું કહ્યા પછી પૂ. જંબૂવિજય મહારાજે એમની પાસેનો માહિતીભંડાર મારી સમક્ષ ઠાલવી દીધો.

એ બધી જ વાતો અહીં લખી શકાય તેવી નથી. પણ એટલુ કહીશ કે પૂ. મહારાજ સાહેબ મહાત્મા ગાંધીજીની મુસ્લિમ તુષ્ટિકરણની નીતિથી અત્યંત નારાજ હતા. દેશની વર્તમાન બરબાદીની હાલતના

પાયામાં આપણા નેતાઓની આવી અન્યાયી નીતિ-રીતિ જ હોવાનું એમનું દૃઢ મંતવ્ય હતું.

સૌથી મોટું આશ્ચર્ય ! મહારાજ સાહેબને વીર સાવરકરજીની સશસ્ત્ર ક્રાંતિની વાત ખૂબ જ પસંદ પડી હતી અને ગાંધી બાપુની તથાકથિત અહિંસા સાથે તેઓ જરા પણ સંમત ન હતા.

દોઢ કલાકના અંતે મેં એમને એક વળતો સવાલ પૂછી લીધો, 'મહારાજ સાહેબ, આપ તો જૈન છો, વીતરાગી છો, અહિંસાના પ્રબોધક છો. આપ ઊઠીને ગાંધીજીની તકલીને બદલે સાવકરજીની તલવારનું અનુમોદન કરો છો ? શા માટે ?'

એમની આંખોમાં મધ્યયુગીન રાજપૂતની ઉઘાડી તલવાર જેવો ચમકારો પ્રગટ્યો. 'અહિંસા ?! હા, હું છેલ્લા આઠ-આઠ દાયકાથી અહિંસાનું પાલન, ઉદ્‌બોધન અને આરાધન કરતો રહ્યો છું. પરંતુ અમારી અહિંસા અબોલ, નિર્દોષ પ્રાણીઓ અને જીવ-જંતુઓ પ્રત્યેની અહિંસા છે. આતતાયીને માટે તો હિંસા એ જ એકમાત્ર ઉપાય છે.'

'મહારાજ સાહેબ, જોજો હોં ! ક્યારેક હું આપના વિશે લેખ લખવાનો છું, ત્યારે આ વિચારો આપના નામ સાથે ટાંકીશ. ત્યારે ફરી ન જશો.'

એમનો કમાન જેવો દેહ નેતરની સોટીની જેમ ટટ્ટાર થયો. મંદ અવાજ મોટો થયો. આંખની ચમક અંગાર બની ગઈ, 'હું ફરી જાઉં ? એ પણ આ ઉંમરે ? શરદભાઈ, દેશપ્રેમથી વધીને અન્ય કોઈ ધર્મ નથી હોતો અને અહિંસાનું જેવું મેં કર્યું છે એનાથી જુદું કોઈ અર્થઘટન નથી હોતું. તમે લવલેશ સંકોચ વગર મને ટાંકી શકો છો.'

સમય થવા આવ્યો હતો. વિવેકાનંદ કેન્દ્ર ખાતે ભરચક્ક ભરાયેલો સભાગૃહ મારી પ્રતીક્ષા કરી રહ્યો હતો. મારી ઊડતી મુલાકાત વિશે જાણીને ત્યાં તાબડતોબ એક ગોષ્ઠિનું આયોજન થઈ ગયું હતું. હું મહારાજ સાહેબને પગે લાગીને જવા માટે ઊભો થયો.

પ. પૂ. જંબૂવિજયજી મહારાજ સાહેબે વાસક્ષેપ વડે મારું માથું ભરી દીધું. મારી પીઠ ઉપર વાત્સલ્યભર્યો હાથ ફેરવીને કહ્યું, 'ફરી ક્યારે મળીશું.?'

'જ્યારે આપનો હુકમ થશે ત્યારે.'

'બહુ ઝડપથી મળવાનું થશે. આ વખતે કદાચ અમદાવાદમાં મળીશું.'

'અમદાવાદમાં ? વાહ ! આપ વિહાર અર્થે અમારા શહેર તરફ પધારવાના છો ?' મારા પ્રશ્નનો એમણે માત્ર હસીને ઉત્તર વાળ્યો. એમના મૌનમાં કશુંક છુપાયેલું હતું.

ફરીથી તેઓશ્રી ઊભા થયા. કૃશ કાયાને વળેલો દેહ લઈને મારી સાથે જ ચાલવા લાગ્યા. દાદર ઊતરીને છેક નીચે સુધી મને વળાવવા માટે આવ્યા. હું 'ના-ના' કહેતો રહ્યો અને ભીતરથી એમની ભાવ-વર્ષામાં ભીંજાતો રહ્યો.

•••

ડિસેમ્બરમાં જીતુભાઈ શાહનો ફોન આવ્યો, 'મહારાજ સાહેબશ્રીને પ્રોસ્ટેટની તકલીફ છે. આજે એમનું ઓપરેશન છે. મહારાજ સાહેબે ખાસ સૂચના આપી છે-તમને જાણ કરવાની'

'હું આવી જાઉં?'

'ના અત્યારે નહીં, પણ થોડાક દિવસો બાદ આવજો જ.'

એ અમારી બીજી મુલાકાત. નવરંગપુરા વિસ્તારના એક જાણીતા ઉપાશ્રયમાં હું જઈ પહોંચ્યો. આ વખતે પણ અસંખ્ય ભાવકો, શ્રાવકો, ભક્તો હાજર હતા. ફરી પાછો એ જ ભાવ, એ જ આવકાર અને એ જ ચર્ચા.

એમની નાજુક તબિયત અને અશક્ત હાલતને ધ્યાનમાં લઈ હું માત્ર પિસ્તાલીસ મિનિટમાં જ ઊભો થઈ ગયો. એમને કદાચ ગંધ આવી ગઈ હશે કે અમે ત્રીજી વાર મળવાના નથી. તેઓ અનેરા પ્રેમપૂર્વક મારી સામે જોઈ રહ્યા. પછી બોલ્યા, 'બે ખાનગી વાત કહેવી છે. અહીં નહીં થઈ શકે. આવો, બાજુના ઓરડામાં જઈએ.'

તેઓ મને દોરી ગયા. ખંડના દ્વાર અંદરથી જાતે બંધ કર્યાં, બે અતિ અંગત વાતો વિશે ફક્ત દસ જ મિનિટમાં ચર્ચા કરી લીધી. મને આજ્ઞા આપી, 'જો જરૂર પડે અને હું હયાત ન હોઉં તો આને માટે મારા બે-ચાર શ્રદ્ધાળુ જૈન ગૃહસ્થોને વાત કરજો. હું નામ આપી રાખું છું. આવતું ચોમાસું હું ગુજરાતની બહાર કરવાનો છું. એ પછી પાછો આવીશ તો જરૂર મળીશું. નહીંતર...'

આ એમના મારી સાથેની વાતચીતના અંતિમ શબ્દો. વચ્ચે-વચ્ચે જિતેન્દ્રભાઈ પાસેથી ફોન ઉપર મહારાજ સાહેબના સમાચારો મેળવી લેતો હતો. એમની તબિયત અંગેની, વિહાર વિશેની, ચાતુર્માસની

અને સાંપ્રત ગતિવિધીઓની માહિતી જાણી લેતો હતો.

હજુ થોડાક દિવસો પહેલાં જ જીતુભાઈએ કહ્યું હતું, 'મહારાજ સાહેબને એમના ચાતુર્માસના સ્થળે નાકોડા મળવા માટે ગયો હતો. સાહેબશ્રી આપને ખૂબ ભાવપૂર્વક યાદ કરતા હતા.'

'તમે એકલા શા માટે ગયા ? મને કહ્યું હોત તો હું પણ સાથે આવત ને !' મારો જવાબ હતો.

પણ 'ભવિતવ્યાનામ્ દ્વારાણિ સર્વત્ર ભવન્તિ !' જે થવાનું હોય છે તે આખરે થઈને જ રહે છે. સત્યાસીમા વરસે પ્રોસ્ટેટના જેવું ભારે ઓપરેશન ખમી શકનાર એમની મજબૂત કાયા કાળનો માર સહન ન કરી શકી. માર્ગ ઉપર વિહાર કરી રહેલા જંબૂવિજયજી મહારાજશ્રી વાહનની ટક્કર લાગતાં કાળધર્મ પામ્યા.

મને એમના શબ્દોમાં પૂરી શ્રદ્ધા છે. એમણે મને કહ્યું હતું - 'ફરીથી જરૂર મળીશું.' આ ભવે કે બીજા ભવે એવું ક્યાં કહ્યું હતું ? મહાન આત્માઓ ક્યારેય એમણે આપેલા વચનમાંથી ફરી જતા નથી. કાળની આવરદા અનંત છે અને આત્માનું સ્વરૂપ અવિનાશી. લખચોરાશીના આ નિરંતર પ્રવાસમાં કો'ક જન્મારે તો મહારાજશ્રી મને મળશે જ. મને વિશ્વાસ છે.

આ વિશ્વાસ એ જ તો વિશ્વનો શ્વાસ છે.





## પરમ પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના અકસ્માતનો અહેવાલ.


હિરોકો માત્સુઓકા
(પી-એચ-ડી. ના વિદ્યાર્થી,
હીરોશીમા યુનિવર્સિટી, જાપાન)
અમદાવાદ ૧૭ ડીસેમ્બર ૨૦૦૯


(અત્યંત ખેદ તથા સહાનુભૂતિ સાથે આ નમ્ર અહેવાલ પરમ પૂજ્ય મુનિશ્રી જંબૂવિજયજી મહારાજ સાહેબના શિષ્ય અને સર્વ મિત્રોને સમર્પિત કરું છું.)

### ઘટનાનો સંક્ષિપ્ત અહેવાલ

પરમ પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબ, બીજા સાત સાધુ ભગવંતો, સાત સાધ્વીજી ભગવંતો તથા હું, ૯મી નવેમ્બર ૨૦૦૯ ના દિવસે નાકોડા (બાડમેર ડીસ્ટ્રીક્ટ, રાજસ્થાન) થી જેસલમેર (રાજસ્થાન) ની જાત્રા માટે નીકળ્યા ત્યારે ચોથા દિવસે રસ્તામાં અકસ્માત થયો. સવારે ૬:૫૫, ૧૨મી નવેમ્બર ૨૦૦૯ના દિવસે બાલોત્રા-બાડમેરના રસ્તે,મુનિ શ્રી જંબૂવિજયજી અને બીજા ત્રણ શિષ્યો સાધુ મહારાજને બેફામ ગતિએ જતી જીપગાડી પાછળથી આવીને ઘાતકી રીતે અથડાઈ હતી. એ વખતે હું, સાધુ ભગવંતોથી ચાર કીલોમિટર આગળ, સાધ્વીજી ભગવંતો સાથે વિહારમાં હતો.

જેવા અમને અકસ્માતના સમાચાર મળ્યા અમે ઘટનાના સ્થળે પહોંચ્યા. ત્યારે ત્યાં ચાર સાધુ ભગવંતો લોહીના ખાબોચીયામાં પડ્યા હતા. મુનિ શ્રી જંબૂવિજયજી (૮૭ વર્ષનાં) અને તેમના શિષ્ય નમસ્કારવિજયજી (૩૪ વર્ષના) ઘટનાના સ્થળે કાળધર્મ પામેલા. અને બંનેના શરીર તદ્દન ઠંડા હતા. બંનેનો અગ્નિસંસ્કાર ૧૩ મી નવેમ્બર ૨૦૦૯ શંખેશ્વર (પાટણ ડીસ્ટ્રીક્ટ-ઉત્તર ગુજરાત) કરવામાં આવ્યો હતો.

**ઘટનાક્રમ :-**

૯ નવેમ્બર : આઠ સાધુ મહારાજ, સાત સાધ્વીજી મહારાજ, એક સહાયક, એક ડ્રાઈવર અને હું. નાકોડા (બાડમેર ડીસ્ટ્રીક્ટ, રાજસ્થાન) થી જેસલમેરની જાત્રા માટે નીકળ્યા. લગભગ ૧૫ કી.મી. વિહાર સવારે અને સાંજે કરીને અમે તિલવાલા ગામની સ્કૂલે રાત્રિરોકાણ કર્યું.

૧૦ નવેમ્બર : ફરી ૧૫ કી.મી. વિહાર તથા રાત્રિરોકાણ તિલવાલા ગામની નજીકના નાના ગામની સ્કુલમાં કર્યું. ૧૧ નવેમ્બર : ૧૫ કી.મી. વિહાર પછી રાત્રિરોકાણ બાલોત્રા બાડમેર રોડ પર ૧૩ કી.મી. બાઈટુથી દૂર એક સ્કૂલમાં કર્યું.

૧૨ નવેમ્બર : ૫:૩૦ સવારે જિનેન્દ્રપ્રભાશ્રીજી તથા બીજા છ સાધ્વીજી ભગવંત અને મેં બાઈટુ જવા માટે વિહાર શરૂ કર્યો.

૬:૩૦ સવારે આઠ સાધુ ભગવંતોએ સ્કૂલ છોડી. જંબૂવિજયજી મહારાજ સાહેબે બીજા બે સાધુ ભગવંતો, ધર્મઘોષવિજયજી તથા હિમવંતવિજયજી મહારાજ સાહેબનો હાથ પકડી વિહાર શરૂ કર્યો. નમસ્કારવિજયજી મહારાજ સાહેબ તેમની પાછળ વ્હીલચેર લઈને નીકળ્યા, જેથી જ્યારે પણ જંબૂવિજયજી મ.સા.ને જરૂર પડે તો વ્હીલચેરમાં બેસાડી શકાય. બીજા ચાર સાધુ મહારાજ અને ઉંમરલાયક સાધુ શ્રી ધર્મચન્દ્રવિજયજી મ.સા. કે જેઓ વ્હીલચેરમાં હતા તેઓએ પણ ધીરે ધીરે વિહાર ચાલુ કર્યો. જે સ્કૂલમાં આગલી રાત્રે સાધુ-સાધ્વીજી મ.સા. રાત્રે રહ્યા હતા ત્યાં રૂમની સફાઈ કરીને સહાયક ભાઈ બાઈક પર અને ડ્રાઈવર ટ્રક લઈને સાધુ ભગવંતો પાછળ નીકળ્યા.

૬:૫૫ સવારે હિમવંતવિજયજી મ.સા. કે જેઓ એકલા સઘળી ઘટનાના સાક્ષી હતા. તેમની દૃષ્ટિએ, ચાર સાધુ ભગવંતો રોડની ડાબી બાજુએ રોડના કિનારા પર ચાલતા હતા ત્યારે અત્યંત શીઘ્ર ગતિમાં આવતી ટોયોટા ક્વોલીસ કાર તેમને અથડાઈ હતી. નમસ્કારવિજયજી મ.સા. અકસ્માત થતા

તત્ક્ષણે જ કાળધર્મ પામ્યા હતા. અકસ્માતમાં નમસ્કારવિજયજી મ.સા. ઉપર વ્હીલચેર તથા કાર ફરી વળ્યા હતા. જંબૂવિજયજી મ.સા. ગબડીને નમસ્કારવિજયજી મ.સા. ઉપર હતા. તેમનુ માથું સખત જોરથી અથડાયું હતું અને તેમના પેટ તથા હાડકાં ચગદાઇ ગયાં હતાં. આમ છતાં, બેભાન અવસ્થામાં તેઓશ્રીના શ્વાસોચ્છવાસ ચાલુ હતા. પૂજ્ય ધર્મઘોષવિજયજી કે જેઓએ ગુરુ જંબૂવિજયજી મ.સા.નો ડાબો હાથ ઝાલ્યો હતો, તેઓના બંને પગ સખત ઘવાયા હતા અને ખસી શકે તેમ નહોતા. છતાં મદદ માટે બૂમો પાડતા હતા. ટોયોટા ક્વોલીસ ઘટનાના સ્થળેથી ૫૦ કી.મી. દૂર ઊભી રાખી, જેમાંથી તેના ચાર મુસાફરો ઝાડીમાં દોડી ગયા.

૭:૦૦ સવારે - પૂજ્ય હિમવંતવિજયજી મ.સા.ના કહેવા પ્રમાણે પૂ. જંબૂવિજયજી મ.સા. ના શ્વાસોચ્છવાસ બંધ થઇ ગયા.કોઇ પણ મદદ મળી નહીં.

૭:૧૦ સવારે - પુંડરિકરત્નવિજયજી મ.સા.ના કહેવા પ્રમાણે તેઓ તથા બીજા ત્રણ સાધુ ભગવંતો, જેઓ એક કી.મી. જંબૂવિજયજી મ.સા. તથા બીજા ત્રણ સાધુઓથી પાછળ હતા, ઘટનાસ્થળે પહોંચ્યા.

૭:૨૦ સવારે - એક ડ્રાઇવરે અમને જણાવ્યું કે એક ઘાતકી અકસ્માત થયો છે જેમાં કેટલાક સાધુઓ એક જીપની નીચે ચગદાઇ ગયા છે અને બીજાઓને જીવલેણ ઈજાઓ થઇ છે. આઘાતજનક આ સમાચાર સાંભળતા અમે - સાધ્વીજી અને હું ચોંકી ઊઠ્યા. અકસ્માતના સ્થળેથી ચાર કી.મી. આગળ હતા, દોડતા ઘટનાસ્થળે પહોંચ્યાં. અત્યંત ભયાનક અને કરૂણ દશ્ય હતું. મુનિશ્રી જંબૂવિજયજી મ.સા. અને નમસ્કારવિજયજી મ.સા.ના મૃતદેહ પડ્યા હતા અને વૃદ્ધ સાધુ ધર્મઘોષવિજયજી મ.સા. લગભગ બેહોશ હતા કે જેઓ ઘાતકી ટોયેટા સાથે ૫ મીટર સુધી ઘસડાયા હતા.

૮:૦૦ સવારે - ૧૨ કી.મી. દૂર બાઇટુથી પોલીસ આવ્યા. એજ વખતે બાલોત્રાથી ૩૫ કી.મી. દૂરથી એમ્બ્યુલન્સ પણ આવી. માત્ર ધર્મઘોષવિજયજી મ.સા. અને હિમવંતવિજયજી મ.સા.ને હોસ્પિટલ લઇ જવા એમ્બ્યુલન્સ નીકળી અને જંબૂવિજયજી મ.સા. અને નમસ્કારવિજયજી મ.સા.ના નિર્જીવ દેહને કારમાં નાકોડા લઇ ગયા. મારી પાસે કેમેરો હતો. પોલિસે મને રસ્તા પરના નમસ્કારવિજયજી મ.સા.નો અને કારમા રહેલા જંબૂવિજયજી મ.સા.નો ફોટો લેવાનું કહ્યું.

૮:૩૦ સવારે - અમે બાલોત્રાની હોસ્પિટલે પહોંચ્યા.

૯:૦૦ સવારે - બાલોત્રાથી ૧૨ કી.મી. દૂર, નાકોડા પાર્શ્વનાથ જૈન દેરાસર પાસે, કાળધર્મ પામેલા

સાધુ ભગવંતોના મૃતદેહ અંતિમ દર્શન માટે મૂક્યા હતા. તે વખતે ત્યાં ઉગ્ર ચર્ચા ચાલી હતી કે અગ્નિસંસ્કારની અંતિમ ક્રિયા બંને સાધુ ભગવંતોની નાકોડા થવી જોઈએ, ગુરુ ભગવંતોનુ છેલ્લું ચાતુર્માસ નાકોડા હતું તેથી. આમ છતાં હાજર રહેલા ઘણા બધા સંઘના આગેવાનોએ નક્કી કર્યું કે જ્યાં મુનિશ્રી ભુવનવિજયજી મ.સા. (જંબૂવિજયજી મ.સા.ના પિતાશ્રી તથી ગુરુ) નો અગ્નિસંસ્કાર થયો હતો ત્યાં શંખેશ્વરમાં અગ્નિસંસ્કાર માટે મૃતદેહને લઈ જવા.

૧૩ નવેમ્બર ૧:૦૦ રાત્રે - નાકોડાથી શંખેશ્વર કારમાં અમે ૩૫૦ કી.મી. ગયા.

૭:૦૦ સવારે - આગમ મંદિર, શંખેશ્વર પહોચ્યા. જ્યાં ગુરુભગવંતના નિર્જીવ દેહને દર્શન માટે મૂક્યા હતા.

૩:૩૦ બપોરના - બે જુદી જુદી પાલખીઓમાં ગુરુ ભગવંતોને પધરાવ્યા.

૪:૦૦ બપોરના અંતિમયાત્રા, પાલખીયાત્રા આગમમંદિરથી ૨ કી.મી. દૂર સમાધિ સ્થળે લઈ જતા શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસર થઈને નીકળી. ભારતના ખૂણે ખૂણેથી હજારો દર્શનાર્થીઓ અંતિમ દર્શનાર્થે આવ્યા હતા.

૫:૦૦ બપોરના- અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો.

૯:૩૦ રાત્રે - અગ્નિસંસ્કાર પૂરો થયો.







૧૪ નવેમ્બર - ગુરુ ભગવંતોના અસ્થિ નાનાં પાત્રોમાં એકત્ર કરવામાં આવ્યા. જંબૂવિજયજી મ.સા.ના અગ્નિસંસ્કાર પછીની ભસ્મના સેંકડો નાના પેકેટ્સ શ્રદ્ધાળુઓને આપવામાં આવ્યા હતા.

૧૮ નવેમ્બર - તપાગચ્છ જૈન સંઘે પૂજ્ય જંબૂવિજયજી મ.સા.ની ગુણાનુવાદ સભા ભરી હતી. સભામાં ગચ્છાધિપતિએ ‘અનોપ મંડલ’ ને અકસ્માત માટે જવાબદાર ગણાવ્યા હતા.

૨૮ નવેમ્બર - મુનિશ્રી હિમવંતવિજયજી મ.સા. સહિત પાંચ સાધુ મહારાજ, સાત સાધ્વીજી મહારાજ, એક ડ્રાઈવર અને ત્રણ સહાયકો શંખેશ્વરથી પાટણ વિહાર કરીને ગયા.

૨૯ નવેમ્બર - મુજપુરથી પાટણની જાત્રામાં હું જોડાયો જે શંખેશ્વરથી ૧૨ કી.મી.ની દૂરી પર છે.

૨જી ડીસેમ્બર - બધા સુખરૂપ શ્રી સાગર જૈન ઉપાશ્રય પાટણ પહોંચ્યા. ત્યાંથી હું અમદાવાદ જવા નીકળ્યો.

૧૨ ડીસેમ્બર - ૯:૦૦ સવારે પૂજ્ય જંબૂવિજયજી મ.સા.ની બીજી ગુણાનુવાદ સભા સાગર જૈન ઉપાશ્રય, પાટણ યોજાઈ.

૩:૦૦ બપોરે - પાટણમાં પંચાસર પાર્શ્વનાથ દેરાસરમાં નવ્વાણું પ્રકારી પૂજાનું સુંદર આયોજન યોજાયું.

**વર્તમાન પરિસ્થિતિ -**

પૂજ્ય ધર્મઘોષવિજયજી મ.સા., જેઓ અકસ્માત પછી જોધપુર (રાજસ્થાન) હોસ્પિટલમાં સારવાર લેતા હતા, તેઓ ભાનમાં આવી ગયા છે, અને આ જાન્યુઆરીમાં તબિયત સુધરતાં હોસ્પિટલમાથી રજા આપશે. બાકીના સર્વે સાધુ, સાધ્વીજી ભગવંત પાટણમાં લગભગ એક વર્ષથી ઓછું રોકાણ કરશે અને સ્થાનિક પંડિતો પાસે અભ્યાસ કરશે. પૂજ્ય ગુરુદેવ જંબૂવિજયજી મહારાજની અંતિમ ઈચ્છા દરેક મેનુસ્ક્રીપ્ટનું સ્કેનીંગ ડીસેમ્બર ૨૦૦૯ થી માર્ચ ૨૦૧૦ સુધીમાં પૂર્ણ કરવાની હતી તે કામ આગળ ધપાવશે. આ કારણે જ પૂ. જંબૂવિજયજી મ.સા. ફેબ્રુઆરી ૨૦૦૯ થી જુન ૨૦૦૯ સુધી પાટણમાં સ્થિરવાસ હતા.

૧૨ મી નવેમ્બરે ઘાતક વાહનના ડ્રાઈવરને બાઈટુથી પોલિસે પકડી પાડ્યો હતો પરંતુ માની ન શકાય કે માત્ર દસ દિવસની પૂછપરછ બાદ તેને જામીન પર છૂટો કરવામાં આવ્યો હતો. પોલિસ ડીપાર્ટમેન્ટે હજી તે અનોપ મંડલનો સભ્ય છે કે કેમ તે નક્કી નથી જણાવ્યું તથા તે એક સાચો ગુનેગાર છે કે નહી તે પણ નક્કી નથી જણાવ્યું.

**સામાજિક પ્રતિક્રિયા -**

આ અકસ્માત પહેલા, ૯ નવેમ્બર ૨૦૦૯માં મહેસાણા (ગુજરાત) પાસે ચાર સાધ્વીજી મહારાજ પણ આવા અકસ્માતથી માર્યા ગયા હતા. જૈન સમુદાય દઢપણે માને છે કે જૈન સાધુ-સાધ્વીજી ભગવંતના આવા અકસ્માત એ માત્ર અકસ્માત નથી પરંતુ અનોપ મંડલ દ્વારા તેમની હત્યા કરવામાં આવી છે. સાહજિક રીતે જ, સમાચાર પત્રો અને મેગેઝીનમાં 'આ અકસ્માત નહીં પણ ષડયંત્ર હતું' અથવા "ગુનેગાર કોણ ?" વિગેરેથી સમાચાર છાપ્યા હતા.અગાઉ જણાવ્યા પ્રમાણે તપાગચ્છાધિપતિ સત્તાવાર રીતે અનુપ મંડલને જ આ સામૂહિક હત્યા માટે આરોપી ઠેરવે છે. નાના વિહાર શંખેશ્વરથી પાટણ જવામાં પણ પૂ. જંબૂવિજયજીના સાધુ સાધ્વીજી ભગવંત અત્યંત ગભરાટમાં હતા. તેમને હતું કે અનોપ મંડલવાળા ફરી તેમને નિશાન બનાવી મારી નાંખશે. બધાએ મને તેમની સાથે વિહારમાં નહીં જવા કહ્યું, કારણ કે અનોપ મંડળવાળાને સમાચાર પત્રમાંથી માહિતી મળે કે હું પણ વિહારમાં છું અને અચૂક અકસ્માત કરે. પરંતુ હું દઢ આત્મવિશ્વાસથી અને સંકલ્પ સાથે વિહારમાં જોડાઈ ગયો અને જાત્રા સુખરૂપ થઈ.

ઊલટાનું જેમ ભારતભરમાં થતા અનેક અકસ્માતોની જેમ મોટાભાગના અજૈન તથા પોલિસ આવા અકસ્માતોને માત્ર સાહજિક અકસ્માત જ ગણે છે. કમનસીબે તેઓને ખ્યાલ નથી કે આ અકસ્માતે એક સંતની કીમતી જિંદગી ઝૂંટવી લીધી છે કે જેઓ પવિત્ર, અત્યંત જ્ઞાની, આખી દુનિયામાં ઊંચું બહુમાન ધરાવનાર હતા.

**મારા પૃથક્કરણ અને વિચારો -**

હું કોઈ ચોક્કસ નિર્ણય ન કરી શકું કે આ એકમાત્ર અકસ્માત હતો કે મારી નાખવા માટેનું પૂર્વયોજિત ષડ્યંત્ર હતું. કારણ કે એક તો હું અકસ્માતના સ્થળેથી ૪ કી.મી. દૂર હતો અને બીજું હું એક પરદેશી છું. એક બાજુ અકસ્માત વખતની નીચે જણાવેલ પરિસ્થિતિઓ જોતાં મને સ્પષ્ટ લાગે છે કે આ અકસ્માત મારી નાખવાના આશયથી જ કરવામાં આવ્યો હતો. (૧) નાકોડા-બાડમેર રોડની પાછળની ટેકરી પરથી આ ગાડી ખૂબ જ ગતિથી અને બેફામ રીતે આવી હતી.(૨) સૂર્યોદયના લગભગ ૧૫ મિનિટ પછી પ્રકાશમાન સફેદ રંગના આકાશમાં સાધુ ભગવંતોના સફેદ કપડાં એક થઈ જતાં તેમને બરાબર જોઈ શકાયા ન હોય.(૩) ટોયોટા ક્વોલીસનો ડ્રાઈવર ખૂબ જ ખતરનાક ગતિએ ચલાવતો હોવાથી યોગ્ય સમયે કાર રોકી ન શકતાં સાધુ ભગવંતોને અડફેટમાં લીધા હોય. ગમે તે હોય પરંતુ સાધુ ભગવંતોનો કોઈ દોષ નહોતો.

બીજી બાજુ, ઘણા ગહન પ્રશ્નોના જવાબ નથી મળતા. પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબ કે જેઓ એકદમ સલામત રીતે, ચાર સાધુ ભગવંતોની વચ્ચે, રોડની કિનારીએ ચાલતા હોવા છતાં સૌથી વધુ જોખમી ઈજા એમને જ પહોચી ? ડ્રાઈવરે અચૂક ચાર સાધુઓ કે જેઓ એક કી.મી. પાછળ હતા, તેમને બરાબર જોયા હશે અને તેમને સલામત રીતે પસાર કર્યા હતા. શા માટે ડ્રાઈવરે પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સાહેબ આદિ ચારને જ ઊડાડી મૂક્યા ? આ કારણોથી, આ અકસ્માત એક કોયડો બની જાય છે અને જરૂરી બને છે કે લાગતા વળગતા તંત્રો તેની વધુ તપાસ કરે.

છેલ્લે, મારાં નમ્ર મંતવ્યો રજૂ કરું છું. એક જાપાનીઝ વિદ્યાર્થી તરીકે, જે છેલ્લા બે વર્ષથી ભારતમાં અભ્યાસ કરી રહ્યો છું. હું જૈન સાધુસમાજથી અત્યંત પ્રભાવિત છું કે જેઓ ઠંડી કે ગરમીના વિચાર વિના પગપાળા વિહાર કરી ગામોગામ ફરે છે. સામાન્ય જન અત્યંત અહોભાવપૂર્વક માન આપે છે. આમ છતાં આ અકસ્માતે બે મુખ્ય સમસ્યાઓ રજૂ કરી છે. એક તો, સરકાર રસ્તા પરના કાયદાવ્યવસ્થા જાળવવા નિષ્ક્રિય છે. અને, મોટા ભાગે જૈન સમાજ જૈન સાધુ ભગવંતોની દરેક પાસાથી પૂરી દરકાર કરે છે અને

સંભાળે છે; છતાં નાનાં ગામોમાં વિહાર દરમ્યાન તેમને રહેવા-જમવાની યોગ્ય વ્યવસ્થા જળવાતી નથી.

હું દઢપણે ઇચ્છું છું અને માનું છું કે ભારતની પ્રજા અને સરકારે મળી રસ્તાઓ સુરક્ષિત બનાવવા જોઈએ. અને જરૂરી ચુસ્ત કાયદો વ્યવસ્થા તાત્કાલિક અમલમાં મૂકવી જોઈએ. ભારતમાં વાહન વ્યવહારના કાયદા અને તેનો અમલ અત્યંત નિષ્ક્રિયપણે ચાલી રહ્યા છે. વળી, જેની પાસે બે પૈડાંના વાહન છે તે ખૂબ આસાનીથી લાંચ આપીને મોટરકારનું ડ્રાઈવીંગ લાયસન્સ મેળવી શકે છે. આથી મોટા ભાગના ડ્રાઈવરો વાહનવ્યવહારના કાયદાથી અપરિચિત-અજાણ હોય છે અને સામાન્ય જનતા માટે ખતરનાક હોય છે. જોઈ શકાય છે કે ભારત વાણિજ્ય આદિ ક્ષેત્રે હરણફાળ પ્રગતિ સાધી રહ્યું છે, સુંદર રસ્તાઓનાં આયોજન દરેક જગ્યાએ થઇ રહ્યા છે અને મધ્યમ વર્ગના લોકો પણ ટાટા-નેનો જેવી સસ્તી ગાડીઓ ખરીદી શકે છે. ત્યારે આશ્ચર્ય નથી થતું કે રોજ અખબાર પત્રોમાં શા માટે વાહનના અકસ્માતોના સમાચારો જોવા મળે છે ! આનાથી પણ કફોડી સ્થિતિ હું જોઇ શકું છું - જે કંઇ હોય, મને અત્યંત આઘાત થાય છે કે એક કાર ડ્રાઈવર કેવી રીતે અત્યંત નિર્દોષ એવા જૈન સાધુ કે જેઓ રસ્તાની એક બાજુ ચાલતા હતા અને જ્યારે રસ્તા પર ખૂબજ ઓછાં વાહનો હતાં છતાં તેમને કાર અથડાવીને તેમની હત્યા કરે. તેનાથી પણ વધુ ગંભીર પ્રશ્ન, બાઇટુની પોલિસ આ અકસ્માતને ગંભીર રીતે લેતી નથી.





જૈન સમાજ માટે જણાવું તો, મોટા ભાગના જૈનો મોટા શહેરો જેવાં કે મુંબઇ, કોલકત્તા, ચેન્નાઇ અને અમદાવાદ જતા રહ્યા છે. નાનાં ગામોમાં કોઇ જૈનો નથી કે જૈન સાધુઓને જરૂરી આહાર-પાણી આદિ આપી શકે. આથી જૈન સાધુઓ સહાય વગરના હોય છે. આ કારણથી જૈન સમાજે જરૂરી વ્યવસ્થા ઊભી કરવી જોઇએ. જેથી વિહારમાં એક ગામથી બીજે ગામ જતાં તેમની સાથે જાણકાર માણસ હોય. એક વખત એક જાણકાર માણસે સાધુ ભગવંતોને એક કેડી પરથી લઇ જઇ પછીના વિહારધામ પર સહીસલામત પહોંચાડ્યા હતા, ત્યારે મને ખૂબ આનંદ થયો હતો.

આ ઉપરાંત જૈન સમાજે ઉકળેલા પાણીની તથા ગોચરીની યોગ્ય વ્યવસ્થા કરવી અત્યંત જરૂરી છે. મેં મારી આંખે પ્રત્યક્ષ જોયું છે કે સાધુ-સાધ્વીજી ભગવંતોને વિહાર દરમ્યાન અનેક મુશ્કેલીઓ ઉપરાંત યોગ્ય ગોચરી-પાણી મળતાં નથી.


હું સકલ જૈન સંઘોને નમ્ર વિનંતિ કરું છું કે જૈન સાધુ સમાજને યોગ્ય સર્વ સામગ્રી દરેક વિહાર ગામોમો યથોચિત મળી રહે તેનું ધ્યાન રાખે. ગ્રામજનોને આ સાધુસંતોની હાજરી અને તેમના જ્ઞાનથી અચૂક લાભ થશે.

★ આ લખાણ લખવામાં પૂજ્ય મુનિશ્રી હિમવંતવિજયજી અને પૂજ્ય મુનિશ્રી પુંડરિકરત્નવિજયજીનાં યથાયોગ્ય સૂચનો તથા શ્રી

સોમચંદભાઈ વી. શાહ અને શ્રીમતી લીનાબેન ધનાણી કે જેમણે મારા અંગ્રેજી લખાણમાં સુધારા કર્યા, તેઓ સૌનો હું ઋણી છું.

નોંધ : આ અંગ્રેજી લખાણનું ગુજરાતીમાં ભાષાંતર કરી આપનાર શ્રી હંસાબહેન જવાહરભાઈ શાહ - સેટેલાઈટ (અમદાવાદ)નો અમો આભાર માનીએ છીએ.





# પ.પૂ.આગમપ્રજ્ઞ મુનિશ્રી જંબૂવિજયજી મહારાજનું
# જીવનચરિત્ર

પૂ. મુનિશ્રી પુંડરિકરત્નવિ. મ.

પ.પૂ.મુ.શ્રી **જંબૂવિજયજી** મ.સા.નું મોસાળ ઝીંઝુવાડા. જે ગામની ટપકા રૂપે પણ નોંધ કોઈ ગુજરાતના નકસામાં આવતી નથી, એવા સાવ નાનકડા ગામમાં તેઓ જન્મ્યા અને તેવા પણ ગામને વિશ્વના વિદ્વત્ જગતમાં ગાજતું કરવાનું કામ પૂજ્યશ્રીએ પોતાની પ્રચંડ પ્રતિભા દ્વારા કર્યું. આવા પૂજ્યશ્રીને જાણવા માટે તેમના પાયામાં રહેલા તેમના માતા પિતાને પ્રથમ સમજવા પડે. એમનું જીવન કેટલું ઉદાત્ત હશે કે જેમણે પોતાના એકના એક પુત્રને સંસારમાં ન રાખતા સંયમમાર્ગે પ્રણાય કરાવ્યું અને તેમને પ્રતિભાવંત બનાવવા પાછળ પોતાની તમામ શક્તિઓ કામે લગાડી.

તેમના પિતાશ્રીનું સંસારી નામ **ભોગીલાલભાઈ** હતું. બહુચરાજી પાસેનું **દેથલી** ગામ એ તેમનું વતન, પણ કુટુંબ ઘણું વિશાળ હોવાથી ભોગીલાલભાઈના પિતાશ્રી મોહનલાલ જોઈતારામ શંખેશ્વરતીર્થથી ૩૦ કી.મી. દૂર માંડલ ગામમાં કુટુંબની બીજી દુકાન હોવાથી ત્યાં રહેતા હતા. ભોગીલાલભાઈના માતુશ્રી ડાહીબેન પણ મૂળ માંડલના જ હતા. તેમની કુક્ષીએ વિ.સં. ૧૯૫૧માં શ્રાવણવદિ પંચમીને દિવસે ભોગીલાલભાઈનો માંડલમાં જન્મ થયો હતો.

એકવાર ભોગીલાલભાઈ પારણામાં સૂતા હતા ત્યારે અત્યંત પ્રભાવશાળી પાયચંદગચ્છીય ભાયચંદજી



પૂ.મુનિરાજ શ્રીભુવનવિજયજી મ.સા. (પિતાશ્રી)

(ભ્રાતૃચંદજી) મહારાજ અચાનક ઘેર આવી ચડ્યા. પારણામાં સૂતેલા ભોગીલાલભાઈની મુખમુદ્રા જોતા હર્ષભેર બોલી ઉઠ્યા, આ તમારો પુત્ર અતિમહાન ધર્મોદ્યોત કરનારો થશે.

નાનપણથી જ સ્મરણશક્તિ અને બુદ્ધિપ્રતિભા અત્યંત તેજસ્વી હતા. નિશાળ છોડ્યા પછી ૪૦ વર્ષ બાદ પણ કવિતાઓ અક્ષરશઃ કહી સંભળાવતા. જ્ઞાનપ્રેમ અને જીવદયા એમના જીવનમાં વણાઈ ગયેલા હતા. વ્યવહારકુશળતા અને પરીક્ષાશક્તિ અજોડ હતી.

પંદર-સોળ વર્ષની ઉંમરે ઝીંઝુવાડાના વતની શા. પોપટલાલ ભાયચંદભાઈના સુપુત્રી **મણિબેન** સાથે તેમનો લગ્નસંબંધ થયો હતો. તેમનો પરિવાર આજે પણ ધર્મઆરાધનામાં શ્રેષ્ઠ ગણાય છે. તેમના પરિવારમાંથી ઘણા પુણ્યાત્માઓએ (પ્રાયઃ૨૨) દીક્ષા લીધી છે અને ખૂબ શાશન પ્રભાવના કરી છે, કરી રહ્યા છે.

વિ.સં. ૧૯૭૯માં મહાસુદિ ૧ને દિવસે અઠ્યાવીશમાં વર્ષે તેમને મણિબેનની કુક્ષીથી તેજસ્વી પુત્રરત્નની પ્રાપ્તિ થઈ, જે હાલ મુનિરાજ શ્રી **જંબૂવિજયજી** મ.સા.ના નામથી વિશ્વમાં પ્રસિદ્ધ છે. પુત્ર માત્ર ચાર વર્ષની વયનો થયો અને બન્ને જણાએ બત્રીસમા વર્ષે સંપૂર્ણ બ્રહ્મચર્ય વ્રત લીધું. વ્રતના દૃઢ પાલન માટે રોજ રાત્રે ઉપાશ્રયમાં જ સુઈ જવાનું રાખતા હતા. આટલી યુવાન વયમાં બ્રહ્મચર્યવ્રતની

ભીષ્મ પ્રતિજ્ઞા સ્વીકારવી એ શ્રી ભોગીલાલભાઈમાં રહેલા દૃઢ આત્મબળની સાક્ષી પુરે છે.

માત્ર ૩૮ વર્ષની યુવાન ઉંમરમાં માતા પિતા હયાત અને પુત્ર ૧૦ વર્ષની ઉંમરનો હોઈ ઘરમાંથી રજા નહીં મળે એમ સમજી પ.પૂ.આ.મ.શ્રી વિજય સિદ્ધિસૂરિશ્વરજી (બાપજી)મ.સા.ના વરદ હસ્તે વિ.સં. ૧૯૮૮ના જેઠવદિ છઠને દિવસે અમદાવાદમાં જ ગુપ્ત રીતે દીક્ષા લઈ લીધી. કેવો પ્રબળ વૈરાગ્ય ? પૂ. આ.મ.શ્રી મેઘસૂરીશ્વરજી મ.ના શિષ્ય તરીકે અને મુનિરાજશ્રી **ભુવનવિજયજી** મ. તરીકે પ્રસિદ્ધ થયા.

મહારાષ્ટ્રના વિહાર દરમિયાન નાસિક જિલ્લાના ચંદનપુરી તથા સપ્તશૃંગી બન્ને ગામોમાં દેવીના મેળા પ્રસંગે બલિવધ કરાતો અને હજારો પશુઓ અકાળે મૃત્યુના મુખમાં હોમાતા. વિ.સં. ૨૦૦૮માં પૂ. ભુવનવિજયજી મ.એ આ ભીષણ હત્યાકાંડ અટકાવ્યો.

પાલીતાણા ખાતે જ્યારે બારોટના હક્ક સંબંધી પ્રશ્ન ઉદ્ભવ્યો ત્યારે પણ તેઓશ્રીએ મક્કમપણે પોતાનો વિરોધ દર્શાવ્યો અને તેમની સુંદર કાર્યવાહીથી તેનું ઘણું સારું પરિણામ આવેલું. તેમનું મનોબળ ઘણું જ દૃઢ હતું અને જે પ્રશ્ન હાથમાં લેતા તેનો સુંદર નિકાલ લાવવામાં તત્પર રહેતા. શંખેશ્વર પાર્શ્વનાથ પ્રત્યેની એમની અપાર ભક્તિ હતી. તેથી અંતે તેઓ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની દિશામાં

પૂ.સાધ્વીજી શ્રીમનોહરશ્રીજી મ. (માતુશ્રી)



મુખ રાખી શંખેશ્વરતીર્થમાં જ, તેમના જ સ્મરણમાં લીનતાપૂર્વક સમાધિભાવે વિ.સં. ૨૦૧૫ના મહાસુદિ ૮ને સોમવારે રાત્રે ૧-૨૫ કલાકે કાળધર્મ પામ્યા.

પૂ.મુનિરાજશ્રી જંબૂવિજયજી મ.સા.ના પિતાશ્રીના ભવ્ય જીવનને સંક્ષેપથી જાણ્યા પછી હવે તેમના માતુશ્રીના જીવનની ઝલક પણ માણીએ. વિક્રમ સંવત્ ૧૯૫૧ માગશર વદિ ૨ શુક્રવાર તા. ૧૪-૧૨-૧૮૯૪ના દિવસે પિતા શાહ પોપટલાલ ભાયચંદના અત્યંત ધર્માત્મા ધર્મપત્ની બેનીબેનની કુક્ષીથી ઝીંઝુવાડામાં તેમનો જન્મ થયો. મણિબેન નામ રાખવામાં આવ્યું. તેમના પરિવારમાંથી (લગભગ ૨૨ જણા) અનેકે દીક્ષા ગ્રહણ કરી હતી. તેમના માતાપિતાના પરિવારનું જૈન સંઘમાં ઘણું મોટું યોગદાન છે. પોપટભાઈને ઈશ્વરલાલ તથા ખેતસીભાઈ એમ બે પુત્રો અને લક્ષ્મીબેન, શિવકોરબેન, મણિબેન તથા કેવળીબેન એમ ચાર પુત્રીઓ હતી. તેમાંથી એક પુત્ર ઈશ્વરલાલ ભાઈ તથા ત્રણ પુત્રીઓ લક્ષ્મીબેન, મણિબેન અને કેવળીબેને તેમના સંપૂર્ણ પરિવાર સાથે દીક્ષા લીધી. તેમના નામો દીક્ષા ક્રમાનુસાર નીચે પ્રમાણે છે. (કૌંસમાં જણાવેલ સંસારી સંબંધો પ.પૂ.મુ.શ્રી જંબૂવિજયજી મ.સા.ની અપેક્ષાએ જાણવા.)

૧. તપસ્વીપ્રવર મુનિરાજ શ્રીવિલાસવિજયજી મ.(સંસારી ઈશ્વરભાઈ પૂ.મુ.શ્રી જંબૂવિ.મ.ના મામા) ૨.તેમના જ પુત્ર આ.મ.શ્રીવિજય ૐકારસૂરીશ્વરજી મ. (મામાના દિકરા) ૩. પૂ.મુનિરાજ શ્રીભુવનવિજયજી મ.સા. (પિતાશ્રી) ૪. મુનિરાજ શ્રીજંબૂવિજયજી મ. ૫. આ.મ.શ્રીયશોવિજય-સૂરીશ્વરજી મ. (મામાના પૌત્ર) ૬. પૂ.મુનિરાજ શ્રીજિનચંદ્રવિજયજી મ. (મામાના દીકરા) ૭.પૂ.આ.મ. શ્રીમુનિચંદ્રસૂરીશ્વરજી મ. (મામાના પૌત્ર) ૮. પૂ.આ.મ. શ્રીરાજપુણ્યસૂરીશ્વરજી મ. (મામાના પૌત્ર)

સાધ્વીજીભગવંતો –

૧. પૂ.સાધ્વીજી શ્રીલાભશ્રીજી મ. (મોટા માસી) ૨. પૂ.સાધ્વીજી શ્રીકંચનશ્રીજી મ. (નાના માસી) ૩. પૂ.સાધ્વીજી શ્રીલાવણ્યશ્રીજી મ. (માસીની દીકરી) ૪. પૂ.સાધ્વીજી શ્રીવસંતશ્રીજી મ. (માસીની દીકરી) ૫. પૂ.સાધ્વીજી શ્રીમનોહરશ્રીજી મ. (માતુશ્રી) ૬. પૂ.સાધ્વીજી શ્રીજ્યોતિપ્રભાશ્રીજી મ. (મામાની દોહિત્રી) ૭. પૂ.સાધ્વીજી શ્રીકલ્પલતાશ્રીજી મ. (મામાની પુત્રવધૂ) ૮. પૂ.સાધ્વીજી શ્રીમોક્ષરસાશ્રીજી મ. (મામાની પૌત્રી) ૯. પૂ.સાધ્વીજી શ્રીતત્ત્વરસાશ્રીજી મ. (મામાની પૌત્રી) ૧૦. પૂ.સાધ્વીજી શ્રીપરમશ્રદ્ધાશ્રીજી મ. (મામાની પ્રપૌત્રી) ૧૧. પૂ.સાધ્વીજી શ્રીજિનશ્રદ્ધાશ્રીજી મ. (મામાની પ્રપ્રપૌત્રી)


આવા અદ્‌ભુત યોગિકુળના રત્નસમા મણિબેને (પૂજ્યશ્રીના માતુશ્રી) વિક્રમ સંવત્ ૧૯૯૫ મહાસુદિ બારસે તા. ૧૫-૨-૧૯૩૯ બુધવારે પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજય નીતિસૂરીશ્વરજી

મહારાજના વરદ હસ્તે અમદાવાદમાં દીક્ષા લીધી. તેમના સંસારીપક્ષે મોટાબેન પૂજ્ય સાધ્વીજી શ્રીલાભશ્રીજી મ. (સરકારી ઉપાશ્રયવાળા)ના શિષ્યા થયા. તેમનું નામ **મનોહરશ્રીજી** રાખવામાં આવ્યું. તેઓ ખૂબજ ભદ્રિક પરિણામી અને અત્યંત સરળ હૃદયના હતા. દીક્ષા પછી જ્ઞાનાભ્યાસ સાથે માસક્ષમણ, સોળભત્તુ, સિદ્ધિતપ, અનેક અઠ્ઠાઈઓ, ચત્તારી અઠ્ઠદસ દોય, સમવસરણ તપ, સિંહાસન તપ, વીશસ્થાનક તપ, પાંચ વર્ષીતપ, વર્ધમાન તપની ૬૦ ઓળી આદિ વિવિધ તપશ્ચર્યાઓ અને ગિરિરાજની નવ નવાણું પણ કરી હતી. શિખરજી આદિ અનેક કલ્યાણક ભૂમિઓની સ્પર્શના કરી હતી. તેમનો શિષ્યા-પ્રશિષ્યા પરિવાર સૂર્યપ્રભાશ્રીજી મ., આત્મપ્રભાશ્રીજી મ., સુલસાશ્રીજી મ. આદિ લગભગ બાવન જેટલો છે.

૧૦૦માં વર્ષમાં પ્રવેશ કર્યા પછી ૨૩ દિવસનું આયુષ્ય પૂર્ણ કરીને ૫૬ વર્ષનું સુંદર ચારિત્ર પાળી ચતુર્વિધ સંઘની હાજરીમાં નમસ્કાર મહામંત્રની ધૂન વચ્ચે પાલીતાણાના પવિત્ર તીર્થધામમાં પોષસુદિ ૧૦ના બુધવારે રાત્રે વિશા નીમા ભવનના ઉપાશ્રયમાં તેમનો કાળધર્મ થયો.

બા મહારાજના હુલામણા નામથી પ્રસિદ્ધિને પામેલા, અપાર વાત્સલ્યના મહાસાગર એવા તેમના હૃદયમાંથી નીકળતા આશીર્વાદના શબ્દોને સાંભળવા એ જીવનનો અણમોલ લ્હાવો હતો.





આવા ભવ્ય માતા અને પિતાની કુક્ષીએ વિક્રમસંવત્ ૧૯૭૯ મહાસુદિ ૧ શુક્રવાર તા. ૧૮-૧-૧૯૨૩ના દિવસે મોસાળની ભૂમિ ઝીંઝુવાડામાં પૂજ્યશ્રી જંબૂવિજયજી મ.સા.નો જન્મ થયો હતો. જન્મ સમયે તેમનું નામ **ચિનુ** પાડવામાં આવેલ. પણ જન્મથી જ કપાળમાં બીજના ચંદ્ર જેવો આકાર હોવાથી તેમને **બીજલ**ના હુલામણા નામે બોલાવતા. તેમના જન્મ પછી માતા અને પિતાએ ૩૨ વર્ષની જોબનવંતી વયમાં જ બ્રહ્મચર્યવ્રતની ભીષ્મપ્રતિજ્ઞા કરી લીધી હતી.

માત્ર ગુજરાતી ૪ ધોરણ સ્કૂલમાં ભણાવી પાંચમા ધોરણમાંથી સ્કૂલમાંથી રજા લેવડાવી દીધી. અને ચીનુભાઈને સાથે રાખીને સંસ્કૃત, પ્રાકૃત, કાવ્ય, વ્યાકરણ વગેરેનો અભ્યાસ દીક્ષા પહેલા જ પૂજ્ય પિતાશ્રીએ કરાવી દીધો. અને પછી ૧૪ વર્ષની ઉંમરે વિક્રમસંવત્ ૧૯૯૩ વૈશાખ સુદિ ૧૩ શનિવાર તા. ૨૫-૫-૧૯૩૭ના દિવસે રતલામમાં પૂ.ચંદ્રસાગરજી મ.સા.ના હસ્તે દીક્ષા આપી. પોતાનાપુત્રને હવે શિષ્ય બનાવ્યા. ગુજરાતમાં તે વખતે ગાયકવાડી સરકારનો બાળ દીક્ષા પ્રતિબંધધારો હોવાથી તેમની દીક્ષા મધ્યપ્રદેશના રતલામમાં થઈ હતી. તેમનું નામ મુનિશ્રી જંબૂવિજયજી રાખવામાં આવ્યું. તે પછી બે વર્ષે માતુશ્રીની દીક્ષા થઈ હતી.

દીક્ષા પછી પૂજ્ય મુનિ શ્રીજંબૂવિજયજી મ.સા.ને જ્ઞાન-ધ્યાનમાં અજોડ બનાવવા માટે પિતા

મુનિરાજ શ્રીભુવનવિજયજી મ.સા.એ બરાબર કમર કસી. અભ્યાસમાં એવા તો નિમગ્ન કરી દીધા કે મધ્યપ્રદેશનું ચાતુર્માસ પૂર્ણ થયું ત્યારે સંઘને ખબર પડી કે અત્રે તેમની સાથે તેમના પુત્રનું પણ ચાતુર્માસ ભેગું જ હતું. આખા ચાતુર્માસમાં કોઈ ગૃહસ્થને એમની પાસે પણ ફરકવા દીધા નહીં. એમના અભ્યાસમાં ખલેલ ન પડે માટે ગોચરી, પાણી, પડિલેહણ, આદિ બધા કાર્યો પિતાજી મ. પોતે જ કરી લેતા. અને પુત્રને અદ્ભુત જ્ઞાન સાધનામાં તરબોળ કરી દીધો. પરિણામ એ આવ્યું કે તે વખતના પ્રજ્ઞાચક્ષુ પ્રકાંડ વિદ્વાન એવા પંડિત સુખલાલજી અને પંડિત બેચરદાસે સાથે મળીને સાત વર્ષની જહેમત બાદ સમ્મતિતર્ક નામના જટીલ ગ્રંથનું સંપાદન કરેલું, તે ગ્રંથ પૂજ્યશ્રીના હાથમાં આવતાની સાથે માત્ર ૧૯ વર્ષની વયે એટલે કે દીક્ષાના પાંચમા વર્ષે તે ગ્રંથમાં રહેલી અનેક ત્રુટીઓ તરફ પંડિત સુખલાલજીનું લક્ષ દોર્યું. પંડિતજીને પણ લાગ્યું કે મારા જેવાના ગ્રંથમાં ભૂલો બતાડનાર આ પ્રતિભાવંત છે કોણ ? અને તેમણે તેમની પ્રચંડ પ્રતિભાને પારખીને પૂ.મુનિરાજ શ્રીપુણ્યવિજયજી મ. કે જેઓ આગમ સંશોધનનું કઠીન અને મહેનતપૂર્ણ કામ વર્ષોથી કરતા હતા તેમને એવી ભલામણ કરી કે - પૂજ્ય શ્રીજંબૂવિજયજી મ.ને દ્વાદશાર નયચક્રનું કામ સોંપો.

ન્યાયના વિષયનો પહેલો જ પ્રાથમિક કક્ષાનો ગ્રંથ તર્કસંગ્રહ કર્યા પછી તરતજ તેમની ન્યાયના વિષયની અદ્ભૂત પકડ જોઈને પૂ.મેઘસૂરીશ્વરજી મ.સા.એ આદેશ કર્યો કે સમ્મતિતર્ક તમે હવે જાતે જ વાંચી લો. પૂજ્યશ્રી કહે કે હજી તો હું એકડીયા જેવી કક્ષામાં છું અને સમ્મતિતર્ક તો કૉલેજ લેવલનો ગ્રંથ છે. હું શી રીતે સમજી શકીશ ? ત્યારે પૂજ્ય મેઘસૂરિજીએ કહ્યું કે હું કહું છું ને તમે વાંચી શકશો. અને એમના વચનની પ્રાસાદિકતાથી ખરેખર તે ગ્રંથ તેમણે જાતે વાંચી લીધો. તેમજ આગમો પણ જાતેજ તેમના કહેવાથી વાંચ્યા. ષડ્દર્શન અને ન્યાયના પ્રકાંડ અભ્યાસી થયા. તેથી તેમની બુદ્ધિ પણ સોળે કળાએ ખીલી ઉઠી હતી. ન્યાયનો અને દર્શનશાસ્ત્રનો પ્રાયે કોઈ ગ્રંથ બાકી નહોતો રાખ્યો. અને આ રીતે બુદ્ધિના દાવપેચમાં પારંગત થવાને કારણે તેમણે એક વખત પુનામાં એક વિદ્વાન્ પ્રોફેસરને જણાવ્યું કે 'ભગવાનનું કર્તૃત્વ મારા મગજમાં કોઈપણ હિસાબે બેસતું નથી. મારી બુદ્ધિથી ભગવાન કોઈપણ રીતે જગત્કર્તા તરીકે સિદ્ધ થતા નથી.' ત્યારે તે વિદ્વાને કહ્યું કે 'મહારાજ, તમે ભૂલ્યા. ભગવાન બુદ્ધિનો વિષય જ નથી. તે તો હૃદયનો વિષય છે. જેમ મોઢામાં દાંતણ રાખીને તમે કહો કે આનાથી તાવ માપી શકાતો નથી. એના જેવી વાત છે. તાવ માપવો એ દાતણનો વિષય જ નથી. એના માટે થર્મોમીટર જ જોઈએ. તેમ ભગવાન ઉપાસનાનો વિષય છે, તર્કનો નહીં. લાખો કરોડો માણસોનો અનુભવ છે કે ભગવાનની કૃપાથી અસાધ્ય

કાર્યો પણ સિદ્ધ થાય છે. એ અનુભવને તમે શી રીતે નકારી શકશો ?' એ પછી તો એમને હૈયામાં ભગવાન એવા વસી ગયા કે તેઓ પરમાત્માના પરમ ઉપાસક બની ગયા. એમની પ્રભુભક્તિ એવી હતી કે દેરાસરમાંથી બહાર નીકળતા કેટલીયે વાર ફરી ફરીને દરવાજે આવીને પાછા ભગવાન પાસે જાય. જાણે કે કલાકની ભક્તિ કર્યા પછી પણ ભગવાનથી જુદા થવું મુશ્કેલ થઈ જતું. અને ૮૭ વર્ષની જૈફ ઉંમરે પણ ખમાસમણ પર ખમાસમણ દીધે જ જાય તે જોઈને જુવાન સાધુઓ પણ અચંબો પામી જતા. બુદ્ધિના ખાં હોવા છતાં પરમાત્માની ભક્તિમાં આટલા ઓતપ્રોત થઈ ભગવાન પાસે સાવ નાના બાળક જેવા બની જવું એ બે પરસ્પર વિરોધી વાતો (બુદ્ધિ અને ભક્તિ)નો એમના જીવનમાં સમન્વય થયો હતો અને એ એમની અદ્‌ભુત વિશેષતા હતી. તેમજ તેઓ માતા અને પિતાના પણ પરમભક્ત હતા. તેઓ અમને કોઈ વાત કરતાં હોય તો વારંવાર એમના પિતાશ્રીને યાદ કરીને કહેતા કે મારા પિતાશ્રી મ. આમ કહેતા હતા. એમણે મને તૈયાર કરવામાં પોતાની જાત ઘસી નાંખી હતી. માતા પિતા મારા માટે ઘરમાં રહેતા જીવતા જાગતા ભગવાન છે. આ માતા પિતા સિવાય મારે હવે કોઈ ભવમાં બીજા કોઈને મા બાપ બનાવવા નથી. એક જ ઝંખના છે કે બસ ક્યારે હું મારા સ્વર્ગસ્થ માતા પિતાને મળું અને એમના દ્વારા મોક્ષની આરાધના કરું. હું એમનામાં સમાઈ જાઉં.


શ્રુતભક્તિ પણ એમની અદ્‌ભુત હતી. શાસ્ત્રોના સંશોધન-સંપાદનમાં કેટલીયેવાર પોતાના મનમાં સાચો પાઠ જુદો છે એવું લાગવા છતા શાસ્ત્રાધાર વિના પોતાની મતિથી કોઈપણ કાના-માત્રામાં કે શબ્દમાં ફેરફાર કરતા નહીં. કોઈ પાઠ ન બેસે તો એ જ્યાં સુધી ન બેસે ત્યાં સુધી ખાતા પિતા હરતા ફરતા અને ઉંઘમાં પણ એ જ વિચારો ચાલતા હોય અને જ્યારે કોઈ સ્ફુરણા થાય ત્યારે કોઈ અલભ્ય ચીજ મળી હોય તેવો આનંદ થતો. અમને પણ એ આનંદના સહભાગી બનાવતા.

**દ્વાદશાર નયચક્ર...**

આટલી પ્રચંડ વિદ્વત્તા હોવા છતાં અમને તો તેનો અણસાર પણ આવવા દેતા નહીં. બાપ દિકરા વચ્ચે હોય તેવા સહજ સંબંધોથી જ અમારી સાથે વર્તન કરતા. દુનિયા આખી નમતી હોય એવા વડાપ્રધાન પણ પુત્ર પાસે તો સામાન્ય બાપ જેવા જ હોય તેમ અમારી સાથે પણ તેમનું તેવું વલણ હતું. એકવાર શિખરજીના યાત્રા પ્રવાસમાં અમે બનારસ પહોંચ્યા. વારાણસી એટલે વિદ્વાનોની નગરી. વિદ્યાનું ઐતિહાસિક ધામ. ત્યાં સારનાથમાં બૌદ્ધ યુનિવર્સિટી છે. ત્યાં મુલાકાત લેવા માટે હું અને પૂજ્યશ્રી પહોંચ્યા. તે સમયે ત્યાંના મુખ્ય ચાન્સેલર તરીકે પ્રોફેસર સામટેન હતા. અમે ઓફીસની બહાર

મુલાકાતીઓ રાહ જોઈને બેસે ત્યાં એક બાંકડા પર બેઠા હતા. ૧૫-૨૦ મિનિટની પ્રતિક્ષા પછી એક પટાવાળો અંદરથી આવ્યો. તેણે અમને કહ્યું કે માફ કરજો, અત્યારે યુનિવર્સિટીનો દીક્ષાન્ત પદવીદાન સમારંભ છે. તેથી કોઈ મળી શકશે નહીં. એ વાત પૂરી કરે એટલામાં પ્રો. સામટેને પોતે ઓફિસમાંથી બહાર આવી સાહેબજીને કહ્યું કે અત્યારે અમે ઘણા વ્યસ્ત છીએ, મળવાનો સમય નથી, પછી આવજો. એટલે અમે ઉભા થયા ત્યારે પ્રો. સામટેને કુતુહલથી એક પ્રશ્ન પૂછ્યો : કે તમે કોણ છો ? સાહેબજીએ જણાવ્યું કે હું મુનિ જંબૂવિજયજી છું. આ નામ સાંભળતા જ પ્રો. સામટેન અત્યંત ગળગળા થઈ ગયા. કે ઓહો ! આપ પોતે મુનિ જંબૂવિજય છો ? તમે તો સરસ્વતીપુત્ર છો. તમારું દ્વાદશાર નયચક્ર વાંચ્યા પછી ભાવ હતો કે તમને ક્યારેક રૂબરૂ મળશું. તમે અદ્ભુત કામ કર્યું છે. અને પછી પોતાના બધા કામોને ગૌણ કરી કાશીના વિદ્વાન પંડિતોને ફોનો કરી જણાવ્યું કે મુનિ જંબૂવિજયજી પધાર્યા છે. જલ્દી આવો. ઘર આંગણે ગંગા આવી છે. અને લગભગ ૧૫-૨૦ મિનિટમાં પ્રોફેસર સામટેનની ઓફિસમાં કાશીના વિદ્વાન પંડિતોનો મેળો જામ્યો. તેમાં વેદાંતના પ્રકાંડપંડિતો હતા તો ન્યાયના ટોચના પંડિતો પણ હતા. સંસ્કૃત-વ્યાકરણ-કાવ્ય આદિમાં ઉચ્ચ પ્રતિભા ધરાવનારા પણ હતા. અનેક અનેક વિષયના પંડિતોનો મેળો જામ્યો. કલાકો સુધી બધા સાહેબજી સાથે ચર્ચા





કરતા રહ્યા. અત્યંત હૃદયના ભાવપૂર્વક પોત પોતાના સ્થાનમાં પધારવા માટે આગ્રહ કરી છૂટા પડ્યા. ત્યારે સમજાયું કે- 'વિદ્વાન્ સર્વત્ર પૂજ્યતે'. સાવ અજાણ્યા સ્થાનમાં તેમની વિદ્વત્તાની અમને જાણ થઈ. એમનું જૈનેતર સમાજમાં, વિદ્વજ્જગતમાં પણ કેવું ઉચ્ચ સ્થાન છે ! તે નજરે જોયું - અનુભવ્યું. એ એક વિશ્વવિભૂતિ હતા. આવી વિદ્વત્તાની ટોચે પહોંચેલ વ્યક્તિમાં સરળતા તો નાના બાળકને પણ શરમાવે તેવી હતી. તેમની વિદ્વત્તાની વાત સાંભળીને કેટલાય વિદ્વાનો જુદા જુદા વિષયની ચર્ચા કરવા, સમજવા તેમની પાસે આવતા; પણ કોઈ વિષયમાં પોતાને જ્ઞાન ન હોય કે અલ્પ હોય તો તેમની પાસે 'હું જાણતો નથી' એમ કહેવામાં જરા પણ સંકોચ રાખતા નહીં. એટલું જ નહિ તેની પાસે નમ્ર બાળક જેવા બનીને ભણતા પણ સંકોચ થતો નહીં.

શંખેશ્વરમાં ગેટ પર એક નેપાળી ગુરખો ચોકીદારનું કામ કરે. ડ્યુટી સિવાયના સમયે એક સામાન્ય ગણાતા નેપાળી ગુરખા પાસે વિશ્વની અંદર વિદ્વાનોમાં શિરોમણિ ગણાતા આ મહાપુરુષ નેપાળી ભાષા ભણવા બેસી જાય. એટલું જ નહિ દર વર્ષે ગુરુપૂર્ણિમાના દિવસે એ નેપાળીને યાદ કરી ભક્તો દ્વારા અવશ્ય ગુરુદક્ષિણા પહોંચતી કરાવે. અને એને નેપાળી ભાષાના વિદ્યાગુરુ તરીકે જાહેરમાં સન્માન આપે.

પૂજ્ય ગુરૂદેવના પિતાશ્રી ભુવનવિજયજી મ. કાળધર્મ પામ્યા ત્યારે પોતે સાવ એકલા થઈ ગયા. પિતાશ્રીના વિરહમાં પાગલ જેવા બની ગયા. ત્યારે પૂ. પં. શ્રીભદ્રંકરવિજયજી મ.સા. એ પોતાની પાસે દીક્ષા લેવા તૈયાર થયેલા શ્રાવકને કહ્યું કે જાઓ ભાઈ દીક્ષા જંબૂવિજયજી પાસે લો. તેને અત્યારે શિષ્યની ખૂબ જરૂર છે. અને એ શ્રાવકે સાહેબજી પાસે દીક્ષા લીધી. ત્યારે તેનું નામ પાડવાનો સમય આવ્યો ત્યારે પૂ. પં. શ્રીભદ્રંકરવિજયજી મ.ના ઉપકારની કાયમી સ્મૃતિ રહે અને પરમાત્મા શંખેશ્વર પાર્શ્વનાથ એ દેવની સ્મૃતિ રહે માટે તે પ્રથમ શિષ્યનું નામ મુનિ દેવભદ્રવિજયજી મ. પાડ્યું. જેથી બન્નેના નામોનો સમાવેશ થાય. પછી કેટલાક વર્ષો બાદ એ શિષ્યનો કારતક સુદિ બીજના લોલાડામાં કાળધર્મ થયો. તેમની સ્મૃતિમાં પોતાના જીવનના અંત સુધી દર મહિનાની સુદ બીજના ઉપવાસ કર્યા. અમને કહેતા કે એ મારો પ્રથમ હાથ પકડનાર છે. ગુરૂની સ્મૃતિમાં શિષ્ય ઉપવાસ કરે, તે સહજ છે પણ આ તો શિષ્યની સ્મૃતિમાં ગુરૂ ઉપવાસ કરતા હોય એ પ્રથમ દૃષ્ટાંત હશે એમ લાગે છે. એટલું જ નહીં પણ અમને હંમેશા કહેતા કે પૂ. પંન્યાસજી મ.સા.ના પરિવારનું કોઈ પણ કાર્ય હું અડધી રાતે પણ કરીશ. અને અમને ભલામણ કરતા કે તમે એમના પરિવાર સાથે આત્મીય સંબંધ રાખજો. આ કૃતજ્ઞતાની કેવી પરાકાષ્ઠા !

જામનગરના પંડિત શાસ્ત્રી વ્રજલાલ વી. ઉપાધ્યાયજી પાસે તેઓ ૨॥ મહિના સુધી શાંકરભાષ્ય પરની ભામતી ટીકાના પાઠ ભણેલા, અને ૨॥ વર્ષ સુધી તેમની સાથે વૈશેષિક ભાષ્યના પ્રુફો તપાસવાનું કામ કર્યું. એક વખત પૂજ્યશ્રીએ પંડિતજીને કહ્યું તમે મને ભણાવો. પંડિતજીએ કહ્યું : શું ભણાવું ! તમે તો સાક્ષાત્ સરસ્વતી પુત્ર છો. પૂજ્યશ્રી કહે તો તમારો વિષય ભણાવો. એમ એમની પાસે થોડો કાળ ભણવાનું થયું. તેથી દર વર્ષે ગુરૂપૂર્ણિમાએ એમને યાદ કરી જામનગરના ભક્તને કહેતા કે તમે આજે વ્રજલાલજી પંડિતજીને ગુરૂદક્ષિણા પહોંચાડી દેજો. અમે જ્યારે જામનગર ગયા ત્યારે સાહેબજી એમના ઘરે સામેથી પગલા કરવા ગયા. તે વખતે એ પંડિતજીને જે આનંદ થયો અને જે રીતે ગદ્ગદ્ થઈ ગયા તે દૃશ્ય આજે પણ મારી આંખ સામે તરવરે છે. સાહેબજીની જ્ઞાનપ્રતિભાનું રહસ્ય મને ત્યારે સમજાયું કે ગુરૂના હૃદયમાં પણ એમના માટે કેટલું સન્માનભર્યું સ્થાન તેઓએ જમાવ્યું હતું. જેના આશીર્વાદથી એમનું જ્ઞાન સહજ રીતે વૃદ્ધિ પામતું હતું.

પ.પૂ. પુણ્યવિજયજી મ.સા. એ તેમને સંશોધનની સામગ્રી પૂરી પાડી. માર્ગદર્શન આપ્યું. આગમ સંશોધનમાં જોડ્યા. એના ઉપકારને યાદ કરી આખા ગ્રંથનું સંશોધન પોતે કર્યું હોવા છતાં આજે પણ તેઓ આદ્ય સંશોધક તરીકે પોતાના પુસ્તકમાં પુણ્યવિજયજી મ.નું નામ અને તેમનો ફોટો છાપતા, એમને

ભણાવનાર પંડિતને મહિનાની ૧૫ રૂા. ફી એક કે બે મહિનાની આપનાર વઢવાણના રતિલાલ જીવણભાઈને હંમેશા કૃતજ્ઞતાથી યાદ કરતા, અને અમને જણાવતા કે એણે મારી ભણવાની ફી આપી હતી.

સંયમ જીવન પ્રત્યેની એમની જાગૃતિ પણ ગજબની હતી. વિહારમાં રસોડાની વ્યવસ્થા સાથે હોય ત્યારે કોઈ દિવસ એક ટંકે બે શાક પણ કરવા દેતા નહિ. એટલું જ નહિ રસોઈમાં કોથમરી કે લીલા મરચા કે ટામેટા પણ નાખવા દેતા નહીં. એમને આવું છેદન ભેદન કરાવવું બિલકુલ પસંદ નહીં. અમને કહેતાં કે આ તો અનિવાર્ય પણે રસ્તામાં આપણે વ્યવસ્થા કરાવવી પડે છે. આપણે કંઈ જલસા કરવા નથી નીકળ્યા. સંયમ પાલન કરવા નીકળ્યા છીએ.


૮૭ વર્ષની ઉંમરે પણ એમનામાં નવું ભણવાની જિજ્ઞસા એક બાળક જેવી હતી. હજી ગયા વર્ષે જ (સંવત ૨૦૬૫) પાટણના ભંડારનું કામ કરવા ૩II મહિના પાટણ રોકાવાનું થયું ત્યારે આદિત્ય દવે નામના અનેક ભાષાના વિદ્વાન યુવાન પાસે દર રવિવારે તેમને અમદાવાદથી બોલાવી જર્મન ભાષા ભણવા માટે બેસી જતા. તેથી જ તેઓ અનેક ભાષાના જાણકાર થયા હતા. વિહાર કરીને કોઈ ગામમાં જઈએ ત્યાંનું કોઈ પ્રસિદ્ધ સ્થાન હોય કે જ્યાં સેંકડો હજારો માણસો આવતા હોય તેવા સ્થાનો થાકીને ગયા હોય તો પણ જોવાનું કુતૂહલ તેમને રહેતું. મોટી ઉંમરે પણ આ રીતે તેઓ બિલકુલ બાળક જેવા હતા.

એમની નિઃસ્પૃહતા પણ ગજબની હતી. અનેક સંઘોના અને આચાર્ય ભગવંતોના પદવી ગ્રહણ માટેના દબાણો હોવા છતાં તેમણે ક્યારેય પદવીનો મોહ રાખ્યો નથી. તેઓ એક જ વાત કરતા કે - 'હું ભગવાનના મુનિપણાને સાર્થ કરું તો પણ ઘણું છે.' પાટણનો સંઘવી પાડાનો ભંડાર ઘણો પ્રાચીન અને અત્યંત કિંમતી એવા અનેક તાડપત્રીય ગ્રંથોનો સંગ્રહ હતો. એ ભંડારને લેવા માટે અનેકોએ અનેક રીતે પ્રયત્નો કર્યા હતા. કસ્તુરભાઈ લાલભાઈએ પણ માગણી કરેલી. પણ તેના માલિક નરેન્દ્રભાઈ પટવાએ કોઈને ન આપ્યો. અને પૂજ્યશ્રીને સામેથી વગર માગ્યે યોગ્ય જાણી કોઈપણ લાલચ વિના અર્પણ કર્યો. આવો કિંમતી અજોડ તાડપત્રીય જ્ઞાનભંડાર મળવા છતા પૂજ્યશ્રીએ પટવાને કહ્યું કે આ પાટણની મૂડી પાટણમાં જ રહેવી જોઈએ. તેથી પાટણમાં હેમચંદ્રાચાર્ય જ્ઞાનભંડારમાં સાહેબજીએ સામેથી વાજતે ગાજતે જઈ અને મુકાવ્યો. કેવી નિઃસ્પૃહતા ! છાપામાં માત્ર રાજકારણનું પાનું જ વાંચે. રાજકારણમાં એમને ઉંડી સમજ અને અભ્યાસ. તેથી અનેક રાજકીય નેતાઓ તેમને મળવા આવતા ત્યારે તેમને યોગ્ય સલાહ આપતા. એમની સાથેના સંબંધો પણ ઘણા ઘનિષ્ઠ હતા છતા ક્યારેય પોતાની મહત્તા વધારવા માટે

એમણે એમનો ઉપયોગ કર્યો નથી. એટલું જ નહિ એમની સાથે ક્યારેય ફોટા પણ પડાવીને સંગ્રહ કરતા નહિ.

નિષ્પક્ષતા તો એવી કે, શંખેશ્વરમાં અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થના કેસમાં પુરાણા પુરાવાઓ મેળવવા માટે કોર્ટ એમની પાસે આવી. ત્યારે તેમણે શ્વેતાંબરોની તરફેણમાં અનેક પુરાવાઓ એટલી તટસ્થતાથી રજૂ કર્યા કે દિગંબર પક્ષના મુખ્ય સૂત્રધાર ધન્યકુમારે ચાલુ કોર્ટે જજ, વકીલો અને સંઘની હાજરીમાં ઉભા થઈને જાહેર કર્યું કે - 'જો આ કેસ જંબૂવિજયજી મ. હાથમાં લે તો હું કોરા કાગળ પર સહી કરવા તૈયાર છું. અને એમનો ચુકાદો દિગંબર પક્ષ તરફથી હું સ્વીકારવા તૈયાર છું.' કોઈપણ સમુદાયનો ભેદ એમના મનમાં ક્યારેય ન હતો. દરેક સમુદાય-ગચ્છને તેઓ આત્મીય લાગતા હતા.

હૃદયની વિશાળતા પણ એવી હતી, કે જે ઉત્તમ હસ્તલિખિત સામગ્રી પ્રભુ કૃપાથી એમને મળી હતી. એ સામગ્રીની જૈન સંઘને જરૂર પડે તો મારી પાસે માંગવા કોઈને આવવું પડે નહિ બધાને સરળતાથી મળી રહે માટે નાકોડામાં અનેક રૂમોમાં અનેક કાર્યકરો રોકીને જે આપી શકાય તેવા ગ્રંથો હતા તે બધા હસ્તલિખિત ગ્રંથોની ઝેરોક્ષો અને સીડીઓ બનાવી અનેક ગ્રંથ ભંડારોમાં પડતર કિંમતે મુકાવી.





વિશ્વભરના વિદ્વાન પ્રોફેસરો એમની પાસે ઇંડોલોજીનો અભ્યાસ કરવા આવતા. તેમને અંગ્રેજીમાં તેમના વિષયો સાહેબજી ભણાવતા. એટલે તેઓ એક હાલતી ચાલતી જ્ઞાનશાળારૂપ હતા. એક મોબાઈલ યુનિવર્સિટી હતા. એ વિદ્વાનો પરદેશી હોઈ જન્મથી માંસાહારી રહેતા. એ જ્યારે ભણવાનું પૂરું કરી પાછા જાય ત્યારે સાહેબજી એને કહેતા કે બોલ ગુરુદક્ષિણા શું આપીશ ? ત્યારે તે પરદેશી સ્કૉલરો કહેતા કે આપ જે માંગો તે વસ્તુઓ લાવી આપીએ. અમારે ત્યાં ઈલેક્ટ્રોનિક વસ્તુઓ ઘણી સારી કક્ષાની બને છે. ત્યારે સાહેબજી ના પાડતા અને કહેતા કે મારે તો તું જીવનમાં ઈંડા, માંસ, મચ્છી ખાવાનું છોડી દે એટલી જ દક્ષિણા જોઈએ છે. અને એ પરદેશી સ્કૉલરો માંસ, મચ્છી, ઈંડા સાહેબના કહેવાથી છોડી દેતા. પરદેશ ગયા પછી જાપાનના ફુઝીનાગા સીન નામના પ્રોફેસરે પત્રમાં જણાવ્યું કે ભારતમાં માંસ છોડવું જેટલું સહેલું છે તેટલું જ અમારા દેશમાં માંસ છોડવું અઘરું છે. અહીં ડગલે ને પગલે દરેક વસ્તુમાં માંસ ભેળવેલું જ હોય છે. છતાં તમને વચન આપ્યું છે તેથી હું જિંદગીભર આ પ્રતિજ્ઞાને પાળીશ જ. હમણા હીરોકો નામના જાપાનીઝ બેન સાહેબજી પાસે બૌદ્ધ ગ્રંથ 'તત્ત્વસંગ્રહ' સમજવા આવેલા તો તેને આપણા ધર્મનો એવો તો રંગ લાગ્યો કે તેણે નવપદની ત્રણ ઓળીઓ સાહેબજીની નિશ્રામાં કરી. માંસાહારનો સદંતર ત્યાગ કરી દીધો. એક મિકેલા નામના

ઇટાલિયન બેન સુરેલમાં ભણવા આવેલા. તેને શાકાહારી બનાવી એટલું જ નહિ તેને મહિને મહિને અઠ્ઠમનો તપ કરતી કરી દીધી. પરદેશ ગયા પછી પણ તે અઠ્ઠમ-ઉપવાસ આદિ તપ કરતી રહે છે. એના ઇ-મેઈલ આવતા રહે છે.

આટલી નામના અને વિદ્વત્તા છતા સાદાઈથી જ રહેતા. તેઓ અમને એક શિખામણ આપતા કે આપણું જીવન કેવું જોઈએ ? 'સિંપલ લીવીંગ એન્ડ હાઈ થિંકીંગ.' પરદેશીઓ ભારતમાં એમની પાસે ભણવા આવવાના હોય ત્યારે તેઓ તો પરદેશમાં પ્રોફેસર કક્ષાની વ્યક્તિને કેટલી સગવડ, માન, મોભ્ભો, એની રહેવાની પદ્ધતિ, કેટલી આંડબર યુક્ત હોય વગેરે વાતોથી જ પરિચિત હોય. એટલે એમ સમજીને જ આવે કે જંબૂવિજયજી તો આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધ વિદ્વાન છે તો તેઓ તો ફાઈવસ્ટાર મકાનમાં રહેતા હશે. એમનો કપડા વગેરેનો કેવો વટ પડે તેવો આંડબર હશે ? પણ જ્યારે અહીં ગામડામાં વિચરતા સાહેબજી પાસે આવે ત્યારે અત્યંત સાદાઈથી તેમની દૃષ્ટિએ કષ્ટભર્યું જીવન જીવતા જોઈને તેઓ અચંબામાં પડી જતા. એટલું જ નહીં, તે લોકો પણ અગવડો વેઠીને ગરમી સહન કરીને વિહારમાં સાહેબની સાથે હોંશે હોંશે રહેતા.

પિતાશ્રી અને માતાજીના ઉપકારને યાદ કરી દર મહિનાની સુદ ૮, ૯, ૧૦ના અઠ્ઠમ અવશ્ય કરતા. અઠ્ઠમના પારણા કે ઉત્તર પારણામાં પણ વિશેષ કંઈ જ વાપરતા નહીં. જેમ રોજ વાપરે તેમજ વાપરે. ઉતરપારણામાં વધારાનું કંઈ જ ન લે. છતાં રોજ કામ કરે તેના કરતાં વધુ કામ અઠ્ઠમના ત્રણ દિવસમાં કરતાં. તેમને કોઈપણ મોટું કાર્ય કરવું હોય દીક્ષા, પ્રતિષ્ઠા, ગ્રંથ પ્રારંભ, ગ્રંથ સમાપ્તિ આદિ તમામ કાર્યો તેઓ અઠ્ઠમના મંગળમાં જ કરતા. યોગાસન, કસરત અને પ્રાણાયામ રોજ ૫૦ મિનિટ તેઓ કરતા. ગમે તેટલું કામ હોય તો પણ. એકવાર નવકારસી કરવાનું છોડી દે પણ કસરતમાં ખાડો ન પડવા દે. અને તેથી જ ગુરૂદેવની કૃપાથી ૮૭ વર્ષની ઉંમરે પણ યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી વિહારો ચાલીને જ કરતા. ગ્રંથના કાર્યો આખો દિવસ કરતા. તેઓ કહેતા કે ગ્રંથનું કામ ગુરૂદેવે કહ્યું છે કે દિવસે જ કરવું. તેથી ક્યારેય રાત્રિની લાઈટોમાં તેઓ ગ્રંથનું કામ કરતા નહીં. તેઓ કહેતાં કે રાત્રિ જાપ માટે છે. તેથી હંમેશા રાત્રે ત્રણેક કલાક જાપ કરતા. ૧૫ બાંધા પારાની નવકારવાળી અને ૨૭ નમો અરિહંતાણં પદની તેમજ અન્ય ગુરૂમંત્રોનો હંમેશા જાપ કરતા. તેમની દિવસ રાતની ત્રુટક ત્રુટક નિંદ્રાનો સમય ભેગો કરવામાં આવે તો માંડ ૪ થી ૫ કલાક થાય.

પ.પૂ. પુણ્યવિજયજી મ.સા.ના સ્વર્ગગમન પછી મહાવીર વિદ્યાલયનું આગમ પ્રકાશનનું કામ કોણ કરે એ પ્રશ્ન હતો. તેથી તેના ટ્રસ્ટીઓ પૂજ્યશ્રી પાસે આવ્યા અને કહ્યું કે સંશોધનમાં મુખ્ય સંપાદક તરીકે તમારું નામ આવશે અને પંડિત માલવણીયા આદિ પંડિતોની ટીમ છે એ સહસંપાદક તરીકે કામ કરશે. ત્યારે સાહેબજીની ખુમારી એવી કે તેમણે વિનયપૂર્વક કહી દીધું કે ના હું જે સંશોધન કરીશ તેમાં મારે સહસંપાદકની જરૂર નથી. હું જાતે જ કરીશ. ત્યારે પંડિતોને લાગ્યું કે આ સાધુ શું કામ કરવાના હતા ? પણ સાહેબજીએ પહેલું આચારાંગસૂત્રનું કામ કર્યું અને મહાવીર વિદ્યાલય દ્વારા પ્રકાશિત થયું. તેની નકલો પરદેશમાં પણ પહોંચી. અને એ કામની પ્રશંસા કરતા પત્રો પરદેશથી મહાવીર વિદ્યાલય પર આવ્યા ત્યારે તમામ પંડિતોને લાગ્યું કે ના એકલા સાધુ પણ આંતરરાષ્ટ્રીય કક્ષાનું કામ કરી શકે છે. કોઈપણ કામ ઉત્કૃષ્ટ કક્ષાનું નિષ્પક્ષતાથી પૂરી મહેનત કરીને કરવું એ એમનો જીવનમંત્ર હતો. જ્ઞાન સંશોધનના કાર્યમાં એ એવા તન્મય બની જતાં કે બહારગામથી કોઈ યાત્રિકો તેમના દર્શન માટે ખાસ આવતાં અને વંદન કરતા તો પણ તેઓ પોતાના કામમાંથી માથું ઉંચું કરીને પણ જોતા નહિ.

તેઓ અમને કહેતા કે અત્યાર સુધી ઘણો **વેલનોન** થયો. હવે મારે **અનનોન** થવું છે. પરલોકની સાધના કરવી છે. ધ્યાન જાપ એ એમની પ્રિય સાધના હતી. આવી જૈફ ઉંમરે પણ તેઓએ હિમાલયના બદ્રીનાથ જેવા દુર્ગમ સ્થળે ચાલીને જઈ ચાતુર્માસો કર્યા. એવા તો એ સાહસિક હતા.

વોર્સો (પોલંડ)માં સર્વધર્મ પરિષદમાં તેમની ઓનરરી પ્રેસિડેન્ટ તરીકે નિમણૂક કરી હતી. અને તેમાં તેમણે પોતાનો સંદેશો મોકલ્યો હતો. એ સંદેશાથી એ પરિષદની કાર્યવાહીની શરૂઆત થઈ હતી.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીએ તેમની Phdના વિદ્યાર્થીઓના માર્ગદર્શક તરીકે નિમણૂંક કરી હતી. દિલ્હીની BL ઈન્સ્ટીટ્યૂટે હેમચંદ્રાચાર્ય એવોર્ડ ખંભાત આવી તેઓને અર્પણ કર્યો હતો.

સ્વામી ચિદાનંદજી કે જેઓનો ઋષિકેશમાં પરમાર્થ નિકેતન નામનો વિશાળ આશ્રમ ગંગાતટે ૧૦૦૦ રૂમોવાળી ધર્મશાળા સહિતનો છે. તેમણે વિશ્વનો સહુથી મોટો શબ્દકોશ (એન્સાઈક્લોપિડીયા) બનાવવાનું બીડું ઝડપ્યું છે. કરોડોના ખર્ચે તૈયાર થનાર છે. તેમાં મુખ્ય સલાહકાર તરીકે સાહેબજીની નિમણૂંક કરી છે.

પાટણના હસ્તલિખિત સંપૂર્ણ જ્ઞાન ભંડારનું સ્કેનિંગ કામ માત્ર સાડા ત્રણ મહિનાની ટૂંકી અવધિમાં ગયા વર્ષે જ પૂર્ણ કરાવ્યું.

જેસલમેરના જ્ઞાનભંડારનું ચૂંટેલા ગ્રંથોનું કામ તો ૧૦ વર્ષ પહેલાં જ કર્યું હતું. ત્યારે એ કામ કરવા માટે ચૈત્ર વૈશાખના ધોમધખતા તાપમાં અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે જે વિહારો કર્યા છે, તે એક અજાયબી રૂપ છે. બાકી રહેલા ગ્રંથોનું કામ કરવા માટે આ વર્ષે જેસલમેર જતા હતા ત્યારે માર્ગ અકસ્માતમાં તેમનું બલિદાન લેવાઈ ગયું.


એકવાર જીતુભાઈ પંડિતજીએ સાહેબજીને પુછેલું કે તમે આટલી મહેનત કરીને ભૂલો સુધારીને શુદ્ધિકરણ કરો છો. પણ વર્તમાન પેઢી તો એને વાંચવાની ય નથી. તો શા માટે આવી મહેનત કરો છો ? ત્યારે સાહેબજીએ કહેલું કે આજે ભલે એની કદર નથી પણ ૨૦૦ વર્ષ પછી લોકો આ અદ્ભુત કાર્યને માથે ચડાવી નાચશે. અને હું તો મારા પિતાજીની આજ્ઞા કે 'ઘટ પટને ગધેડામાં ક્યાં સુધી માથા ફોડીશ. પવિત્ર આગમોનું કામ કર, તે આજ્ઞાનું પાલન કરું છું. આગમોની ઉપાસના કરું છું. મારે મન તો આ આરાધના જ છે. લોકો વાંચે કે ન વાંચે એની હું પરવા કરતો નથી. મારા પિતાશ્રી કહેતા કે કાગળમાં શું લખે છે ? કાળજામાં લખ. એટલે મારું લક્ષ્ય તો આત્મશુદ્ધિ જ છે.'

સાથે સંઘના પ્રશ્નો પણ તેઓ આગવી રીતે સુલઝાવતા. તિથિપ્રશ્ને સંઘમાં થતા મતભેદને કારણે તેમને ઘણી ગ્લાની રહેતી. અને એક કરવા અનેક પ્રયત્નો પણ કર્યા હતા. તેમનું કહેવું હતું કે, અષાઢ









સુદિ ૧૫થી દર પાંચ પાંચ દિવસે ગમે ત્યારે સંવત્સરીની આરાધના થતી હતી. આપણી આ પ્રાચીન પરંપરા હતી. અત્યારે દેશકાળને ધ્યાનમાં રાખી બધા જે દિવસ નક્કી કરે તે દિવસે બધાએ સંવત્સરી કરવી. અને એ અંગે પોતાની પરંપરાગત જે પણ માન્યતા હોય તે લખવી. ઉભી રાખવી. પણ સમસ્ત સંઘની એકતા માટે અમે આ દિવસ સંવત્સરી માટે નક્કી કરીએ છીએ. એમ બધાએ એક થવું એવી સમાધાનની ફોર્મ્યુલા તેઓએ વિચારી હતી. કોઈની પરંપરાને જુઠી છે મિથ્યા છે એમ કહી પ્રચાર કરવો નહિ.

જૈનોએ લઘુમતિનો દરજ્જો મેળવવો કે નહિ ? એવા શશીકાંતભાઈ મહેતા રાજકોટવાળાના પ્રશ્નના જવાબમાં સાહેબજીએ સ્પષ્ટ ના પાડેલી કે 'ના, જૈનો તો દાન દેનારા છે-લેનારા નથી. લઘુમતિના તુચ્છ અને ક્ષુલ્લક લાભો લેવા જતા બહુમતિ હિન્દુ સમાજથી જો જૈનો છુટા પડી જશે તો નહીં ચાલી શકે. આપણું રક્ષણ આ વિશાળ હિન્દુ સમાજથી છે અને આપણે માત્ર હિન્દુ જ છીએ એમ નહિ. એના આગેવાન મહાજન છીએ. હિન્દુ એ સમાજનું નામ છે ધર્મનું નહિ. હિન્દુ સમાજમાં વૈષ્ણવ, વૈદિક, સ્વામીનારાયણ, શીખ, બૌદ્ધ વગેરે ધર્મોના અનુયાયીઓ જેમ છે તેમ જૈનો પણ હિન્દુસમાજના જ અવિભક્ત અંગરૂપ છે. અન્ય ધર્મોની જેમ જૈન ધર્મ પણ સ્વતંત્ર અસ્તિત્વ ધરાવે છે.'

સાહેબજીને પરમાત્મામાં સંપૂર્ણ શ્રદ્ધા. તેઓ અમને કહેતા કે કામ કરવાવાળો હજાર હાથવાળો બેઠો છે. તેને કામ સોંપી દેવાનું. એ કામ કરે તો સારું - ન કરવા યોગ્ય લાગે ને ન કરે તો ઘણું સારું એમ માનવું. ભગવાનને કામ સોંપ્યા પછી તો 'આશા છોડકે બૈઠ નિરાશા ફીર દેખ મેરે સાહિબ કા તમાશા' એ કબીરજીના વાક્યમાં એમને ખૂબ શ્રદ્ધા. પાલીતાણાના આદીશ્વર દાદા સાહેબના રોમ રોમમાં વસેલા. ગિરિરાજ ચઢતાં જાણે સાક્ષાત્ ભગવાનને મળવા ન જતા હોય તેટલો આનંદ હોય. એકવાર શત્રુંજયની તળેટીમાં એક સંન્યાસીએ પોતાનું સ્થાન જમાવ્યું. આપણા તીર્થધામમાં પાયામાં જ અન્ય ધર્મી પોતાનો પગદંડો જમાવે તો ભવિષ્યમાં બન્ને વચ્ચે ખટરાગ થાય. તેમની સાથે ઘર્ષણમાં ઉતરવાનું બને. બન્નેની ઉપાસના પદ્ધતિ ભિન્ન હોવાથી વૈમનસ્ય, અશાંતિ, ક્લેશ ઉભો થાય. એવું ભવિષ્યમાં ન બને માટે સમસ્યા ઉગતી જ ડામવી જોઈએ. તેવા આશયથી આણંદજી કલ્યાણજીની પેઢીના આગેવાનોને જાણ કરી. પણ તેમના તરફથી જોઈએ તેવો પ્રતિભાવ નહિ સાંપડતા તેમણે બીજે દિવસે ભગવાન આદિનાથ દાદાને જઈને મારા સાંભળતા જ સામે વિનંતિ કરી કે "પ્રભુ ! ભવિષ્યમાં કોઈ અનિષ્ટ ન થાય માટે આ સંન્યાસીને હટાવવાનું કામ કરી આપો." અને બીજે કે ત્રીજે દિવસે ફોરેસ્ટ ખાતાના અધિકારીઓએ આવી સંન્યાસીને ત્યાંથી દૂર કરી દીધો. સમાચાર સાહેબજીને મળ્યા. સાહેબજી ઘણા રાજી થયા. એ દિવસે સુદ બીજ હોવાથી તેમને ઉપવાસ હતો. તેથી યાત્રા કરવા જવાના ન હતા. રાત્રે જ વાત થઈ ગઈ હતી કે કાલે યાત્રા કરવા જવાનું નથી. છતાં સવારે વહેલા ઉઠાડ્યા. મેં પૂછ્યું કે કેમ આજે તો યાત્રા કરવા જવું નથી. છતાં વહેલાં ? મને કહે 'આજે જવાનો ન હતો પણ મેં ભગવાનને કામ સોંપેલું સંન્યાસીને દૂર કરવાનું તે તેમણે પૂરું કરી દીધું છે. તેથી દાદાનો આભાર માનવા આજે જવું છે.' આમ તેમનો ભગવાન સાથેનો સંબંધ જીવંત હતો.

આજ રીતે એકવાર શત્રુંજયના દાદાના શિખરના કળશ ઉપર સાહેબજીની નજર ગઈ કે આવા ઉજળા મારા દાદાનો કળશ આવો કાળો સ્યાહી જેવો ? તરત જ દરબારમાં દાદાને વિનંતી કરી કે દાદા તારો કળશ સોને મઢાવવો છે. પૈસો એકેય મારી પાસે નથી. તું બેઠો છે ત્યાં સુધી હું કોઈ પાસે પૈસા માંગવાનો નથી. તારું જ કામ છે. તારે જ વ્યવસ્થા કરી આપવાની. અને અમારા આશ્ચર્ય વચ્ચે સામેથી લોકો દેવા માટે પડાપડી કરવા લાગ્યા. એમાં એક વ્યક્તિ બે લાખ જેવી માતબર રકમ દેવા તૈયાર થઈ. સાહેબજી તેમને સારી રીતે ઓળખે. પોતા પાસે એક પૈસો પણ નથી અને પૈસાની જરૂર હોવા છતાં તે વ્યક્તિને સાહેબે કહ્યું કે ના તારો પૈસો મને ન ખપે. કાળા ધોળા કરીને મેળવેલા પૈસામાંથી હું દાદાનો

કળશ કરાવું તો મારા દાદાનો કળશ કાળો પડી જાય. પેલી વ્યક્તિએ સાહેબજીના પગમાં પડી વિનંતી કરી ખાત્રી આપી કે ના સાહેબ આપ માનો છો એવું કાળું ધોળું હું કરતો જ નથી. બિલકુલ સાફ નીતિપૂર્વક મેળવેલા છે. ત્યારે સાહેબજીએ તેના પૈસા સ્વીકારવાની હા પાડી. થોડા જ દિવસોમાં પૈસા અને કામ દાદાની કૃપાથી પૂર્ણ પણ થઈ ગયું.

જેસલમેર જ્ઞાનભંડારનું કામ કરવા માટે લાખો રૂપિયાની જરૂર પડે તેમ હતું. પૈસા ક્યાંથી લાવશું એ સવાલ હતો. જૈન સંઘ તરફથી ઓફર આવી કે આપના જેસલમેરના જ્ઞાનભંડારના કામ માટે અમારા જ્ઞાનખાતામાંથી પાંચ લાખ ફાળવવાની ઈચ્છા છે તો તે માટે સરકારી કાયદા પ્રમાણે તમારા તરફથી જરૂરિયાતની અરજી અમારા સંઘ પર મોકલો. ત્યારે સાહેબજીની ખુમારીના દર્શન થયા. એક બાજુ પાસે પૈસા પણ નહિ. કોઈની ઓફર પણ નહિ. એવા સમયે પણ એમણે તે સંઘના આગેવાનોને જણાવ્યું કે જુઓ હું બાપજી મ.નો સાધુ છું. હું ક્યાંય પૈસા માટે અરજી કરવાનો નથી. ભગવાનને મારી પાસે કામ કરાવવું હશે તો એ વ્યવસ્થા કરી આપશે. હું તો અરજી નહીં જ કરું. તમારે મને અરજી કરવી જોઈએ કે સાહેબ અમારે જ્ઞાન દ્રવ્યનો યોગ્ય સ્થાને વ્યય કરવો છે. તમે અમને લાભ આપો. અને ખરેખર એમણે અરજી ન કરી છતાં તેમનું કાર્ય ભગવાનની કૃપાથી પૂર્ણ પણ થઈ ગયું. આ એમની ખુમારી હતી.


પરમાત્મા પ્રત્યેનું સમર્પણ એવું કે ગમે તેટલા વર્ષોની મહેનત હોય, ગમે તેટલો તે ગ્રંથ વિશ્વમાં પ્રસિદ્ધિ મેળવે તેવો હોય કે આંતરરાષ્ટ્રીય કક્ષાનો બન્યો હોય તો પણ તેના વિમોચન માટે તેમણે ક્યારેય સમારંભ ગોઠવી વિદ્વાનોને ભેગા કર્યા હોય એવું મારા ધ્યાનમાં નથી. તેઓ એક જ વાત કરતાં કે ગ્રંથ તૈયાર થઈ છપાઈને મૂળનાયક ભગવાનના ખોળામાં મૂકી દેવાનો એટલે વિમોચન થઈ ગયું. વિમોચન શબ્દનો મૂળ અર્થ પણ મુકવું એવો જ થાય છે.

સંવત્ ૨૦૪૪ના અષાડસુદિ એકમનો એ દિવસ હતો. સાહેબજી અને પ.પૂ. પ્રદ્યુમ્નસૂરિજી મહારાજનું ચોમાસું પાલીતાણામાં હતું. મારી (મુનિ પુંડરીકરત્ન) તે જ વર્ષે દીક્ષા થયેલી. ત્રણ વર્ષથી દુકાળ ચાલુ હતો. આ વર્ષે પણ વાયરા એવા વાતા હતા કે જાણે રાક્ષસો અટ્ટહાસ્ય કરી રહ્યા હોય ! જાણે અનેક મડદાઓ પડવાના ન હોય ! ભયંકર ગરમી. ગિરિરાજ ચઢતા રસ્તામાં આવતા બધાં કુંડોના તળીયે સુકાઈ ગયેલી માટી જ માત્ર હતી. ભીનાશ પણ નહતી. ઉપર દાદાની પૂજા માટે સ્નાન કરવા પણ પાણી ન મળે. માનવોને પણ પીવાના પાણીના ફાંફા ત્યાં ઢોરોને તો કોણ યાદેય કરે. પણ સાહેબજીને વારંવાર ચિંતા પશુ પંખીઓની થાય. પ્રદ્યુમ્નસૂરિજી મ.સા. પાસે વેદના ઠાલવી. પૂજ્ય પ્રદ્યુમ્નસૂરિજી મ.ને વિચાર સ્ફૂર્યો

કે આપણે દાદાનો અભિષેક કરાવીએ તો કેમ ? અને સાહેબજીએ એ વિચારને ઝીલી લીધો. શ્રેણિકભાઈ પાસે અનુમતિ માંગી લીધી. ચંદુભાઈ ઘેટીવાળાને તૈયારી કરવા જણાવી દીધું. સમય ઘણો ઓછો હતો. મારા (પુંડરીકરત્નના) સંસારી પક્ષે બનેવી શ્રી અજીતભાઈ ઘોઘાવાળા પાસેથી અભિષેકની ઔષધિઓ ગુણો ભરીને પ્લેનમાં મુંબઈથી ચંદુભાઈ ઘેટીવાળા લઈને આવ્યા. કેસરીયાજીનગરમાં પૂજ્ય પ્રદ્યુમ્નસૂરિજી મહારાજની દેખરેખ હેઠળ ૪૦ બાઈઓ તેને વીણીને શુદ્ધ કરવી, ખાંડવી, તેના પડિકાઓ તૈયાર કરવા વગેરે કામે લાગી ગઈ. યુદ્ધના ધોરણે તડામાર તૈયારીઓ કરવા માંડી. છાપામાં નાનકડી જાહેરખબર પણ અપાઈ ગઈ કે અષાડસુદિ એકમના દાદાના અભિષેક દુષ્કાળને દૂર કરવા માટે છે. અભિષેક માટે કેટલીક નદીઓના પવિત્ર જળ તો પ્લેનથી મંગાવવામાં આવ્યા. શુભ દિવસે અભિષેક શરૂ થયા. અને સાહેબજી તો દાદાને વારંવાર કાકલુદી ભરી વિનંતિ સ્પષ્ટ બધા સાંભળે તેવા શબ્દોમાં કરતાં હતા.

દાદા ! દાદા ! કરીને હાથ લંબાવી લંબાવીને કહે કે, દાદા પશુઓને બચાવવા માટે પણ કૃપા કરો અને દ્દટ્ઠો અભિષેક શરૂ થયો. આકાશમાં એક નાનકડી વાદળી પણ ન હતી ને ભગવાનની કૃપાથી વાદળાઓ ભેગા થવા લાગ્યા. ઝરમર છાંટણા શરૂ થયા ને થોડીવારમાં તો વરસાદ તૂટી પડ્યો. અમે અભિષેક





પૂર્ણ કરીને નીચે ઉતરતા હતા ત્યારે જે કુંડોમાં સુકી ધૂળ સિવાય કંઈ જ ન હતું તે કુંડો પાણીથી ઉભરાઈ ગયા હતા. આવો હતો ભક્ત અને ભગવાનનો સંબંધ. રાજકોટથી શશીકાંતભાઈ મહેતા પણ અભિષેકમાં હાજર હતા. લોકો દાદાના દરબારમાં ભેગા થઈને જે નાચ્યા છે તે દૃશ્ય આજે પણ આંખ સામે તાદૃશ્ય થાય છે. શશીકાંતભાઈએ નીચે આવી સાહેબજીને કહ્યું કે આપણે તો દાદાને થોડા કળશ પાણી આપ્યું, પણ દાદાએ આપણને કરોડોગણું પાણી આપ્યું. વરસાદથી અન્ય પ્રજામાં પણ સાહેબજી માટે ખૂબ બહુમાન ઉભુ થયું. અને પાલીતાણાના જેટલા ઢોલીઓ હતા તે બધા સ્વયંભૂ ભેગા થઈને બીજે દિવસે દાદાના દરબારની બહાર કુંડાળું વળી પોતપોતાના ઢોલ વગાડતા વગાડતા ખૂબ નાચ્યા હતા.

સાહેબજી શંખેશ્વર તીર્થની આસપાસના ક્ષેત્રોમાં ઘણો કાળ વિચર્યા હતા. ઘણા ચોમાસા કર્યા હતા. તેમાં આદરીયાણા ગામમાં એક રતિભાઈ નામના કોળી ઠાકોર હતા. સાવ સામાન્ય આર્થિક સ્થિતિ. ઠાકોરવાસમાં રહે પણ સાહેબજી પ્રત્યે અપાર ભક્તિ. એકવાર તેની ગાયને કોઈ અકળ રોગ થયો. ડોક્ટરે તપાસ કરી કહ્યું કે આ ગાય જીવે તેમ નથી. ન ખાય ન પીએ. પેલા રતિભાઈ તો ઘરના સ્વજનની જેમ ગાયને સાચવે. ગાયની સ્થિતિ એમનાથી સહન ન થતા તેઓ રડવા લાગ્યા. સાહેબજીના પગમાં પડ્યાં કાકલુદિ કરી કહ્યું કે સાહેબ આ ગાયને કંઈ થાય તો મારું શું

થશે ? આ જ માત્ર અમારા ભરણપોષણનો આધાર છે. બીજી ગાય લાવવાના પૈસા નથી. તમે ભગવાન છો એને બચાવો. અને સાહેબજી સામેથી એમના કોળીવાસમાં ગયા. ભગવાનનું સ્મરણ કરી ગાય ઉપર વાસક્ષેપ નાખ્યો. અને ચમત્કાર સર્જાયો. ગાય બેઠી થઈ ગઈ. દૂધ પણ આપવા લાગી અને ઘાસચારો પણ ખાવા લાગી. આ અમે અમારી નજરે નીહાળેલો ચમત્કાર હતો.

સંવત્ ૨૦૬૪નું પાલીતાણાનું ચાતુર્માસ પૂર્ણ કરી અમે નાકોડા જવા નિકળ્યા. જીરાવાલા અને ભીનમાલ પણ પહોંચી ગયા. ભીનમાલથી સાંજે વિહાર કરી ભીનમાલવાળા શેઠશ્રી માણેકચંદજીના વેરામાં રાત રોકવાનું નક્કી કર્યું. રાજસ્થાનમાં જે ખેતરમાં કંઈક પીવા યોગ્ય મીઠું પાણી નીકળે તેને વેરો કહેવાય છે. ત્યાં મકાનની ખાસ વ્યવસ્થા ન હતી. પણ તેમણે ગરમીના દિવસો હોવાથી સામાન્ય મંડપની વ્યવસ્થા કરાવી હતી. અમે ત્યાં પહોંચતા સુધી દિવસ આથમી ગયો હતો. અને મંડપમાં ઉતરવાની તૈયારી કરીએ ત્યાં તો વાવાઝોડું શરૂ થયું. કમોસમી માવઠું પણ શરૂ થયું. મકાનની વ્યવસ્થા હતી નહીં. મંડપ પણ તૂટી ગયો. ખેતરની દેખભાળ કરનાર માળી માટે નાનકડી ત્રણ ચાર જણા સમાય તેવડી રૂમ તથા ઓસરી હતી. માળી તેના પરિવાર સાથે રહેતો હતો. માળી ઘણો ભલો માણસ. તેણે પોતાની પત્ની અને ઘોડિયામાં સુતેલા બાળક સહિત બાજુના અસ્થાયી પત્રાના છાપરા નીચે જઈ અમને તે રૂમ ખાલી કરી આપી. અમે બધા આઠે જણા સાંકડ મુકડ એ નાનકડી રૂમને ઓસરીમાં બેઠા. વાવાઝોડાએ જોર પકડ્યું. વૃક્ષોની મોટી મોટી શાખાઓ તૂટી તૂટીને ધરાશાયી થવા લાગી. પેલો માળી પરિવાર પણ ચારેબાજુ ખુલ્લા છાપરા નીચે વરસાદની ઝાડીઓ વચ્ચે જેમ તેમ કરીને ઉભો હતો. પૂજ્યશ્રીને તેના પરિવારની ખૂબ ચિંતા થવા લાગી. તેમણે અમને કહ્યું કે એ પરિવારને પણ આપણા ભેગા જલ્દીથી તરત બોલાવી લો. એવી આજ્ઞા કરી એટલે અમે એ માળી પરિવારને તુરત જ અમારી સાથે રૂમમાં બોલાવી લીધા. અને જેવા તેઓ છોકરાના ઘોડિયા સહિત અમારા ઓટલા પર ચડવા ગયા ત્યાં જ અમારી નજર સામે જે છાપરા નીચે તેઓ એક મિનિટ પહેલા ઉભા હતા તે છાપરું મોટા અવાજ સાથે પત્રા સહિત નીચે પડ્યું. અમને થયું કે જો સાહેબજીએ ત્વરાથી એ પરિવારને ન બોલાવ્યો હોત તો આખો પરિવાર એ છાપરા નીચે દબાઈ જાત અને ન બનવાનું બની જાત ? શું સાહેબજીની આ અગમ દૃષ્ટિ અને કરૂણા હતી ?

આવા અનેક ગુણોના ધારક એવા પૂજ્ય ગુરૂદેવ શ્રીજંબૂવિજયજી મહારાજે સંવત્ ૨૦૬૫નું નાકોડા તીર્થમાં ચાતુર્માસ પૂર્ણ કરી કારતક વદિ ૭ને સોમવાર તા. ૯-૧૧-૨૦૦૯ના જેસલમેર જ્ઞાનભંડારનું અધૂરું કાર્ય પૂર્ણ કરવાના સંકલ્પ સાથે વિહાર કર્યો અને ૪૫ કિ.મી. જેટલો વિહાર થઈ ગયો. બાડમેર રોડ

પર ભીમરલાઈ ફાટાથી ૧૩ કી.મી. દૂર વાયતું જવા માટે કારતક વદિ ૧૧ને ગુરુવાર તા.૧૨-૧૧-૨૦૦૯ની સવારે ૬-૩૫ લગભગ નીકળ્યા અને દોઢેક કી.મી.નો વિહાર થયો. સવારનો ૭-૦૦ વાગ્યાનો સમય અને એક જીવલેણ અકસ્માત થયો. સ્થાન પર જ પૂજ્યશ્રી અને તેમના પ્રપ્રશિષ્ય પ.પૂ. મુનિરાજ શ્રીનમસ્કાર-વિજયજી મ.સા.એ બન્નેનો આત્મા પરલોકની લાંબી યાત્રાએ પ્રયાણ કરી ગયો.

ત્યાંથી તેમના પાર્થિવ દેહોને નાકોડા તીર્થે લઈ જવામાં આવ્યા. તેમના પાર્થિવ દેહોને નાકોડા તીર્થમાં જ અગ્નિસંસ્કાર કરાવવાનો ત્યાંના ટ્રસ્ટીઓનો ખૂબજ ભાવ હતો અને શંખેશ્વર આસપાસના સંઘોનો શંખેશ્વર તીર્થમાં લઈ જવાનો આગ્રહ હતો. તેથી દ્વિધા ઉત્પન્ન થતાં નાકોડાભૈરવજી પાસે બે ચિઠ્ઠી નાંખવામાં આવી. તેમાં શંખેશ્વરની ચિઠ્ઠી નીકળતાં તેમના દેહોને શંખેશ્વરતીર્થમાં નાકોડા તીર્થના ટ્રસ્ટીઓના ઉદાર સહકારથી આગમ મંદિરના ઉપાશ્રયમાં લાવવામાં આવ્યા. ત્યાં સવારથી દેશના ખૂણે ખૂણેથી હજારો માણસો તેમના અંતિમ દર્શન માટે ઉમટી પડ્યા. અને કારતકવદિ ૧૨ને શુક્રવાર તા. ૧૩-૧૧-૨૦૦૯ના બપોરે હજારોની માનવમેદની વચ્ચે જય જય નંદા-જય જય ભદ્દાના ગગનભેદિ નારાઓ વચ્ચે પૂજ્યશ્રી અને પૂ.મુ.શ્રીનમસ્કારવિજયજી મ.સા.ના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર શંખેશ્વર તીર્થથી ૨ કી.મી. દૂર સમી તરફ રૂણી બસસ્ટેન્ડ પાસેના એક પ્લોટમાં કરવામાં આવ્યો. આ અકસ્માત હતો કે મારી નાખવાનું કાવતરું હતું એ રહસ્ય હજી પણ અકબંધ જ રહ્યું છે.

પણ અકસ્માત પછી જે રીતે ડાબે પડખે પૂજ્યશ્રીનો પાર્થિવ દેહ પડ્યો હતો અને એમના મુખ ઉપર રેલાતી પ્રસન્નતા જે રીતની હતી તે જોતા એમ જ લાગે કે, આવા જીવલેણ અકસ્માતની પીડા વચ્ચે પણ પૂજ્યશ્રી સમાધિમાં જ હતા. તેવું જ પૂ.મુ. શ્રીનમસ્કારવિજયજી મ.સા.નું પણ મુખ જાણે કે હમણા હસી પડશે એવું પ્રસન્નતાભર્યું હતું. તેથી તેઓ પણ જાણે કે ગુરુદેવનું પડખું અંતિમ સમયે પણ પામીને પૂર્ણ સમાધિમાં જ હતા.

૮૭ વર્ષની જૈફ વય અને ૭૩ વર્ષનો સુદીર્ઘ સંયમપર્યાય દરમિયાન અનેક શાસન પ્રભાવનાના અને સ્વપર કલ્યાણના કાર્યો કર્યા. આ પાકટ ઉંમરે પણ એક કર્મયોગીની જેમ અડગ રીતે આગમ સંશોધન અને દર્શન સાહિત્યના કાર્યો આગવી કોઠાસૂઝથી કર્યા કે જેથી તેમની પ્રસિદ્ધિ માત્ર જૈનસમાજમાં જ નહિ પણ ભારત બહાર દેશ-વિદેશમાં પણ ફેલાઈ ગઈ. આખા વિશ્વમાં તેમના આવી રીતે થયેલા મૃત્યુના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા. આખા વિશ્વના વિદ્વજ્જગત્માંથી આવેલા શોકસંદેશાઓ સૂચવે છે કે આપણે માત્ર કોઈ સમુદાયના વડીલને જ નહિ પણ એક વિશ્વવિભૂતિને ગુમાવી દીધી છે.

દેહથી તમારી થઇ ગઇ છે દૂરી,





હૃદયમાં સ્મૃતિઓ હાજર હજૂરી...

## પૂ. જંબૂવિજયજી મહારાજે કરેલું વિલ

"આમ તો મારું આયુષ્ય સામુદ્રિક દૃષ્ટિએ ૧૦૦ વર્ષનું લગભગ બોલે છે, પરંતુ શરીરની ક્ષણભંગુરતા જોઇને આવી વાતો ઉપર કેટલું ધ્યાન આપીને જીવવું તે કઠિન વાત છે એટલે મારા વિચારો જણાવું છું.....

....શ્રાવકને ત્યાં બે તાડપત્રો છે તે મંગાવીને એક ખંભાત, એક પાટણ પહોંચાડશો. શંખેશ્વરજીનાં સ્ટ્રોન્ગરૂમમાં જે પાંચ તાડપત્રો છે તથા લોલાડાનાં કબાટમાં છે, તે સર્વે હેમચન્દ્રાચાર્ય જ્ઞાનમંદિર-પાટણ પહોંચાડી દેશો.

...વિચારો વિશાળ રાખશો....જે જે શ્રાવક પરિવારોએ શાસનનાં, સાધર્મિક સહાયનાં, અનુકંપાદાનનાં ઉત્તમ કાર્યો કર્યા છે, તે સર્વેને અભિનંદનો.

...સૌ પ્રભુનાં માર્ગે આગળ વધજો, શાસનને દીપાવજો. પ્રભુનાં ચરણમાં અનંતશ: પ્રણામ. મહા કૃતજ્ઞ બનજો.

..પ્રભુ આદીશ્વર દાદાનો જય હો.

...શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો જય હો.

પ્રભુ સદા આપણી સાથે રહો.

ગુરુદેવો સદા સદા આપણી સાથે રહો.

બંને દાદાનાં મારા વતી ખાસ ખાસ અત્યંત ભાવથી દર્શન કરશો. દાદા જ આપણા સર્વનાં મહાન રક્ષક છે.

દાદા ! સર્વેની સંભાળ રાખશો.

આપનાં ચરણોમાં બધાને સોંપ્યા છે.

પ્રભુના માર્ગે સંચરજો. એ પ્રભુ જ પરમસત્ય છે."

## પૂજ્ય જંબૂવિજયજી મહારાજ સંપાદિત-સંશોધિત ગ્રંથોની યાદી

- દ્વાદશારનયચક્ર ભાગ ૧-૨-૩
- આચારાંગસૂત્ર (મૂળ)
- સૂયગડાંગસૂત્ર (મૂળ)
- ઠાણાંગસૂત્ર - સમવાયાંગસૂત્ર (મૂળ)
- જ્ઞાતાધર્મકથા (મૂળ)
- આચારાંગસૂત્ર સટીક (પ્રથમ શ્રુતસ્કંધ ૧-૪ અધ્યયન)
- અનુયોગદ્વારસૂત્ર ભાગ ૧-૨ (ચૂર્ણિ-ટીકાદ્વય)
- સ્થાનાંગસૂત્ર (સટીક) ભાગ ૧-૨-૩
- સમવાયાંગ સૂત્ર (સટીક)
- દ્રવ્યાલંકાર (સ્વોપજ્ઞટીકા)
- પઞ્ચસૂત્રકમ્ (સટીક)
- ન્યાયપ્રવેશક (વૃત્તિ-પઞ્જિકા)
- સર્વસિદ્ધાન્તપ્રવેશક
- યોગશાસ્ત્ર (સ્વોપજ્ઞટીકા) ભાગ ૧-૨-૩
- ધર્મબિન્દુ (સટીક)
- સિદ્ધહેમશબ્દાનુશાસન (અકારાદિક્રમ)
- સિદ્ધહેમશબ્દાનુશાસન (લઘુવૃત્તિ)
- સિદ્ધહેમશબ્દાનુશાસન (રહસ્યવૃત્તિ)
- વૈશેષિકસૂત્ર (સટીક)
- ઉપદેશમાલા (હેયોપાદેયવૃત્તિસહિતા)
- સૂરિમંત્રકલ્પસમુચ્ચય ભાગ ૧-૨
- સ્ત્રીનિર્વાણકેવલીભુક્તિ પ્રકરણે
- જેસલમેરના ભંડારનું સૂચિપત્ર
- પાટણના જુદા જુદા ભંડારોના હસ્તલિખિત ગ્રંથોનું સૂચિપત્ર (ભાગ ૧-૨-૩-૪)

પ્રભાવક પ્રવચનકાર પૂ. પંન્યાસ
શ્રી **મહાબોધિવિજયજી** મ.સા.
આલેખિત અને
શ્રી જિનકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ
પ્રકાશિત પુસ્તકો તમારે સહજરૂપે
મેળવતા રહેવું હોય અને એમના વરદહસ્તે
લખાતા સાહિત્યમાંથી એક પણ કૃતિથી
તમારે વંચિત ન રહેવું હોય તો
માત્ર રૂા. ૧૫૦૦/- ભરીને
આપ ટ્રસ્ટના કાયમી મેમ્બર બની શકો છો.
મેમ્બર બનતાની સાથે જ હાજર રહેલા
તમામ પુસ્તકોના સેટ આપવામાં આવશે..
તેમજ ભવિષ્યમાં પ્રકાશિત થનારા
તમામ પુસ્તકો આપને હાથોહાથ
મળી રહે તેવી વ્યવસ્થા થશે.

નોંધ :—

(૧) મેમ્બર બન્યા પછી આપની રસીદ
સાચવી રાખવી જરૂરી છે.

(૨) પુસ્તકને લગતી કોઈ પણ
ફરિયાદ હોય તો
શ્રી હસુભાઈ પારેખ
મો. ૯૩૨૨૨ ૪૨૭૮૭.
નો સંપર્ક કરવો.





**પૂ. પંન્યાસ શ્રી મહાબોધિવિજયજી મહારાજ આલેખિત પ્રાપ્ય પુસ્તકો**

- મા-બાપને ભૂલશો નહિ (ગુજરાતી-હિન્દી-અંગ્રેજી-મરાઠી)
- દુઃખથી ડરે તે બીજા (દ્વિતીય આવૃત્તિ)
- અમૃતવેલ સજ્ઝાય-વિવેચન
- અતિશય વંદના
- ઝાકળબિંદુ
- આત્મચિંતન (સંપાદિત)
- ગુડ સિલેક્શન
- ક્યાં ગોતું સરનામું ?
- સિલ્વર સ્ટોરી
- એ-વન ડાયરી
- પરમતેજ (જયવીયરાય વિવેચન)

# શ્રેષ્ઠ સૌજન્યદાતા

- શ્રી કે.પી. સંઘવી રિલિજિયસ ટ્રસ્ટ - સૂરત
- પૂ.પં.શ્રી મહાબોધિ વિ.મ.સા.ના
  ૫૦ વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે ગુરુભક્તો તરફથી
- માતુશ્રી શાંતાબેનના ૧૫૧ ઉપવાસ નિમિત્તે
  શા. કપુરભાઇ દેવશીભાઇ - નાયરોબી

# પ્રમુખ સૌજન્યદાતા

- કસ્તૂરબેન પદમશી લાલજી પરિવાર હ. પ્રફુલ, જિતેન્દ્ર-મોટાલખીયા (હાલાર)-દાદર
- સ્વ. શાંતિભાઈ બાલુભાઈ ઝવેરી - સુરત - હાલ મુંબઈ
- અ.સૌ. પ્રવિણાબેન વિનોદરાય શાહ પરિવાર હ. પંકજ, પ્રશાન્ત બારામતીવાળા
- પૂ. પં. શ્રી અક્ષયબોધિવિજય મહારાજની પ્રેરણાથી
  શ્રી નવપદ આરાધના ટ્રસ્ટ - મલાડ (પૂર્વ)
- ત્રેવાડીયા કલ્યાણજી કુંવરજી પરિવાર
  હ. ગોપાલજી કલ્યાણજી ત્રેવાડીયા તથા અમૃતબેન ઉજમશી ત્રેવાડીયા
- સ્વ. સાધ્વીજી આગમજ્યોતિશ્રીજીના સ્મરણાર્થે રંજન ધીરજભાઈ હરીયા પરિવાર
  હ. મિતેશ, જસ્મિન્તા - દાદર
- શ્રીમતી લલિતાબેન વિનોદભાઈ શાહ પરિવાર
- માતુશ્રી શારદાબેન કાંતિલાલ વખારિયા, હ. રજતભાઈ (સાંતાક્રુઝ)
- માતુશ્રી શાંતાબેન લવચંદ વોરા હ. વિજયભાઈ વોરા - મુલુંડ

## મુખ્ય સૌજન્યદાતા

- સ્વ. મૂળચંદ ધરમચંદજી કોઠારી પરિવાર પિંડવાડાવાળા - હાલ ભીવંડી
- સ્વ. સુખવંતીબેન શાંતિલાલજી ચુનીલાલજી ભાટીયા પિંડવાડાવાળા-હાલ સૂરત
- મેઘજી જેઠાભાઈ દોઢીયા નવાગામવાળા, હાલ ભીવંડી
  હ. મનસુખ, હરખચંદ, વિનોદ, પ્રદીપ
- ભગવાનજીભાઈ શામજીભાઈ મારૂ - પડાણાવાળા
  હાલ ભીવંડી હ. હિતેશ, ચેતન, મહેક
- સાધ્વીજી પૂર્ણનિધિશ્રીની દીક્ષા નિમિત્તે હ. દેવકુંવરબેન ફુલચંદ શાહ - લંડનવાળા
- અ.સૌ. દીપમાલાબેન ચંદુલાલ સ્વરૂપચંદ શાહ - પૂના
- ધૃતિ હિતેન ડી. શેઠ
- કૌશિકકુમાર ગુણવંતલાલ બાવીશી હ. જાગૃતિબેન, ડાલિની, મારિશા
- સ્વ. પ્રવિણાબેન હિંમતભાઈ મહેતા હ. દિલેશભાઈ, શિલ્પાબેન, પલક, સનમ
- રાજુભાઈ અમૃતલાલ ભણસાલી પરિવાર, મંગળવાર પેઠ, પૂના
- પ્રવિણાબેન પ્રવિણચંદ્ર શાહ, લિંબડી, હાલ - ઘાટકોપર
- સુરેખાબેન અરવિંદભાઈ શાહ - સૂરત
- અશોકભાઈ ઘેવરચંદજી વજાવત તથા સ્વ. અંશીબાઈ વાલચંદજી બોરાણા - રાઠોડ
- કસ્તુરબેન શાંતિલાલ નાગડા (હાલાર) હાલ - ઘાટકોપર હસ્તે સ્નેહલતા નવિનભાઈ
- પૂ. મુનિશ્રી અર્હંપ્રેમવિજય મ.સા.ના માસક્ષમણ નિમિત્તે ગુરુભક્તો તરફથી
- માતુશ્રી તારાબેન રસીકલાલ સંઘવી (ડીસાવાળા) - હાલ સૂરત
- શ્રીમતી જડાવબેન રતિલાલ હેમરાજ શેઠિયા (કેનિયા)

## વિશિષ્ટ સૌજન્યદાતા

- છોગાલાલજી વનાજી નાંદીયાવાળા
  હ. પુત્ર લાલચંદ, દીલિપ, હસમુખ, નીલકેશ
- જોગાતર સમુબેન બાબુલાલ શિવલાલજી, પિંડવાડાવાળા
  હ. પુત્ર નવિનકુમાર
- ઋષભકુમાર અશોકકુમાર મહેતા, શાહિબાગ, અમદાવાદ
- સ્વ. ગાંડાલાલ ફકિરચંદ ધનારીવાળા
- વીરચંદજી પુનમચંદજી મરડિયા, પિંડવાડાવાળા
  હ. કિશોરકુમાર, મુકેશકુમાર, શ્રેણિકકુમાર
- અમૃતલાલજી સુરચંદજી શાહ, પિંડવાડાવાળા
- કોકિલાબેન કીર્તિભાઈ શાહ - ધરણીધર, અમદાવાદ
- સ્વ. શા જયંતિલાલજી દલીચંદજી સાદરીયા, પિંડવાડાવાળા
  હ. અશોકકુમાર, મહેન્દ્રકુમાર, રાજેશકુમાર
- જયેન્દ્રકુમાર ભીમજીભાઈ ગલૈયા નવી હરિપરવાળા - (હાલાર) હાલ - ભીવંડી
- લાલજી પદમશી હરીયા, હ. રતિભાઈ, કાંતિભાઈ
  વડાલીયાસિંહણવાળા (હાલાર) હાલ - ભીવંડી
- સાધ્વીજી અપૂર્વનિધિશ્રીજીની ૭૨મી ઓળીની અનુમોદનાર્થે
  સૌ. લક્ષ્મીબેન રમેશભાઈ ડાગા, અમલનેર.
- પારેખ કીર્તિલાલ ચીમનલાલ - ઢીમાવાળા હ. સુરેશ, નવીન, ગિરીશ
- અંશુલ નિરંજન શાહ

- ભુરમલજી સરેમલજી સાદરિયા - પિંડવાડાવાળા
  હ. શાંતિલાલ, લલિતકુમાર - સૂરત
- શ્રીમતી પુષ્પાબેન રમેશચંદ્ર ભાટીયા (પિંડવાડાવાળા) હાલ સૂરત
  પુત્ર - મહેન્દ્ર, મિનેશ, પૌત્ર : નિશાંત, નિકિતા, અંશુ ભાટીયા
- સ્વ. પ્યારીબેન મોહનલાલજી ભંડારી
  હ. મોહનલાલજી સરદારમલજી ભંડારી (સેવાડીવાલા) હાલ - સૂરત
- શાહ સુરા સામત ગડા પરિવાર ગામ - ઢીચડા (હાલાર) હાલ - ભીવંડી
  હ. ચંદુભાઈ જેસંગભાઈ ગડા, પુત્ર : દીપ, રાજ, જય
- બદામીબેન ભંવરલાલ જૈન (ગઢસીવાણા) રાજ. હાલ - ભીવંડી હ. સુરેશ, ગૌતમ, રાજુ
- સ્વ. બિદામીદેવી ઘેવરચંદજી મહેતા (ગઢસિવાણા) રાજ. હાલ - સૂરત
  હ. હિરાચંદ, અરવિંદ, નિર્મલ
- શાહ અશોકકુમાર અમૃતલાલ ધનજીભાઈ હ. ભૂપેન્દ્ર - પૂના
- પ્રવિણકુમાર આલમચંદ મહેતા - પૂના
- વિજયકુમાર અમૃતલાલ દોશી - મલાડ (વેસ્ટ), મુંબઈ-૬૪.
- અરવિંદભાઈ કેશવલાલ શાહ - મલાડ (ઈસ્ટ), મુંબઈ-૯૭.
- મુકેશ હસમુખલાલ શાહ - મલાડ ઈસ્ટ, મુંબઈ-૯૭
- શાહ રાજેન્દ્રકુમાર પ્રભુદાસભાઈ હ. પાનવંતીબેન પ્રભુદાસભાઈ પરિવાર-વેરાવળવાળા
- શ્રીમતી સ્મિતાબેન રાજેશભાઈ શાહ હ. હાર્દિક-ખૂશ્બુ-સુરેન્દ્રનગર
- મહેશકુમાર મુક્તિલાલ કોઠારી મલાડ (ઈસ્ટ), મુંબઈ.
- જિજ્ઞેશ કાનજીભાઈ ગાલા - પૂના

- સ્વ. જયશ્રીબેન પંકજકુમાર શાહ - હ. પૂજા - ગોરેગામ, મુંબઈ
- પ્રવિણાબેન છનાલાલ વાણ - મલાડ (ઈસ્ટ), મુંબઈ.
- ભીખીબેન મણીલાલ શાહ પરિવાર પાટણ - હાલ ગોરેગામ (વેસ્ટ)
- ઈશાન રાજેશકુમાર મહેતાની અઠ્ઠાઈ નિમિત્તે - પાર્લા (ઈસ્ટ), મુંબઈ
- શ્રીમતી ચૌથીબાઈ નિહાલચંદજી ગામ - ઢાલોપ (રાજ.)
  પુત્ર : ઘેવરચંદ, પુત્રવધૂ : હેમલતા, પૌત્ર : નિલેષ, પૌત્રી : રાખી, ચારુલ, કોમલ
- વિતરાગ ભરતકુમાર શાહ - પાર્લા (ઈસ્ટ) મુંબઈ
- અમૃતભાઈ તકલશી શાહ, કચ્છ કપાયા, હાલ - માટુંગા
- ગુલાબાજી હિંદુજી નીબજીયા (કાલંદ્રીવાળા) હાલ - સતારા (M.S.)
- અંજનાબેન રાજેશભાઈ શાહ દાદર (ઈસ્ટ), મુંબઈ
- સવારની પાઠશાળાના વિદ્યાર્થીઓ (ઘાટકોપર-ઈસ્ટ)
- શ્રીમતી ભાવનાબેન જતીનભાઈ મોદી
- હેતાંશ માધાણી - જેહલ માધાણી (ગોરેગાંવ)
- મોર્નિંગ પાઠશાળા (MP6)ના વિદ્યાર્થીઓ, ગોકુળનગર-ભીવંડી
- શ્રી પૃથ્વીરાજજી સાગરમલજી સોલંકી હ. પુત્ર લલિત, દિલીપ, અનિલ-લુણાવા (રાજ.)
- પ્રભાતની પાઠશાળાના વિદ્યાર્થીઓ - મુલુંડ (વેસ્ટ)
- જ્યોતિબેન હર્ષદરાય શેઠ - અગીયાળીવાળા
- રામબાબુ શ્યામસુંદર ધૂત (ઘાટકોપર-ઈસ્ટ) હ. પ્રશાંત

राइ॥ नमो अरिहंताणं। श्री अरिहंत प्रति माहरु नमस्का
रु। नमो सिद्धाणं। श्री सिद्ध प्रति माहरु नमस्कार हु। नमो
आयरीआणं। श्री आचार्य प्रति माहरु नमस्कार हु। न
मो उवज्झायाणं। श्री उपाध्याय प्रति माहरु नमस्कार हु।
नमो लोए सव्व साहूणं॥ इणइ लोकइ मनुष्यक्षेत्र मांहि
। पनरइ कर्मभूमि मांहि। सर्व साधु प्रति। माहरु नम
स्कार हु। एसो पंच नमो क्कारो। ए पंच परमेष्ठि
प्रति। नमस्कार। सव्व हितकीउ इहउ। किसिउ करइ
। सव्व पाव प्पणासणो। सर्व पाप नउ फेडणहार। मंगला
णं च सव्वेसिं। सर्व मंगलीक मांहि मंगलीक। पढमं हवइ
मंगलं। प्रथम मंगलीक नुं कारण हुइ। ७। इच्छामि खमा
समणो। इच्छामि कहीइ वांछुं। हे क्षमाश्रमण। श्रमण क
हीइ कहीइ। रिषीश्वर। वंदीउं कहीइ वांदुं। जावणिज्जाय।



कहीइ। शरीर नी सक्ति करी नइ। निसही आय करइ तां। पाप व्यापार निषेध करी नइ। मत्थएण वंदामि
। कहीइ। मस्तकि करी नइ वांदुं। ८। इच्छकारि सुहराइ। कहीइ। हे भगवन सुहराई कहीइ। सु
खरात्रि। उ दिवस प्रति। सुखतप। कहीइ। हे भगवन तुम्ह नइ सुख इतप वइ। शरीर निराबाध।
कहीइ। तम्हारा शरीर नइ वइ बाध नइ। निराबाध पणुं छि। सुखसंयम जात्रा नरवहु छउ। हे भगवन
तम्हे सुखिइं। संयम यात्रा नरवहु छउ। ९। पंचिंदिय संवरणो। पांचिंद्रिंडी ना। संवर नार छि। पांचे
वइं स्रीतेंद्री। चक्षुइंद्री १ घ्राणइंद्री २ श्रोत्रइंद्री ३ जिह्वाइंद्री ४ शरीरइंद्री ५ ए पांचि
इंद्री ना संवर नार छइ। नवविह बंभचेर। गुत्तिधरो। नवविध ब्रह्मचर्य नी। गुप्ति क
हीइ वाडि। तेह ना धरणहार छइ। नवब्रह्मचर्य तणी। निसही कहीइ। नषेध। नसंदे
ह। कहीइ। संदेह नहीं। पकडई जिम याइ। स्त्री सुरुषे। शील वतीइं। बिस वतें नही। कुमंतर कही
इ। कुटिन असांतरइ। लीतनइ आंतरइ। रहिवं नहीं। स्वहुकी लिखिहि। कहीइ। प्रवली की
डा संसार की नहीं। ऊणइ बिसणइ। पकुरव वइस्तितिगाइ बइसणइ स्त्री बइसि नहीं। पुव्वमिआ
हार वित्थमणाइ। कहीइ। सरस। सुगंध। सुहाला आहार लेवा नहीं। आतां वस्त्र पहिरवां नहीं
पसु कहीइ। घोडउ। वृषभ नइ। तेहु तलि रहिवं नहीं। जिम सूर्य देषी नइ। इ छिसं वरीइ। ति

# જય શંખેશ્વર



શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



પૂજ્યશ્રીના હૃદયપ્રિય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાન

## દર્શનપ્રભાવક, શ્રુતસ્થવિર
## પૂજ્ય મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ !

એટલે

પ્રભુભક્તિ,

તીર્થયાત્રા,

ગુરુસેવા,

શિષ્યવાત્સલ્ય,

આગમસ્વાધ્યાય,

શાસ્ત્રરક્ષા,

સાધર્મિકભક્તિ,

જીવદયા...

જેવી અનેક ગુણનદીઓનો સરવાળો.

માટે જ

પ્રસ્તુત પુસ્તકનું નામ છે..... **શ્રુતસાગર**

KIRIT GRAPHICS-09898490091